ૐ

શંકા સમાધાન.

કર્તા,

પરબ્રહ્મનીષ્ટ વ્યાસજી વલ્લભરામ સુર્યરામ

ઠે. રાયપુર પખાલીની પોળ મુ. અમદાવાદ.

છપાવી-પ્રસિદ્ધ કરનાર

મહારાજશ્રીના મોક્ષમારગી શિષ્યો.

ભા. લાલભાઈ નરોતમદાસ ભરૂચ કતોપર બજાર.

પ. દાજીભાઈ જોરભાઈ દેત્રાલ જીલ્લે ભરૂચ.

ભ. આશારામ નરોતમદાસ ભરૂચ કતોપર સુતરીયાવાડ.

મી. ઉત્તમરામ ભાણાભાઈ નવસારી પોલીસ ગેટ પાસે.

આવૃત્તિ ૧ લી — પ્રત્ય ૧૦૦૦

સંવત ૧૯૭૦ — સને ૧૯૧૪

અમદાવાદ પાનકોરને નાકે શ્રી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણુપતરામે છાપ્યું.

કીંમત ચાર આના.

ॐ

શંકા-સમાધાન.

કર્તા પરબ્રહ્મનિષ્ટ

વ્યાસજી વલ્લભરામ સુર્યરામ

ઠે. અમદાવાદ રાયપુર પખાલીની પોળના

મહારાજશ્રીના સિધાન્તો.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મોક્ષમારગી.

પ. હાજીભાઇ જોરભાઇ ગામ દેત્રાલ તા. ભરૂચ.

ભા. લાલભાઇ નરોતમદાસ ભરૂચ, કતોપર બજાર.

ભ. આશારામ નરોતમદાસ ભરૂચ સુતરીયાવાડ.

મી. ઉતમરામ ભાણાભાઇ નવસારી ગેટ બજાર.

અમદાવાદ, પાનકોરને નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણુપતરામે છાપ્યું.

આવૃતી ૧ લી | પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦ | સને ૧૯૧૪

કીંમત રૂ. ૦—૪—૦

દોહરો.

વાંચો તે જન વાંચતાં, લેજો શબ્દ વિચાર;
નિતી ન્યાય વીવેકમાં, વ્હેવાર સંભરે સાર.

શ્રી વ્યાસજીનાં જ્ઞાન મારગનાં પુસ્તકો.

૧	ભાવાર્થ પ્રકાશ.	રૂ. ૧—૦—૦
૨	વિજ્ઞાન વલ્લભ.	રૂ. ૦—૩—૩
૩	ન્યાય વલ્લભ.	રૂ. ૦—૪—૦
૪	શંકા સમાધાન.	રૂ. ૦—૪—૦
૫	બ્રહ્મવાદ ખંડન.	રૂ. ૦—૧—૦
૬	વચન વલ્લભ.	રૂ. ૦—૪—૦
૭	વલ્લભ પદમાળા.	રૂ. ૦—૬—૦
૮	જ્ઞાન ગોષ્ટી.	રૂ. ૦—૦—૬
૯	ધર્મ ચાનક.	રૂ. ૦—૦—૬
૧૦	વય વિચાર.	રૂ. ૦—૦—૬
૧૧	ત્યાગ તારણ.	રૂ. ૦—૦—૬
૧૨	બ્રાહ્મણ સુદ્રનો સંવાદ.	રૂ. ૦—૧—૦

શ્રી વ્યાસજીનાં પુરાણોક્ત, ઇતિહાસીક ને બોધીક.

૧	ભારથ અઢારે પર્વ.	રૂ. ૩—૦—૦
૨	વલ્લભકૃત કાવ્ય.	રૂ. ૦—૬—૦
૩	વલ્લભકૃત બીજુ.	રૂ. ૦—૬—૦
૪	વલ્લભ નીતી	રૂ. ૦—૪—૦
૫	વિશ્વકરમા પુરાણ.	રૂ. ૧—૦—૦
૬	ભાવસાર પુરાણ.	રૂ. ૦—૨—૦

અનુક્રમણીકા.

ॐ

શંકા-સમાધાન.

અને

ન્યાયવલ્લભ.

શંકા ૧

શાસ્ત્ર પુરાણ સાચાંના પ્રમાણ વિશે.

સંવત ૧૯૬૩ ની સાલમાં પરબ્રહ્મનિષ્ટ વ્યાસજી માહારાજ વલ્લભરામ સુર્યરામ શેહેર ભરૂચમાં મોક્ષમારગી, નરોતમદાસ એહેચરદાસના મકાનમાં કેટલાક મોક્ષમારગી મનુષ્યોની સભા સહીત પોતે વિરાજેલા હતા. તેમનું ચંદન પુસ્પ વડે લોકોએ પુજન કરેલું હતું. તે સમે દસ વિશ નાસ્તીકોએ આવી વ્યાસજી માહારાજને એવો પ્રષ્ણ કર્યો કે હે માહારાજ શાસ્ત્ર પુરાણોને તમો જુઠાં માનો છો કે સાચાં ?

વ્યાસજી—વેદશાસ્ત્ર પુરાણ અને અનુભવી જ્ઞાનવાન પુરૂષોના મુખની વાણીથી થએલાં પુસ્તકો, તે સર્વને અમો તો સાચાં માનીએ છીએ.

નાસ્તીક—વેદને તો અમે પણ સાચા માનીએ છીએ. પણ શાસ્ત્ર પુરાણને અમે સાચાં માનતા નથી, કેમકે તે તો બ્રાહ્મણોએ રળીખાવા સારૂ ગજવામાંથી ગપોડાં કહાડયાં છે. તથાપી જો તમો સાચાં કેહેતા હો તો તે ? સાચાં છે એવું કોઈ પુસ્તકનું પ્રમાણ બતાવો છો ?

વ્યાસજી—વાહ વાહરે આર્ય બંધુ, તમારા જેવી શંકા લાવીને તમારા વચનને અમે સત્ય માનીએ તો વેદ પણ જુઠા છે, એમ થાય. કેમકે શાસ્ત્ર પુરાણને સાચાં ઠરાવવા તમોએ પુસ્તકનું પ્રમાણ માગ્યું ? તેવુંજ અમો તમારી પાસે માગીએ કે વેદ સાચાં છે એવું ઠરાવવા તમે કોઈ પુસ્તકનું પ્રમાણ બતાવો ? એટલે વેદ સાચા છે એવું લખેલું કોઈ પુસ્તક બતાવો. તે વેળા તમો શું કેહેશો ? ને શું પુસ્તક લાવી બતાવશો ?

નાસ્તીક—શાસ્ત્ર પુરાણ ઉપરથીજ વેદ સાચા છે, એવું સીદ્ધ થાય છે; તો પછી બીજાં કીયાં પુસ્તકનું પ્રમાણ માગો છો ? તમારા રૂશી મુનીજ શાસ્ત્ર પુરાણમાં વેદને કબુલ કરી ગયા છે, તો પછી બીજું શું પ્રમાણ જોઈએ છીએ ?

વ્યાસજી—અરે ભાઈ તમે તો એમ કહી ગયા છો કે બ્રાહ્મણોએ રળીખાવા માટે શાસ્ત્ર પુરાણો જુઠાં ઉભાં કર્યાં છે ને તે જુઠાં છે તો પછી તે જુઠાં પુસ્ત-

કોમાં કહેલું તે સાચું કેમ મનાય ? ને બ્રાહ્મણોએ રળીખાવા જુઠાં કરેલાં તેથી તેમનુ કહેલું સાચું મનાય નહી તેથી વેદ પણ જુઠા છે એમ થશે, માટે કહો હવે કેમ કરશો ? જો તમો શાસ્ત્ર પુરાણ ને રૂશી મુનીનાં રચેલાં કોઈ પણ પુસ્તકો વીનાનું પુસ્તક લાવી બતાવો તો વેદ સાચા મનાય ?

નાસ્તીક—એવું તો એકે પુસ્તક જાણવામાં નથી. પણ મને એવી શંકા રેહે છે કે જે શાસ્ત્ર પુરાણ અને મોહોટા પુરૂષોના મુખની વાણી જે જે કથેલી છે તેનું કોઈ પણ પુસ્તકનું પ્રમાણ હોવું જોઇએ. નહિ તો સર્વ પુસ્તક ગાલ-પુરાણ કેહેવાય, કેમકે કોઈ પણ પુસ્તકનું પ્રમાણ એટલે આધાર લીધા વીના જે પુસ્તક રચાએલાં હોય તે કપોળ કલપીત ગણાય. માટે કોઈ પણ પુસ્તકનો આધાર તો જોઇએજ.

વ્યાસજી—જુઓ ભાઈ કોઈ પણ પુસ્તકના આધાર વિનાના પુસ્તકોને કપોળ કલપીત માનશો તો વેદ પણ કપોળ કલપીત મનાશે. કેમકે પ્રથમ જયારે વેદ થયા હશે ત્યારે તે કીયા વેદના આધારે થયા હશે ? તેનો વિચાર કરો. નાનાભાઈ જ્ઞાનવાન મોહોટા પુરૂષની વાણીને કોઈ પુસ્તકનો આધાર હોયજ નહી કેમકે તેમની વાણી અનુભવ સિધ્ધ હોય છે. માટે તે નીરાધારજ હોય. જેમ વેદ નિરાધાર છે તેમજ શાસ્ત્ર પુરાણને મોહોટા પુરૂષોની વાણી તે સર્વ નિરાધા-રજ હોય છે. તથાપી તેનું કોઇ પ્રમાણ માગે તે અજ્ઞાન છે. ફકત અજ્ઞાની વિદ્વાનોનેજ પ્રમાણ જોઇએ, તે વિના અનુભવિ જ્ઞાનવાનોને પુસ્તકનાં પ્રમાણો જોઇતાં નથી. છતાં તમે પુસ્તકોનું પ્રમાણ માગો છો તે તમારૂં અજ્ઞાન છે. ફકત વેદ શાસ્ત્ર પુરાણ અને જ્ઞાનવાનના મુખની વાણીમાં એટલુંજ જોવું જોઇએ. કે તે વાણી ન્યાય નિતિ વિવેક ને વ્યવહારમાં અનુસરતી ને સંભવતી વાણી છે કે નહી, એટલુંજ જોવું જોઇએ. હવે કહો ભાઈ શાસ્ત્ર પુરાણને મોહોટા પુરૂષોની વાણીને માટે તમારે કોઈ પુસ્તકનું પ્રમાણ જોઇએ છીએ કે કેમ ? જો પ્રમાણ જોઈએ એમ કહેશો તો જે વેદને તમો સાચા માનો છો તેનું પ્રમાણ તમારે બીજા કોઈ પુસ્તકથી આપવું પડશે. જો તમે ન્યાયને સમજતા હો તો જેવી રીતે તમે પ્રમાણ માગો છો તેવિ રીતે તમારે પણ પ્રમાણ આપવું જોઈએ. અને પુસ્તકનું પ્રમાણ નહી આપો તો વેદ પણ જુઠા ગણાશે. જુઓ વેદ સાબીતીને સારૂ કોઇ પુસ્તક નહી મળે તો તેને પણ તમારે જુઠા માનવા જોઇએ. જો જુઠા નહી માનો તો તમો મીથ્યા મુમતથી અન્યાય ભરેલું બોલો છો એમ સીધ્ધ થશે. જો વેદને જુઠા માનશો તો તમે કેવળ નાસ્તીક છો એમ અમે માનીશું. કહો હવે આપને શું કહેવું છે ?

નાસ્તીક—હવે ન્યાય રીતે તો માહારે કેહેવાનું કાંઈજ રહ્યું નહી. કેમકે ન્યાય રીતે શાસ્ત્ર પુરાણનું પ્રમાણ અમે માગીએ છીએ તેવું વેદનું અમારે આપવું જોઈએજ.

વ્યાસજી—જુઓ ભાઈ પ્રથમ શાસ્ત્ર પુરાણના કર્તાએ કીયા શાસ્ત્રને કીયા પુરાણનું પ્રમાણ લેઇને શાસ્ત્રને પુરાણ કર્યા ? એમ શંકા કરીએ તો પ્રથમ વેદના કરતાએ કીયા વેદના આધારે ને કીયા વેદનાં પ્રમાણ લેઇને વેદ કર્યા

હશે ? વળી કોઈ પણ શાસ્ત્રને આધારે શાસ્ત્ર અને કોઈ પણ પુરાણને આધારે પુરાણ થયાં હોય તો કોઈ પણ વેદને આધારે વેદ થયેલા હોવા જોઈએ. ને વેદ નીરાધાર કહેશો તો આધાર વિનાનાં પુસ્તકને તમો માનતા નથી માટે વેદને તમારે માનવા યોગ્ય નથી. હે નાસ્તીક ભાઈ વેદશાસ્ત્ર ને પુરાણ એ મોહોટા પુરૂષોના મુખની વાણી છે તેથી તેને માનવા યોગ્ય છે. વળી તેમાં ભયાનક રૂચક ને યથાર્થ વચનો હોય તે સમજી લેવાં યોગ્ય છે. તેમ તેમાં જ્ઞાન વિનાના વિદ્વાનોનું ઉમેરણ હોય તે પણ જાણી લેવું જોઇએ. કારણકે જે વિષય ન્યાય નિતી વિવેક ને વ્યવહાર રહીત હોય તે વિશય અજ્ઞાની વિદ્વાનોનું ઉમેરણ સમજી તેટલો ભાગ વરજીત કરવો જોઈએ. એજ રીતે આગળ થઇ ગયેલા જ્ઞાનવાન અને અનુભવિયોની વાણી વેદ શાસ્ત્રને પુરાણ જેવીજ માનવી જોઈએ. તેમજ હાલના જ્ઞાનવાન અનુભવીયોની વાણી તે પણ તેવિજ જાણવી જોઇએ. જેમાં ન્યાય નિતી વિવેકને વ્યવહારમાં અનુસરતી વાત હોય તેનું પ્રમાણ માગવું તેજ અજ્ઞાન છે. અખંડાનંદકી જે.

શંકા બીજી.

બ્રાહ્મણો વટલાયા વિશે.

સંવત ૧૯૬૫ ની સાલમાં પરબ્રહ્મ નિષ્ઠ વ્યાસજી માહારાજ વલ્લભરામ સુચરામ શેહેર નવસારી વિષે પંચોળી સુથાર ઉત્તમરામ ભાણાભાઈ તથા કલાણભાઈ ભાણાભાઈ તથા કલાણભાઈ ભુલાભાઇના તેડાવવાથી માહારાજશ્રી નવસારી પધારેલા હતા, ત્યાં કેટલાક મનુષ્યોની સભા થએલી હતી. તે સમે એક બ્રાહ્મણે આવી એવો પ્રશ્ન કર્યો કે હે માહારાજ ક્ષત્રીનું જમેલું અન્ન બ્રાહ્મણ જમે તો તે બ્રાહ્મણ વટલાએલા ખરા કે નહી ?

વ્યાસજી—હા ભાઈ, ક્ષત્રીનું જમેલું અન્ન બ્રાહ્મણ જમે તે બ્રાહ્મણ વટલેલાજ જાણવા.

નાસ્તિક—વારૂ માહાજ આપનું બોલેલું વચન આપ યાદ રાખજો. હવે હું એમ પ્રુછુ છું કે રામચંદ્ર અને શ્રી કૃષ્ણ તે શી વરણના હતા તે કહેશો ?

વ્યાસજી--હા ભાઈ વસુદેવના પુત્ર શ્રી કૃષ્ણ અને દશરથના પુત્ર શ્રી રામ એ બેઉ ક્ષત્રી વરણ હતા.

નાસ્તિક--હે માહારાજ હાલ જયાં જયાં રામ કૃષ્ણનાં મંદિરો હોય છે ત્યાં રામકૃષ્ણને રાંધેલી રસોઈનો થાળ આરોગાવીને તે થાળનું અન્ન બ્રાહ્મણ જમે છે તેથી તે બ્રાહ્મણો વટલેલા ખરા કે નહી ?

વ્યાસજી--જુઓ ભાઈ હાલમાં જે જે મંદીરોમાં રામકૃષ્ણ છે, તે મંદીરોમાં રામકૃષ્ણની આગળ થાળ ધરાવે છે, તે રામકૃષ્ણને તમો રામકૃષ્ણ માનો છો કે કેમ ?

નાસ્તિક—ના મહારાજ, તે મુર્તિઓને અમે તો પથ્થર માનીએ છીએ.

વ્યાસજી—જુઓ ભાઇ અમે બ્રાહ્મણો પત્થરના ખાંણીઆમાં ખાંડેલો લાડુ ખા-

ઇએ છીએ તેથી અમે વટલાતા નથી તેમ તેથી તમે પણ અમને વટલેલા માનતા નથી. તો જે રામકૃષ્ણની મુર્તિને તમે પત્થર માનો છો તે પત્થર આગળ મુકેલી થાળ બ્રાહ્મણો જમે તેથી તેને વટલેલા કેમ કેહેવાય ? જો તમે તે મુર્તિઓને સાક્ષાત રામકૃષ્ણ માનતા હો તો તેનું આરોગેલું બ્રાહ્મણ આરોગે ત્યારે તો વટલેલા ખરા; પણ તમે તો તેને પત્થર માનો છો તો પછી બ્રાહ્મણને વટલેલા શી રીતે કહો છો ? વળી એમ પુછીએ છીએ કે જેને તમે પત્થરની મુર્તિયો માનો છો તે પત્થરની મુર્તિયો થાળમાંથી ખાતી હશે કે નહિ ?

નાસ્તિક—ના, પત્થરની મુર્તિઓ ખાય નહીં.

વ્યાસજી—જુઓ ભાઇ તમારા કેહેવા પ્રમાણે મંદીરોમાં રામકૃષ્ણની મુર્તિઓ છે તે રામકૃષ્ણ નથી. અને તે પથરા છે તેમ તે પથરાની મુર્તિઓ ખાતી નથી, તો તે મુર્તિયોને મુકેલી થાળ બ્રાહ્મણ જમે તેથી બ્રાહ્મણ વટલ્યા કેહેવાય?

નાસ્તિક—ના માહારાજ,

વ્યાસજી—તમારા મોહોથીજ તમે કબુલ કરો છો કે વટલાય નહી. ત્યારે તમારી શંકા ખોટીજ છે. તેમ તમારો પ્રશ્ન રેહેતોજ નથી. માટે વગર સમજ્યું પ્રશ્ન આજ પછી કોઇને કરશો નહી. અખન્ડાનંદકી જે.

શંકા ત્રીજી.

થાળમાં તુળશી મુકવા વિષે.

સંવત ૧૯૬૫ માં મહારાજશ્રી વ્યાસજી વલ્લભરામ ગામ દેત્રાલ વિશે પટેલ હીરાભાઈ મીઠાભાઈ તથા પા. હરીભાઈ કરસનદાસ તથા દરૂભાઈ મીઠાભાઈ તથા છીતાભાઇ ભાંખાભાઈ તથા છોટાભાઇ મીઠાભાઈ તથા નરોતમદાસ જોરભાઈએ મહારા[illegible] બ્રહ્માનંદ કરવા તેડાવ્યા હતા. ત્યાં હીરા પટેલને ઘેર ઉત્તમ આસન [illegible] વિરાજેલા ત્યાં આખા ગામના પાટીદાર મોક્ષમાર્ગી જીવો માહારાજની આગળ માહારાજનું ચંદન પુષ્પવડે પુજન કરી બેઠેલા તે સમે પટેલ દાજીભાઈ જોરભાઇએ પ્રશ્ન પુછયો કે હે કૃપાનીધિ, ઠાકોરજીને ધરાવવા સારૂ લોકો રાંધી રસોઇની થાળ રસોડામાં પુરે છે ને તે થાળમાં તુળશી મુકે છે, તે પછી થાળ લેઈ જઇને ઠાકોરજીને ધરાવે છે. તેમાં માહારી એવી શંકા છે કે તુળશી જે વ્રંદા જાળંધરની સ્ત્રી હતી તે તુળશીને એટલે તે વ્રંદા સ્ત્રીને પહેલી થાળમાં મુકવાથી તે સ્ત્રી પેહેલી આરોગી ચુકે છે. પછી તે ઉચ્છીષ્ટ થાળ ઠાકોરજીને સહુ ધરાવે છે. તે સ્ત્રીનું ઉચ્છીષ્ટ ઠાકોરજી કેમ આરોગતા હશે ? ને આરોગે તો અયોગ્ય કર્યું ગણાય કે નહિ ? આનો ઉત્તર કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઈ સત્સંગ વિનાના અજ્ઞાનની ભકતોનું કર્તવ્ય એવું હોય છે. પણ જેણે સત્સંગ કરી જ્ઞાન મેળવ્યું હોય છે તે એવું કરે નહિ.

દાજીભાઇ—વારૂ માહારાજ ત્યારે કેવું કરવું જોઇએ ? જુઓ કે તુળશી દળ વિના ઠાકોરજી કાંઇ પણ અંગીકાર કરતા નથી. તો પછી કેમ કરવું ?

વ્યાસજી-પ્રથમ થાળ પુરીને ઠાકોરજીની આગળ મુકવી તે પછી તુળશી કે તુળ-

શીહળ એટલે તુળશીનું પત્ર થાળની બહાર થાળની પાસે શુધ્ધ જગામાં કે શુધ્ધ પાટલા ઉપર મુકવું. પણ થાળમાં મુકવું નહિ. તેમ કરતાં પણ સુર્લભ એ છે કે ઠાકોરજીની શેવા કરીને તુળશી દળ પ્રથમથીજ ઠાકોરજી પાસે મુકી દેવું. તે પછી થાળ એઉના સમક્ષ લાવીને મુકવી. એ રીતે વિવેકથી કામ કરવું. એટલે બાધ લાગે નહિ. એ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ચોથી.

તુળશી ખાવા વિષે.

ગામ ત્રાલસીના મોક્ષમાર્ગી, પટેલ ભાઇજીભાઇ હાથીભાઇએ પ્રશ્ન પુછયો કે અહો માહારાજ તુળશી છે તે માહા પવિત્ર વસ્તુ છે. તેને ભગવાનના ભક્ત લોક બચડ બચડ ચાવી ખાય છે. તે તુળશી ખાનારના પેટમાં જઈ વિષ્ટા સાથે વિષ્ટારૂપ થાય છે. તેથી એવી શંકા ઉઠે છે કે તુળશી સરીખી પવિત્ર વસ્તુને વિષ્ટાદ્વારાએ નર્કના ભેગી કરી કાઢવી એટલે તે પવિત્ર તુળશીને અપવિત્ર કરવી તેનો દોષ ખરો કે નહિ ?

વ્યાસજી—હા ભાઇ ઘણોજ દોષ છે. પણ જો તે તુળશી ઓષધીના ભાવ-ઓષધીમાં લે તેનો દોષ નથી. પણ જે ધર્મના નિમિતે ખાય છે તેને મહા પાપ લાગે છે. દેહમાં તુળશીનો સ્પર્શ થવાથી આપણો દેહ પવિત્ર થાય છે. એમ માનીએ છીએ પણ તે તુળશી તો અપવિત્ર થાય છે તેમાં ભુલ નહિ. અને તે પવિત્રને અપવિત્ર કરવી તેનો મહા દોષ છે.

ભાઇજીભાઈ—અરે મહારાજ આપ એમ કહી ગયા કે દેહમાં તુળશી સ્પર્શ થવાથી દેહ પવિત્ર થાય છે. પણ તુળશી અપવિત્ર થવાથી, પવિત્ર વસ્તુને અપવિત્ર કર્યાનો મહા દોષ લાગે છે. એ આપે કહ્યું તે ન્યાય રીતે જોતાં ખરૂં છે. તથાપિ દેહ પવિત્ર કરવાને શું કરવું તે કૃપા કરીને કહો.

વ્યાસજી—તુળશી દળ ઉપર જળ રેડીને અથવા જળમાં તુળશી નાંખીને તે જળનું આચમન લેવું, પણ તુળશી ખાવી નહિ. એ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા પાંચમી.

જગતમાં કોઇ સતી નથી તે વિષે.

સંવત ૧૯૬૫માં હું વ્યાસજી મગનલાલ દયારામ વ્યાસજી વલ્લભરામની શેવામાં ગામ પરગામ જયાં જયાં માહારાજ શ્રી જાય ત્યાં બનતા સુધી હું જાઉછું. તેજ રીતે ગામ કલોલ આગગાડીમાં બેશી અમો ગુરૂ શીષ્યજતા હતા. તેવામાં તેજ ગાડીમાં બેઠેલા કોઈ સિદ્ધપુરના વકીલ તથા તેમની સાથે ઘણું કરીને મેસાણાના સેક્રેટરી બેઠેલા હતા તેમાંથી તે બેઉમાં એવી વાત ચાલી કે જગતમાં કોઈ સતી છેજ નહિ. એટલે સેક્રેટરીએ કહ્યું કે તરછટ એમ તો હોય નહિ. ત્યારે વકીલે કહ્યું જો કોઈ મને એકજ સતી બતાવે તેને હું રૂપીયા સોનું ઇનામ આપું. એટલે એક સુરતના

ગારજી ગાડીમાં બેઠેલા હતા. તેણે કહ્યું કે જુઓ અહલ્યા, તારા, દ્રુપતિ, સીતા, મંદોદરી, આ સતીયો કેહેવાઇ તે શું સતીયો નહિ? ત્યારે વકીલ બોલ્યા નાના જુઓ અહલ્યા સતી હોય તો ઇંદ્રને ઘરમાં કેમ ઘાલ્યો હતો, ને પોતાના પતિનો શ્રાપ કેમ પામી હતી? વળી દ્રુપતિ સતિ કેહેવાય નહિ, કેમકે એણે ઉઘાડે છોગે પાંચ પતિ કર્યા હતા. તારાએ ને મંદોદરીયે દીયરોની સાથે દીયરવટાં કર્યાં હતાં. સીતા રાવણને ત્યાં રહ્યાં ને વળી માથે કલંક આવ્યું તેથી રામચંદ્રે ત્યાગ કર્યા હતાં એ રીતે જોતાં કોઈ પણ સતિ નથી. વળી ભર્તુહરિની નારી પીંગળા જેને ખાન, પાન, ધન, માલ, રાજપાટ અને મહા રૂપવાન રાજા પોતાનો પતિ હતો છતાં અશ્વપાળની સાથે હળી હતી તો ગરીબ ગુરબાની સ્ત્રીઓ સતીઓ હોય તે સંભવતું નથી માટે જગતમાં કોઇ પણ સતિ છેજ નહિ. એટલે જોડે એક પાટીદાર, વૃદ્ધ માણસ બેઠેલા હતા તેણે કહ્યું કે અરે વકીલ સાહેબ તરછટ એમ હોય નહિ જો એમ હોય તો પૃથ્વી રહેજ નહિ, કોઈ પણ સ્ત્રીયો સતિ હશેજ અને તેવીજ સતિયોના પુન્યેજ આ પૃથ્વી ધારણ રહી છે. માટે કોઈ પણ સતિ નથી એમ કહેશો નહિ. એટલે વકીલ સાહેબ બોલ્યા કે વધારે તો નહિ પણ એક બે સતિ બતાવો તો રૂપીયા સો આપું. આ રીતે ઘણી સુમતા સુમતી ચાલી, ત્યારે મહા કંટાળીને પરબ્રહ્મનીષ્ઠ શ્રી વ્યાસજી વલ્લભરામ બોલ્યા અરે વકીલ સાહેબ તમે કહો છો કે એક બે સતિ કોઈ બતાવો તો સો રૂપીયા ઇનામ આપું, તો અમો તમોને એક બે તો શું પણ હાલને હાલ બે ચાર સતિયો બતાવિયે અને તે આપ કબુલ કરો તો પછી સો રૂપીયા તો નહિ પણ ૧૦ રૂપીયા આપશો? વકીલ સાહેબ કહે કબુલ કબુલ બતાવો. વ્યાસજી બોલ્યા ૧૦ રૂપીયા ન આપો તો એક રૂપીયો તો આપશો? વકીલ સાહેબ કહે હા હા બતાવો. વ્યાસજી બોલ્યા જુઓ વકીલ સાહેબ એકતો સતિ તમારી જનેતા, બીજી તમારી દીકરી ત્રીજી તમારી બેન; કહો હવે તમારે કેટલી સતિયો જોવી છે? બોલો તે સતિયો ખરી કે નહિ. એવાં વ્યાસજીનાં વચન સાંભળી વકીલ સાહેબે કાંઈ જવાબ આપ્યો નહિ, ત્યારે વ્યાસજી મહારાજે કહ્યું તમે જે એક રૂપીઓ આપવાનો કહ્યો છે તે અમારે જોઇતો નથી પણ ગમે ત્યાં ધરમાદા વાપરી દેજો એટલે વકીલની સાથે બેઠેલા સેક્રેટરી સાહેબે વકીલ સાહેબને કહ્યું કે વકીલ સાહેબ આજ તમારી વકીલાત કયાં મુઈ ગઈ? તો પણ વકીલ સાહેબ બોલ્યા નહી. પછી ગાડીમાં બેઠેલા તમામ લોકોએ ખુશી થઈ માહારાજને નમસ્કાર કર્યા. અખન્ડાનંદકી જે.

શંકા ૬ ઠી.

છપન કરોડ જાદવ વિષે.

સંવત ૧૯૬૬ ની સાલમાં પરબ્રહ્મનીષ્ટ માહારાજ શ્રી વ્યાસજી વલ્લભરામ, ગામ વરસોડામાં મોક્ષમારગી કવિ પ્રહ્લાદજી દલસુખરામને ઘેર પધારેલા ત્યાં સોની જગજીવન ઉરફે જુગલભાઇ જેઠારામે માહારાજશ્રીને પ્રશ્ન કર્યો. અહો માહારાજ આ આખા હીન્દુસ્થાનમાં અડાવીશ કે ત્રીસ કરોડ મનુષ્યની વસ્તીની ગણતરી થએલી છે. તો બ્રાહ્મણો કથા વારતામાં એમ કેહે છે કે દ્વારી-

કામાં છપનકોટી એટલે છપન કરોડ જાદવ હતા. માટે પુછું છું કે એક નાહાનું સરખું ગામ દ્વારીકાં તેમાં છપન કરોડ જાદવનો સમાસ થયો શી રીતે. આ વાત તદન ખોટી ને જુઠી લાગે છે માટે આ વિષે ઉત્તર આપવા કૃપા કરો.

વ્યાસજી—તમો એ શંકાથી પ્રશ્ન કર્યો તે કરવા યોગ્ય છે. પણ તમારો પ્રશ્ન અધુરો છે તે અમો પુરો કરીને પછી તેનો ઉત્તર કરીશું. પણ તમારા પ્રશ્નને અમે ટેકો આપીને તમારો પ્રશ્ન મજબુત કરી આપીએ તે સાંભળો. એમ કહી માહારાજશ્રી બોલ્યા, જુઓ ભાઇ એક નાહાનું સરખું ગામ દ્વારીકાં તેમાં છપનકોટી એટલે છપન કરોડ જાદવ હતા, તે સરવે કાંઇ કુંઆરા નોહોતા તેથી છપન કરોડની છપન કરોડ સ્ત્રીયો પણ હશે, એટલે સ્ત્રી પુરૂષો થઈને એક અબજ ને બાર કરોડની વસ્તી થઈ. વળી તે જાદવોને કોઇને એક છોકરૂં કોઇને ચાર છોકરાં ને કોઈ વાંઝીયાં પણ હશે. પણ સરેરાસ એક એક છોકરૂં ગણીએ તો છપન કરોડ છોકરાં થયાં. એટલે એક અબજ ને અડસઠ કરોડની વસ્તી થઇ. તે છોકરાંમાંથી અડધા પડધા તો દીકરા હશે તેમાંથી અડધા પડધા તો પરણેલા હશેજ, તો તેની ચઉદ કરોડ સ્ત્રીઓ થઇ એટલે એકઃઅબજ ને બ્યાસી કરોડની વસ્તી થઈ. તેમ કોઇને ત્યાં દુધ ખાવા ગાય ભેંશ એવાં વધારે નહી તો વસ્તીના પ્રમાણમાં દશ કરોડ તો પશુ હશે, વળી તેને પાંચ કરોડ વાંછડાંએ હશે? એ રીતે ગણતાં અને શ્રી કૃષ્ણની સોળ હજાર એકસોને આઠ સ્ત્રીયો તથા એક લાખ સાઠ હજારને એકાશી છોકરાં એમ તેમ ગણતાં બે અજબની વસ્તી થાય. તેનો દ્વારીકામાં સમાસ થયો સંભવતો નથી. આ વારતા સાંભળી સરવે સભાના મનુસ્યો હસવા લાગ્યા કે આ વાત ખરી છે. આટલા બધાંનો સમાસ દ્વારીકામાં થાય નહી. પછી મોક્ષમારગી જાની નારણભાઇ રવિદતે માહારાજશ્રીને કહ્યું હે માહારાજ આ શંકાને આપ વિના કોઇ નિવર્ત કરે એમ નથી માટે આપ એ શંકાનો ઉત્તર કરો. એટલે માહારાજશ્રી બોલ્યા જુઓ ભાઇ દ્વારીકામાં છપન કોટી જાદવ હતા, તે વાત ખરી છે. પણ આ ઠેકાણે કોટી શબ્દનો અર્થ કરોડ કર્યો છે તે અર્થ કરનારે સમજ્યા વિનાનો કર્યો છે. તે ખોટો છે. ને ખરો અર્થ તો કોટી એટલે કુળ છે. ને કુળ એટલે એક એક કુટુંબનો જથો જેમ જીવ કોટી દેવ કોટી એ શબ્દ વપરાય છે તે જથાનો શબ્દ છે. તેમ છપન કોટી એટલે છપન કુળના ક્ષત્રીયોની વસ્તી દ્વારીકામાં હતી. એટલે કોઈ કુળના પચાસ મનુષ ને કોઈ કુળના સો કોઈ કુળના દશ કોઈ કુળના બસો એ રીતે છપન કુળના જાદવોની વસ્તી દ્વારીકામાં હતી તે છપન કુળને કોટી શબ્દ વાપરેલો છે. તે કોટી શબ્દનો અર્થ અજ્ઞાન વિદ્વાનોએ કરોડ એવો કર્યો છે પણ કોટી એટલે એક એક કુટુંબ, એટલે એક એક બાપનો પરીવાર તેને કુટુંબ અથવા કુળ કેહેવાય, કુટુંબ અથવા કુળ તેનું નામ કોટી છે. એ રીતે છપન કોટી જાદવ હતા એટલે છપન કુળના જાદવ હતા. તેને છપન કોટી જાદવ કહે છે. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૭ મી

ટીલક કે ચાંલ્લા કરવા વિશે.

સંવત ૧૯૬૬ ના ફાગણ વદમાં ભરૂચ નીવાશી મોક્ષમારગી દલાલ ભીખાભાઇ જીવણદાસને ઘેર પરબ્રહ્મનીષ્ટ વ્યાસજી માહારાજ વલ્લભરામજી પધારેલા તે સમે મોક્ષમારગી મનુષો ઘણા બેઠા હતા. તેમાં છેલ્લા ભગત આશારામ નરોતમદાસ માહારાજને પુષ્પનો હાર પહેરાવી બેઠા તે સમે એક નાસ્તીકે આવી માહારાજશ્રીને પ્રષ્ણ કર્યો કે હે માહારાજ હાલમાં ઘણાક મનુષો ધર્માસ્તીકપણુ રૂખાડવા પોતાના કપાળમાં ટીલાં ટપકાં ને ચાંલ્લા કરે છે, એ ચીત્રામણો ચીતરવાં તે શું વ્યાજબી છે ?

વ્યાસજી કેહે છે હા ભાઇ વ્યાજબી છે.

નાસ્તીક—જુઓ માહારાજ વ્યાજબી છે, એમ કોહો છો તો તે ટીલાં ટપકા ને ચાંલ્લા કરવાનું કીયા વેદમાં કહ્યુ છે. તે કાંઇ બતાવશો ?

વ્યાસજી—અરે ભાઈ વેદમાં જેને જેને જેવું જેવું કરવાનું કહ્યું હોય તેને તેને તેવું તેવુંજ કરવું ને વેદમાં જે કાંઈ કહ્યું ન હોય તે નજ કરવું.

નાસ્તીક—ના જુઓ માહારાજ વેદમાં જે કહેલું ન હોય છે નજ કરવું વેદમાં જે કરવાનું કહ્યું નથી છતાં કરે તે પાપી છે.

વ્યાસજી—જુઓ ભાઈ આ તમારા પ્રષ્ણનો ઉત્તર કરીએ તેમાં ખોટું લગાડશો નહી. કેમકે, જેવો રોગ તેવી દવા તેમજ જેવો પ્રષ્ણ તેવો ઉત્તર દેવો પડે છે. માટે ન્યાયથી તમારી પાસે કબુલ કરાવવા તમને પુછીએ છીએ કે,વેદમાં ધોતીયાં પોતીયાં પહેરવાનું કીયે ઠેકાણે લખ્યુંછે કે કહ્યુ છે તે કહેશો? જો વેદમાં ફલાણે ઠેકાણે લખ્યું છે અથવા કહ્યું છે એમ તમે નહી બતાવો તો તમે વેદ વિરૂધ્ધ કામ કરો છો એમ થશે. ને વેદમાં પોતીયાં ધોતીયાં પહેરવાનું લખેલું ન હોય છતાં તમે પોતીયાં ધોતીયાં પેહેરો તો તમે પાપીજ છો. કેમકે તમે એમ કહી ગયા છો કે વેદમાં જે ન કહ્યુ હોય તે નજ કરવું. છતાં તમો પોતીયાં પેહેરો છો તે તમે વેદ વિરોધી ને માહા પાપી ખરા કે નહિ? એવાં વ્યાસજીનાં વચન સાંભળી નાસ્તીક ભાઈ ચુપ થઈ ગયા. પછી માહારાજશ્રીએ સર્વ સભાને કહ્યું જુઓ ભાઇ વેદ છે તે ઇશ્વરના કરેલા છે, તેમજ ન્યાય નિતી ને વિવેક તે સંસારના વ્યવહારને માટે માહાન પુરૂષોનાં કરેલાં છે. માટે વેદનું કેહેવું ને માહાન પુરૂષોનું કેહેવું માનવા યોગ્ય છે. જુઓ કે વેદ તો ફક્ત અનાદી જે સત્ય સત્ચીદાનંદ તેનુંજ વરણન વરણવેલું છે અને માહાન પુરૂષોએ આ જે અસત્ય પિન્ડ બ્રહ્માન્ડાદી છે તે અસત્ય સંસારના વેહેવારમાં સત્ય રીતે વરતવા સારૂ ન્યાય નિતી ને વિવેકની જે જે ક્રીયા છે તે બતાવિ છે. માટે તે કરવિ. જુઓ કે જે સ્ત્રી રંડએલી એટલે ધણી વિનાની છે તેને કપાળે ચાંલ્લો હોતો નથી, તેમ તેનાથી કરાતો નથી, કેમકે તે નીધણીયા છે. તેમ આપણા જે મનુષને ધર્મ સમંધમાં ઇશ્વર ધણી નથી તેનજ કપાળે ચાંલ્લો નહી હોય માટે આપણુ હિંદુ ધર્માસ્તીકોએ ટીલક ચાંલ્લા કરવા તે સીદ્ધ છે. અર્ખડાનંદકી જે.

શંકા ૮ મી
જાતી ધર્મ વિષે.

સંવત ૧૯૬૬ માં નવસારી પાસે ગામ ખડસુપામાં પટેલ ભીખાભાઈ ઉકાભાઈ તથા મણીલાલ ગોવીંદજી, મોરારજી ઉકાભાઈ તથા પટેલ જીવણભાઈ તથા લાલજી માહારાજશ્રીને લેઈ ગયા હતા. ત્યાં મતીયા ઉર્ફે હઠીયાનો એટલે કબ્બર વિગેરે પુંજવાનો ધર્મ હિંદુ વરણ પાટીદારોમાં ચાલે છે. તે લોકો માહારાજશ્રીના પધારવાથી માહારાજ પાસે જઈ ધર્મ ચરચા કરવા બેઠા. એવામાં એક મતીયા પાટીદારે મહારાજશ્રીને પ્રશ્ન કર્યો કે હે મહારાજ મુસલમાની ધર્મ અને હિંદુ ધર્મ કાંઈ જુદા હશે ? તે સમે માહારાજશ્રી હશીને બોલ્યા જુઓ ભાઈ ધર્મ માત્રમાં ઈશ્વરનો સબંધ છે. તે ઈશ્વર તો કોઇનો જુદો નથી.પણ ધર્મ સબંધી રીતીયો જુદી છે તેથી હિંદુ જાતીએ હિંદુ ધર્મની રીતિ પાળવી ને મુસલમાનોએ મુસલમાનના ધર્મની રીતી પાળવી, તેજ વ્યાજબી છે. એટલે મતીયા ધર્મવાળો કહે છે અરે માહારાજ મુસલમાનની રીતમાં ને હિંદુની રીતમાં કાંઈ ફેર નથી. જુઓ કે હિંદુમાં ચોવિસ અવતારને માન્યા છે. તેમ મુસલમાનોમાં ચોવીશ પેગંબરને માન્યા છે. જેમ હિંદુમાં શ્રાધ કરે છે તેમ મુસલમાનમાં ફાતીયા કરે છે. એ રીતે જોતાં રીતીમાં કાંઇજ ફેર નથી. છતાં તમો ફેર જાણતા હો તો બતાવો.

વ્યાસજી—જુઓ ભાઈ ઈશ્વર સ્મર્ણ કરતા હિંદુ પુર્વાભી મુખે બેસે ને મુસલમાન પશ્ચીમને મુખે બેસે. હિંદુ અંગરખાનું બોરીયું જમણી તરફ ઘાલે ને મુસલમાન ડાબી તરફ ઘાલે. હિંદુ લોક ઈશ્વર સ્મર્ણ કરતાં પલાંઠી વાળે ને મુસલમાન ઉંધા પગ ઘાલે. એ પ્રમાણે રીતોમાં ઘણો ઘણો ફેર છે. માટે હિંદુમાં અવતાર ધારણ કરીને મુસલમાની ધર્મ પાળે ને મુસલમાનમાં અવતાર ધારણ કરીને હિંદુ ધર્મ પાળે તે બેઉ ધર્મ ભ્રષ્ટ થયા જાણવા. માટે સરવે મનુષે જે જે જાતીમાં અવતાર ધારણ કર્યો હોય તેણે પોતપોતાની જાતીનાંજ ધર્મમાં રહેવું. તેજ ધર્મવાન છે. અખન્ડાનંદકી જે.

શંકા ૯ મી
શીબલગ્નમાં ગણુપતી સ્થાપન વિશે.

વડનગરમાં પટેલ છગનલાલ જોધતારામે તથા પટેલ લીલાચંદ [illegible] માહારાજશ્રી વ્યાસજી વલ્લભરામને બ્રહ્માનંદનું જ્ઞાન લેવા તેડયા હતા ત્યાં ચંદન પુષ્પ વડે માહારાજનું પુજન કરી ઘણા માણસની સભા ભરાઇ બેઠી હતી. તે સમે લાલદા રામજીએ એવો પ્રશ્ન કર્યો કે અહો માહારાજ જગતમાં જ્યાં જ્યાં હિંદુ લગ્ન થાય છે ત્યાં પ્રથમ ગણપતીનું સ્થાપન થાય છે. તે વિના લગ્ન થતું નથી. માટે પુછું છું કે માહાદેવજી જે ગણપતીના પીતા તેમનું લગ્ન થયું હશે ત્યારે કીયા ગણપતીનું સ્થાપન કર્યું હશે ? જુઓ કે ગણપતી તો માહાદેવના પુત્ર છે માટે મહાદેવ ને પાર્વતી પરણ્યા વિના કાંઈ ગણપતીનો જન્મ થયો નહી હોય માટે મહાદેવને પાર્વતી પરણ્યાં તે વખત કીયા ગણપતિનું સ્થાપન કર્યું હતું ?

વ્યાસજી—જુઓ ભાઇ મહાદેવજીનું ને પાર્વતિનું લગ્ન થયું ત્યારે ને અત્યારે ઇશ્વર કોટીમાં ગણપતીનું સ્થાપન થતું નથી. એતો ગુણ પતિનું સ્થાપન થાય છે. અને માહાદેવજીના પુત્ર જે ગણપતિ તેમનું જીવકોટીમાં સ્થાપન થાય છે.

જીજ્ઞાસુ—હે માહારાજ ઇશ્વર કોટી તે શું ? જીવકોટી તે શું ?

વ્યાસજી—સુર્યથી માંડીને બ્રહ્મા વિષ્ણુ શીવ અને શક્તિ સુધી ઈશ્વર કોટી કેહેવાય. અને સ્વર્ગના દેવોથી માંડીને મનુષ પશુપક્ષી કીટ પતંગ સુધી જીવ કોટી કેહેવાય. તે જીવકોટી મનુષોમાં ને સ્વર્ગના દેવોમાં પણ ગણપતિ ઉત્પન્ન થયા પેહેલાં ને ગણપતિને માહાદેવજીએ વરદાન આપ્યા પેહેલાં તો સર્વમાં શુભ કાર્યે ગુણપતિનું સ્થાપન થતું હતું. ને ગણપતી થયા પછી ને ગણપતીને માહાદેવજીએ વરદાન આપ્યા પછી જીવકોટીમાં ગણપતીનું સ્થાપન થાય છે. પણ ઈશ્વર કોટીમાં તો હજી સુધી ગુણપતિનું સ્થાપન થાય છે.

જીજ્ઞાસુ—હે માહારાજ તમો ગુણપતિ કોને કોહો છો ?

વ્યાસજી—માયાવશીષ્ટ જે અક્ષરધામી બ્રહ્મ તે મુળ માયાના જે રજો, તમો ને સત્વ એ ત્રણ ગુણના પતિ તે પ્રકૃતી પુરૂષનું નામ ગુણપતિ છે. અને માહાદેવજીના જે પુત્ર છે તેતો ગણપતી છે. કેમકે માહાદેવજીના જે ગણ છે તેનું ઉપરીપણું પાર્વતીએ ગણપતીને સોંપ્યું તેથી તેમનું નામ ગણપતિ છે. એ રીતે જીવકોટીમાં ગણપતીનું ને ઈશ્વર કોટીમાં ગુણપતિનું સ્થાપન થાય છે. તે ગણપતી ને ગુણપતીએ બે શબ્દમાંજ અજ્ઞાની વિદ્વાનો સમજતા નથી માટે સર્વ ઠેકાણે ગણપતી શબ્દ વાપરે છે. તેથી અજ્ઞાની લોકો સર્વ સ્થળે ગણપતિને સમજે છે, માટે એમ સમજશો નહી ને માહાદેવજીના લગ્નમાં ગુણપતીનું સ્થાપન થયું હતું એમ સમજજો એ તમારા પ્રષ્ણનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૧૦ મી.

દસદ્વાર વિશે પ્રષ્ણ.

સુરત જીલ્લે ગામ ઓરાદમાં ઠાકોર કેસુરભાઇ દાજીભાઇ તથા અનોપભાઈ પ્રતાપસીંહે માહારાજશ્રીને બ્રહ્માનંદ સારૂ તેડયા હતા. ત્યાં ઘણા ગામોના મનુષ્યોની સભા થઈ હતી. તે સભામાં એક બ્રાહ્મણ જે જોતીશ વિદ્યા જાણતા હતા તેમણે માહારાજશ્રી વ્યાસજીને પ્રષ્ણ પુછયો કે હે માહારાજ સર્વ જીવોને દસદ્વાર હશે કે ઓછા વત્તી હશે ?

વ્યાસજી—અરે જોશી માહારાજ દસદ્વારજ હોય એમ નિરણ નથી. કોઇને દસ હોય. કોઇને તેર હોય કોઇને પંદર હોય કોઇને વીસ હોય એ રીતે હોય છે માટે તેનો નીરણય નથી.

જોશી—અરે વ્યાસજી માહારાજ દસજ દ્વાર હોય, ઓછાવત્તી હોય નહી.

વ્યાસજી—અરે જોશીબાવા આપ જે દસદ્વાર કોહો છો તે ગણી બતાવશો ?

જોશી—બે દ્વાર બે કાન, બે દ્વાર બે નેત્ર, બે દ્વાર એક નાશીકાનાં બે બા-

કોશાં એ છ, અને એક મોઢું એ સાત ને એક ગુદા એ આઠ ને એક લઘુશંકા એ નવ ને એક મુસ્તકની જે ખોપરી તેનો ઉપરનો ભાગ જે બ્રહ્માન્ડ કેહેવાય છે તે દસ એ રીતે દસદ્વારજ સર્વને હોય છે.

વ્યાસજી—જુઓ જોશી માહારાજ આપની ઘણીજ ભુલ છે. દ્વાર તો કોને કેહેવાય કે દ્રષ્ટીએ પડે તેવા પદાર્થનો જેમાં પેહાર નેહાર હોય તેને કેહેવાય અથવા એકલો પેહાર કે એકલો નેહાર હોય તો પણ તે દ્વાર કેહેવાય. પણ જે તમે મુસ્તકની ખોપરીને બ્રહ્માન્ડ કહી તેને જે દ્વાર કોહો છો તે ખોટું છે. જુઓ કે મુસ્તકની ખોપરીમાં દ્રષ્ટ પદાર્થનો કાંઈજ પેહાર નેહાર થતો નથી :માટે તે દ્વાર ગણાય નહીં કદી તમે એમ કહેશો કે ટાઢ અથવા પવન પેસે છે, તેથી તે દ્વાર છે ? જો એમ કેહેશો તો રૂંએ રૂંએ ટાઢ તાપ અને પવન જે અદર્શ પદાર્થ છે તેનો પેહાર છે, કેમકે રૂંએ રૂંએ છીદ્ર છે. તેથી તે છીદ્રોને દ્વાર ગણીશું તો સર્વને અનંત દ્વારો છે એમ કહેવાશે; પણ દસજ દ્વાર છે એમ કેહેવાશે નહી.

જોશી—વાહ વાહ માહારાજ હું આપના સામો અભીમાનથી વીવાદ કરવા બેઠો હતો ને હું એમ જાણતો હતો કે જે મેં કહ્યાં તેજ દસદ્વાર છે. પણ આપનાં વચનો સાંભળી હું ભરમાઇ ગયો. માટે નમસ્કાર કરી પુછું છું કે દસ દ્વારો સબંધી કેમ હશે, તે કૃપા કરીને આપ કહો.

વ્યાસજી—જુઓ ભાઇ બે કાનના, બે નેત્રનાં, બે નાશીકાના, એ રીતે છ દ્વાર અને સાતમુ મોઢું, આઠમુ ગુદા, નવમું લઘુશંકા, ને દસમુ વિર્ય દ્વાર, એ રીતે મનુષના પુર્શ વર્ગમાં દશદ્વાર હોય. એ તમારા પ્રશ્નનો ઉત્તર છે.

જોશી—હે માહારાજ લઘુશંકા ને વિર્ય એતો એકજ દ્વારે આવે છે માટે તેતો એકજ કેહેવાય.

વ્યાસજી—ના ભાઈ લઘુશંકા ને વીર્ય દ્વાર એકજ હોય તો વિર્ય ભેગા પેસાબ જાય અને પેશાબ ભેગું વિર્ય જાય, માટે તે બેઉ દ્વાર જુદાં છે.

જોશી—માહારાજ આપ એમ કહી ગયા છો કે દ્રષ્ટ પદાર્થના પેહાર નેહારનાં દશદ્વાર કરતાં વધારે પણ દ્વાર હોય છે. તે કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઇ સ્રીઓને તેર દ્વાર છે. તે બધાં કેહેવા યોગ્ય નથી પણ જે સ્થાનમાંથી દુધ આવે છે તે બે દ્વાર પ્રત્યક્ષ છે. વળી કુતરી જુંડણીને સ્થાનદ્વાર વિશેષ હોય છે. માટે દસજ દ્વાર છે એવું કેહેનાર ગપાષ્ટી ગુરૂનું કહેલું સાંભળીને કેહે છે, અનુભવ કરીને કેહેતો નથી તેથી તે અજ્ઞાન છે. જગતના લોકોને ભરમાવી મારવા દસદ્વાર દસદ્વાર કહી ભરમાવી મારે છે તે કેવળ અજ્ઞાન છે.

જોશી—વાહ વાહરે માહારાજ આજ મને સંતોષકારક ખુલાસો મળ્યો, આપ સાક્ષાત વેદ વ્યાસજીનોજ અવતાર ભાસો છો. અખન્ડાનંદકી જે.

શંકા ૧૧ મી

ગુણ કરમે બ્રાહ્મણ થવા વિશે.

૧૯૬૭ માં ભરૂચમાં ચુનીલાલ નથુભાઈને ઘેર માહારાજશ્રી વ્યાસજી વક્ષ્ભરામ પધારેલા ત્યાં ઘણા મોક્ષ મારગી મનુષ્યો માહારાજને પુષ્પના હાર પેહેરાવી સનમુખ બેઠેલા તે સમે નવિન સમાજવાળા દસ વિસ માણસો આવ્યા તેમાંથી એક જણે માહારાજને પ્રશ્ન પુછયો કે હે માહારાજ ગુણ કરમે કરીને બ્રાહ્મણ ગમે તે વરણનો થઇ શકે કે નહી ?

વ્યાસજી—ના તે વિશે બ્રાહ્મણ શુદ્રનો સંવાદ એ નામનું પુસ્તક અમોએ છપાવેલું છે તે વાંચો એટલે તમારા પ્રશ્નનો ઉત્તર તમને મળશે. અખન્ડા નંદકી જે.

સમાજી— માહારાજ બ્રાહ્મણ શુદ્રનો સંવાદ જોઇશું પણ એક શ્લોકમાં એમ કહ્યું છે કે:—

जन्मना जायते शुद्र, संस्कारा द्वीज मुच्यते;
वेदाभ्यासे भवेत विप्र, ब्रह्म जानाति ब्राह्मणः

જુઓ માહારાજ આ શ્લોકના પેહેલા ચરણમાં એમ કહ્યું છે કે જન્મે ત્યારે તો બ્રાહ્મણનો પુત્ર પણ શુદ્ર છે. ને પછીથી તે બ્રાહ્મણ થાય છે. ત્યારે બીજો વરણ કેમ બ્રાહ્મણ થાય નહી ?

વ્યાસજી—જુઓ ભાઈ કોઈ ધર્મ બોળુએ આ શ્લોકના પેહેલા ચરણનો છેલ્લો શબ્દ ફેરવ્યો છે. જ્યાં શુદ્ર લખ્યો છે ત્યાં શુદ્ર શબ્દ નથી એતો શુધ્ધ એવો શબ્દ છે. શાથી કે બ્રાહ્મણ વરણમાં અવતાર થયો ત્યારથીજ તે શુધ્ધ છે જો તેમ ન હોય ને શુદ્ર સીધ્ધ હોય તો તે બ્રાહ્મણને ઘેર અવતરેલું છોકરૂ બ્રાહ્મણથી પોતાના ભેગું જમવા બેસાડાય નહી. અને બેસાડાતું હોય તો શુદ્રનું છોકરૂં ત્રણ વરસનું હોય તો પણ તેને અડીને જમવા બેસાતું નથી માટે શુદ્રનું છોકરૂં તેજ શુદ્ર છે. અને બ્રાહ્મણનું છોકરૂં જનોઈ દીધા વિનાનું મોહોટું હોય તો પણ તેને ભેગા બેસાડી જમવામાં બાધ આવતો નથી. તેથી બ્રાહ્મણને ઘેર જન્મે ત્યારથીજ બ્રાહ્મણનું છોકરૂં શુધ્ધ છે એમ જણાય છે. ને એમ જણાયાથીજ જોડે લઇને જમવા બેસાય છે. વળી જમવા બેસાય છે તેથી એમ જણાય છે કે તે શુધ્ધ હોવુંજ જોઇએ, એમ પ્રત્યક્ષ પ્રમાણથી સીધ્ધ થાય છે અને સીધ્ધ થાય છે માટેજ તે શ્લોકના પેહેલા ચરણના છેલ્લા શબ્દમાં શુધ્ધ એવો શબ્દ હોવો જોઈએ. તેથી શુદ્ર શબ્દ ખોટો છે ને શુધ્ધ શબ્દ લખેલું હોય તે સાચો શબ્દ છે. હવે શુદ્ર શબ્દનો ને પ્રત્યક્ષ વેહેવારનો વિચાર કરી જુઓ: એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખંડાનંદકી જે.

શંકા ૧૨ મી.

શ્રી કૃષ્ણે ચીર હર્યાં તે વિશે.

૧૯૬૮ ની સાલમાં ઓછણમાં પટેલ, મથુરભાઈ મનોરભાઇ તથા તળશીભાઈ હીરાભાઇ તથા નરશીદાસ ગણેશે માહારાજશ્રી વ્યાસજી વક્ષ્ભરામને તેડયા હતા

ત્યાં માહારાજની આગળ મોક્ષમારગી શિષ્યોની સભામાં જ્ઞાન ચરચા ચલાવી આનંદ કરતા હતા તે સમે એક નાસ્તીકે આવી માહારાજશ્રીને પ્રશ્ન કર્યો કે હે માહારાજ તમો કૃષ્ણને ઇશ્વર માંનો છો તો તે કૃષ્ણ યમુનાજી ઉપરથી ગોપીયોનાં ચીર ચોરી કદમના ઝાડપર ચઢી ગયા. પછી ગોપીયો જમુનાજીમાં નાહી રહીને જમુનાજીના કીનારા પર પોતાનાં ચીર જોયાં તો ચીર દીઠાં નહી એટલે બીચારીયો ટાઢે ધરૂજતી ધરૂજતી નગ્ન સ્વરૂપે અરધુ અંગ જળમાં રાખી શ્રી કૃષ્ણને કરગરી ચીર માગવા લાગી. ત્યારે કૃષ્ણે કહ્યું કે સુર્યના સામુ જોઈ સુર્યને સો સો નમસ્કાર કરો તો ચીર આપું, એ રીતે ગોપીયોની એબ જોવાના ઈરાદાથી આવું કૃત્ય કર્યું તે શું ઇશ્વર હોય? ને ઇશ્વરનાં લક્ષણ એવાં હોય?

વ્યાસજી—અરે ભાઈ ગોપીયોની એબ જોવાના ઈરાદાથી શ્રી કૃષ્ણે ચીર ચોર્યાં નહોતાં તેમ ગોપીયો નગ્ન નોહોતી; આતો તમારી સમજ ફેર છે. જુઓ કે ઘણા ભાગે કોઈ સ્ત્રી ઘરમાં પણ નગ્ન સ્વરૂપે નાહાતી નથી, તો શું જમુનાજીના ઘાટ ઉપર ધોળે દહાડે નગ્ન થઈ નાહાતી હશે? આ વાત કેમ મનાય એતો તમારૂ સમજવું ખોટું છે. અને ખરૂ શું છે તે સાંભળો. જુઓ કે શ્રી કૃષ્ણ બાલ્યાવસ્થાના હતા, ને માહા મનોહર કાન્તીવાળા હતા, તેથી સર્વ ગોપીકાયો તેમને રમાડવા ને આંનદ વિનોદ કરવા જ્યાં ને ત્યાં છંછેડતી હતી તેવામાં એક દીવસ ગોપીઓ જમુનાજી નાહાવા ગઈ ત્યાં નાહીને પેહેરવાનું અકેકું ચીર જમુનાજીની કીનારે મુકી પેહેરેલે વસ્ત્રે જમુનાજીમાં નાહાવા પડી. તે સમે શ્રી કૃષ્ણ લાગ જોઈ છાના માના ગોપીયોના કીનારે મુકેલાં કોરાં ચીર લેઈ કદમ ઉપર ચઢી ગયા. ને કદમપર વાંસળી વગાડી તેથી ગોપીકાઓએ કૃષ્ણને આવ્યા જાણી જમુનાજીમાંથી બાહર નીકળીને વસ્ત્રો જોયાં તો વસ્ત્રો દીઠાં નહી તેથી ભીને શરીરે ટાઢથી ધુજવા લાગી ને પાછી પાણીમાં પડી. કારણકે ટાઢના દીવસમાં પાણીમાં કાંઈક પણ ઉફારો રહે છે તેથી પાણીમાં પડી પોતાના વસ્ત્રો માગવા શ્રી કૃષ્ણને કરગવા લાગી ત્યારે શ્રી કૃષ્ણ ખુશી થયા. એ રીતે આનંદ વિનોદ થયો છે. કાંઇ કૃષ્ણજીએ સ્ત્રીયોની એબ જોવાને એમ કર્યું નોહોતું તેમ ગોપીકાયો નગ્ન નાહાતી નોહોતી ફક્ત તમારા સમજ્યામાં ફેર છે.

નાસ્તીક—અરે માહારાજ ભાગવત વાંચનારા અમારા સમજવા પ્રમાણે કેહે છે તેમ ચીત્રકારો પણ ગોપીકાને નગ્ન ચીતરી કદમલીલા બતાવે છે તે કેમ?

વ્યાસજી--ભાગવતના કેહેનારા ગોપીયોને નગ્ન કેહેતા હોય ને ગોપીયોની એબ જોવાના હેતુથી શ્રી કૃષ્ણે એમ કર્યું એવું કેહેતા હોય તેનું અજ્ઞાન છે. તેમ તેવું કેહેનારનું કહેલું સાંભળી ચીત્રકાર ચીતરતા હોય તો તે કેહેનાર ને કેહેનારના કેહેવાથી તેવું ચીતરનાર બેઉ અજ્ઞાન છે. એતો કેહેતાબી દીવાના ને સુનતાબી દીવાના એ કેહેવત પ્રમાણે જાણવા. કેમકે શ્રીકૃષ્ણ સાક્ષાત અંશાવતાર-ઈશ્વર છે. તે કોઇ કાળે એમ કરેજ નહી એ તમારા પ્રશ્નનો ઉત્તર છે અપ્રાંન્ડાનંદજી જે.

શંકા ૧૩ મી.

વીધાત્રીના લેખ વિશે.

ગામ કલોલના મોક્ષમારગી સોની હેમચંદ કસનદાસે માહારાજશ્રીને તેડયા હતા. ત્યાં વ્યાસજી માહારાજને હરજીવન પંડયાએ પ્રશ્ન કર્યો કે હે ગુરૂ ઘણાક એમ કેહે છે કે; જાકા પડીયા બુન્દ, તાકા લખીયા લેખ. બીજુ એમ કેહે છે કે; છઠ્ઠીના લખીયા લેખ, ફીટયા ફીટે નહી. એ રીતે બે પ્રકારે ઘણાકનું કેહેવું છે. માટે મને શંકા થાય છે કે જયારથી બુન્દ પડયું ત્યારથી લેખ લખાય છે. એ વાત ખરી હશે, કે, જનમ થયા પછી છઠ્ઠીને દીવશે લેખ લખાય છે. તે વાત ખરી હશે ? આ બેમાંથી ખરૂ શું ?

વ્યાસજી—ભાઈ બેઉ વાત ખરી છે. જુઓ જયારથી બુંદ પડી ગર્ભ રહે છે. ત્યારે એટલોજ લેખ લખાય છે કે આ દેહરૂપી ઘર ફલાણા જીવનું બંધાય છે. જેમ કોઇ જગોપર ઇંટો માટી ચુનો લકડ આવી પડે છે ને ઘર બંધાવા માંડે છે તે સમે કોઈ એમ પુછે કે આ ઘર કોનુ બંધાય છે તો તેનો એવો જવાબ મળે છે કે ફલાણાનું બંધાય છે. તેમ ગર્ભ રેહે છે ત્યારે એમ લખાય છે કે આ ઘરરૂપી ખોળીયું ફલાણા જીવનુ બંધાય છે. એટલુજ લખાણ લખાય છે તેથી તે કહેલુ ખરૂ છે.

સોની—હે માહારાજ જે જીવ નવા ખોળીયામાં આવનાર છે તે તો કયારે તે ખોળીયામાં આવશે તેની ખબર કોને ?

વ્યાસજી—ઇશ્વરને અને ઈશ્વરની આજ્ઞાથી જીવ માત્રને એક ખોળીઆમાંથી લેઇ જઈ બીજા ખોળીયામાં લાવી મુકનાર જે વાયુદેવ તેનેજ ખબર હોય છે. તેમ તે જીવની કરણી પ્રમાણે ઈશ્વરનો તે વાયુદેવનો નીશ્ચે હોય છે. વળી જે જીવ એક ખોળીયામાંથી નીકળી બીજા ખોળીયામાં જવાનો હોય છે તેનાથી ચાર માસ પેહેલાં તેનુ ખોળીયું બીજા ગર્ભમાં બંધાવા માંડે છે. વળી જે ખોળીયામાંથી જે જીવ નીકળવાનો હોય છે તેની પ્રકૃતીને લક્ષણ મરણના છ માસપેહેલાં ફેરફાર થાય છે. એટલે કરણી પ્રમાણે લક્ષણો થાય છે. અને તેનાં લક્ષણો ફર્યા પછી બે માસ કેડે એનું ઘરરૂપી ખોળીયું કોઇ ગર્ભમાં બંધાય છે તે ખોળીયું બરોબર પુરેપુરૂ ગર્ભમાં પાકટ બંધાતા ચાર માસ થાયછે. ને તે ખોળીયુ બંધાઇ રહે છે ત્યારે જે ખોળીયામાં છ માસ પેહેલાં સ્વભાવ ફરેલો જે જીવ નીકળી બીજા ગર્ભમાં જવાનો હોય છે તે ગર્ભના પાંચમા માસમાં જઈ વાસ પુરે છે. તેથી તેનુ ઘરરૂપી જે ખોળીયુ બંધાવા ઇંટ માટીના સામાનરૂપી જે બુન્દ પડે છે, તે વખતથી એમ કેહેવાય છે કે જાકા પડીયા બુન્દ તાકા લખીયા લેખ. એટલે જે જીવને બુન્દથી બંધાતા ખોળીયામાં આવવાનું છે તેનો તે ખોળીયામાં ફકત આવવાનોજ લેખ લખાઇ ચુકે છે. પછી તે ખોળીયામાં આવેલો જીવ ખોળીયા સહીત ગર્ભથી છુટે છે (એટલે જનમે છે.) તેને છઠે દીવશે પાછા લેખ લખાય છે. તે કેવા કે તે જીવના તે દેહમાં તેને જીવતા સુધી શું શું સુખ ને શું શું દુ:ખ થવાનું, તે લખાય છે. એ રીતે બે વખત લેખ લખાય છે. માટે બેઉ પ્રકાર જેણે જેણે કહ્યા છે તે બેઉ ખરા છે.

એ રીતે તમારા પ્રષ્ણનો ઉત્તર છે. એવાં વ્યાસજીનાં વચન સાંભળી સોની માહાજન બહુજ આનંદ પામી માહારાજશ્રીના ઉપર પુસ્પની વ્રષ્ટી કરી સાષ્ટાંગ ચરણે લાગ્યા. અખન્ડાનંદકી જે.

શંકા ૧૪ મી.
દેવપોઢી એકાદશી વિશે.

સંવત ૧૯૬૯ માં નવસારીમાં મોક્ષમારગી મીસ્ત્રી, કલ્લાણભાઈ ભુલાભાઈને ઘેર માહારાજશ્રી વ્યાસજી વલ્લભરામની આગળ ઘણા મનુષ્યોની સભા ભરાઈ હતી તે સમે વ્યાસના મોક્ષમારગી, મીસ્ત્રી કલ્યાણભાઈ ગોવિંદભાઇ તથા દયારામ લાલા તથા કુબેર રગનાથ તેઓએ મળીને પ્રષ્ણ કર્યો કે, હે માહારાજ જે આ જગતમાં અશાડ સુદી એકાદશીને દેવપોઢી એકાદશી કેહે છે. ને કારતક સુદી એકાદશીને દેવઉઠી એકાદશી કેહે છે. તેથી ઘણાક બ્રાહ્મણોને અને માહાત્માઓને પુછીએ છીએ કે દેવપોઢી ને દેવઉઠી એકાદશી તે શું ? ત્યારે તે એમ કેહે છે કે અશાડ સુદી એકાદશીયે ભગવાન પાતાળમાં જઈ પોઢે છે. કેમકે ભગવાને પાતાળમાં જઈ બળીરાજાને ચાંપ્યો છે. એમ કેહે છે તેથી માહારા મનનું સમાધાન થતું નથી. માટે આપ માહારા મનનું સમાધાન કરો ?

વ્યાસજી—જુઓ ભાઇ સહુ જગત્ત અશાડ સુધી એકાદશીને દેવપોઢી એકાદશી કેહે છે ને કારતક સુદી એકાદશીને દેવઉઠી એકાદશી કેહે છે તે બેઉ એકાદશીયો દરેક વરશે આવે છે તેથી દરેક વરશે ભગવાન પાતાળ જઈ પોઢતા હોય તો તે ભગવાન પોઢી એકાદશી કેહેવાત. પણ આ તો દેવપોઢી એકાદશી કેહેવાય છે. માટે ભગવાન પોઢતા હોય તે સંભવતુ નથી. જો ભગવાન જઇ પાતાળ પોઢતા હોત તો ભગવાન પોઢી એકાદશી કેહેવાત. તેમ છતાં બળીરાજાને ભગવાને પાતાળમાં ચાંપ્યો, એમ માનીયે તો તે મનાતુ નથી કેમકે બળીરાજા પોઢેલો છે ને ભગવાન તો તેની છાતી ઉપર ચરણ મુકીને ઉભેલા છે. તે ઉભા રહેલા ભગવાનને ભગવાન પોઢયા એવું કેમ મનાય ? માટે ભગવાન જઇ પાતાળ પોઢયા તે કેહેનારનું કેહેવું ને સમજનારનું સમજવું ખોટું છે. જો તે ખોટુ છે તો ભગવાન ઉઠયા તે પણ ખોટુ છે. અને ખરૂ શું છે તે સાંભળો. જુઓ ભાઈ અશાડ માસથી જે ચોમાસુ બેસે છે, તે વારે વરસાદ આવે છે તે સમે જે અનાજ જેને આપણ અન કહીએ છીએ તે અનને અનદેવ કેહેવાય છે તે અનદેવનું વાવેતર થાય છે. પ્રથવીની મહીં હળથી ખોદાણ કરીને તેમાં નંખાય છે. પછી તેના ઉપર પ્રથવીની મ્રત્તીકા ઢાંકી દેવાય છે. એ રીતે અનદેવતાને પોરાઢાય છે. માટે તેનું નામ દેવ પોઢી એકાદશી કેહેવાય છે. કાંઇ દેવ પાતાળ પોઢી એકાદશી કેહેવાતી નથી. એ શબ્દ એટલોજ છે કે દેવપોઢી એકાદશી, ને દેવ ઉઠી એકાદશી, છતાં ભગવાન પાતાળ પોઢે છે એમ કેહેવાતુ નથી. માટે અશાડ સુદી એકાદશીના અરસામાં અનદેવનું પ્રથવીમાં પોઢવું થવાથી દેવપોઢી અને કારતક સુદી એકાદશીના અરસામાં સર્વ અન તઈયાર થઇ

બાહાર નીકળી આવે છે તેને દેવઉઠી એકાદશી કેહેવાય છે. એ રીતે દેવપોઢી ને દેવઉઠી એકાદશી સમજવી. એ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્દાનંદકી જે.

શંકા ૧૫ મી.

બ્રહ્મા સરસ્વતી ઉપર મોહ પામ્યા વિશે.

આમોદ પાસે ગામ બુઆન. મોક્ષમારગી બ્રાહ્મણ દલસુખરામ ભુલાશંકરે તથા મણીશંકર જીવરામે માહારાજશ્રી વ્યાસજીને પ્રશ્ન કર્યો કે હે ગુરૂ, રજો ગુણી જે બ્રહ્મા તે સરસ્વતી ઉપર મોહ પામ્યા એમ કહેવાય છે, તેથી પુછુછું કે સરસ્વતી બ્રહ્માની પુત્રી કેહેવાય તેના ઉપર બ્રહ્મા મોહ પામીને પુઠે દોડયા, તે ઘણુજ અઘટીત કામ બ્રહ્માએ કર્યું: અને બ્રહ્મા મોહોટા દેવ પુરૂશ થઇને આવું કર્યું તેથી બ્રહ્માને ધીક્કારવા યોગ્ય છે કે નહી ?

વ્યાસજી—અરે ભાઈ એમ થયું નથી. એ તો કોઇ કેહેનારની લખનારની ને તમારી સમજનારની સમજ ફેર છે. આ વાત કેહેનારા મુળ પુરૂશનો હેતુ જુદો હતો તેને નહીં સમજનારે અજ્ઞાનથી એમ કહ્યું છે કે બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતી ઉપર મોહ પામી પુઠે દોડયા. ના ના એમ નથી એ તો સરસ્વતી જે વિદ્યા તે પોતાની પુત્રી સરસ્વતીમાં રહેલી હતી. તે વિદ્યા, સરસ્વતી જેવું રૂપ ધારણ કરીને સરસ્વતીના હૃદયમાંથી કંઇ અપરાધને લીધે નીકળી ચાલી, તે બ્રહ્માના જોવામાં આવી તેથી તેને પાછી વાળી લાવવા બ્રહ્માજી તેની પુઠે દોડયા, તે એવા મોહથી કે અહો જે આ પુર્ણ સરસ્વતી માહારા ઘરમાંથી જતી રેહેશે તો પછી માહારી મહતા રેહેશે નહી, અહો એના જેવિ જગતમાં બીજી કોઇ છેજ નહી. માટે એને ઝાલી રાખુ એમ સમજી બ્રહ્મા તે સરસ્વતીની પુઠે ખાળી રાખવા દોડયા છે. કાંઈ પોતાની પુત્રી સરસ્વતા ઉપર કે જે વિદ્યા સરસ્વતી ઉપર કામ વિકારી મોહથી ઝાલવા દોડયા નથી. જુઓ આજ કળીયુગના જીવોની પોતાની પુત્રી ઉપર વિકાર વ્રત્તો થતિ નથી. તો આ માહા જ્ઞાનવાન ને વિદ્વાન જે મહાન પુરૂશ ઈશ્વર સ્વરૂપ જે બ્રહ્મા તેમની એવી કબુદ્ધિ થાય તે વાત સંભવેજ નહી. એ તો હાલના કહેનાર કે લખનાર કે સમજનાર જીવોની સમજ ફેર છે. અને સમજ ફેરથી અર્થના અનર્થ કરી નાંખી પોતે અવળુ સમજી બીજાને અવળું સમજાવે છે. વળી કેટલાક કળીયુગના પ્રવેશેલા જીવો કોઇ મોહોટા પુરૂશોની વાણીયોના શબ્દોને પણ ફેરવી નાંખે છે. તે કેવળ અજ્ઞાન છે. માટે ભાવાર્થ સમજયા વિના ગમે તેમ બોલે. પણ બ્રહ્મા તો સરસ્વતી જે વિદ્યા તેના મહીમાનો મોહ પામી તે વિદ્યાની પુઠે પડયા હતા. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્દાનંદકી જે.

શંકા ૧૬ મી.

વાણીયાની અગમ બુદ્ધી વિશે

અમદાવાદના રહીશ વ્યાસ, અમથારામ પુરશોતમ, મહારાજશ્રીના સસુરપક્ષ સબંધીએ મહારાજશ્રી વ્યાસજીને ચંદન પુષ્પ વડે પુજન કરી પ્રશ્ન પુછયો કે હે માહારાજ કોઈ કવિએ એમ કહ્યું છે કે.

અગમ બુધ્ધી વાણીયા, પાછળ બુધ્ધી બ્રહ્મ;
તરત બુધ્ધી તરકડા, ગોહો મારે ગમ.

એટલે એમ કહ્યું કે વાણીયાની બુધ્ધી આગમ ને બ્રાહ્મણની બુધ્ધી પાછળ ત્યારે શું બ્રાહ્મણો જે શાસ્ત્ર પુરાણ વિગેરેના કરતાની બુધ્ધી વાણીયા કરતાં પણ પાછળ એટલે ઓછી હશે ?

વ્યાસજી—નાનાભાઈ કેહેનાર કવિનું કેહેવું તો સવળું છે. પણ આજના અજ્ઞાતીયોનું સમજણું અવળુ છે તેમ બ્રાહ્મણ વરણના દ્વેશીલાઓએ આ દોહરાના અર્થ અવળા કર્યા છે. નહિ તો કેહેનારનું કેહેવું તો સવળું છે તે સાંભળો જેને પરમેશ્વર સબંધી ગમ નથી એવા જે ગમ વિનાના તેમ અગમ કેહેવાય તેથી જે વાણીયાની જાતી છે તેને માઇક વ્યવહારની ને માઇક વેહેપારની પુરણ ગમ છે તેથી વ્યવહારમાં ને વ્હેપારમાં તેમને પુરેપુરી ગમ પડે છે પણ જે અલોકીક પરમેશ્વર સબંધી ગમ નથી ને ગમ પાડનાર મળે તો પણ ગમ પડતી નથી માટે વાણીયાને અગમ એટલે ગમ વિનાનો કહયો છે અને બ્રાહ્મણને પાછળ બુધ્ધી કહ્યા છે; તેનો હેતુ એવો છે કે હાલના ચાલતા જમાનાની પાછળ શું થશે તે જાણનાર બ્રાહ્મણોજ છે. માટે તેમને પાછળ બુધ્ધી કહ્યા છે.

પ્રશ્નમાં પ્રષ્ણ—હે માહારાજ પાછળ શું નીપજશે એવી વાત બ્રાહ્મણો ભાંખી ગયા છે તે કૃપા કરીને કહો !

વ્યાસજી—જુઓ ભાઇ ઘણા ગ્રંથોથી એમ જણાય છે કે કળીયુગ આવશે ત્યારે આમ થશે આમ થશે એવું ઘણું ભાંખી ગયા છે. વળી કૃષ્ણાવતાર થતાં પેહેલા વ્યાસજી આખું કૃષ્ણચરીત્ર અને રામાવતાર પેહેલાં વાલમીકજી રામચરીત્ર ભાંખી ગયા છે. માટે પાછળ શું થશે તે બુધ્ધી બ્રાહ્મણમાંજ છે. તેથી પાછળ બુધ્ધી બ્રાહ્મણ કહ્યા છે. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખંડા નંદકી જે.

શંકા ૧૭ મી.

કયા બંમનકી બંધની તે વિશે.

સુરત જીલ્લે ગામ બોરાહમાં રા. રા. અમરસીંગ કેસરભાઇને ત્યાં માહારાજ શ્રી પધારેલા તે સમે અનોપમાધુ પ્રતાપસિંહની સાથે આવેલા. એક બ્રાહ્મણે કહ્યું કે હે માહારાજ જગતમાં એમ કેહેવાય છે કે:-કયા બંમનકી બંધની, કયા કુનબીકા કોલ એટલે, બ્રાહ્મણના બોલ્યાનો બંધ નહી ને કણબીનો કોલ એટલે વચન ખરૂં નહીં એવું કેહેનારનો શું હેતુ હશે તે કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઇ એ દોહરાની અડધી કડીમાં કહ્યું, તેમાં કોઇ દુશ્મનાવટથી ફેરવી નાંખેલા છે. એમાં તો એમ કહ્યું છે કે કયા બે મનકી બંધની, કયા કોન બીકો કોલ એટલે જેના બે મન છે, તેની બોલ્યાની બંધની ન હોય અને કયા કોન બીકા કોલ એટલે કોનાએ બીથી ઉત્પન્ન થયેલા એવાનો કોલ પણ શું ?

એ રીતે તમે કહ્યું તે દોહરાનું અડધું ચરણ છે. તેના બ્રહ્મદ્રેશીયે શબ્દો ફેરવેલા છે. નહિ તો મુળ પુરૂષે તો અમોએ કહ્યું તે પ્રમાણે કહેલું છે. ને તે કેહેનારનો ભાવ પણ તેજ છે. એ રીતે તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૧૮ મી.

સંધ્યા ત્રપણ વિષે.

હે માહારાજ ઘણાક એમ કહે છે કે બ્રાહ્મણો નાહ્યા ધોયા વિના જુઠાં ટીલાં તાણીને માગી ખાવા નીકળે છે. ને વળી ગામડાનાને તો કાંઈજ કેહેવાનું નહિ. એમ કહીને એવું કેહે છે કે,

> સંધ્યા તરપણ શાંતીકું, કોદાળી ખટ કરમ;
> ઘેર રાખે બે આખલાં, તો રે બ્રાહ્મણનો ધરમ.

હે માહારાજ આ કોઇ કવિનું કહેલું ખરૂં માનવું કે ખોટું,

વ્યાસજી—કવિનું કહેલું તો ખરૂં છે, પણ કોઈ બ્રહ્મદ્રેશીએ પોતાના હૃદયાના ભઇઆ કહાડી શબ્દોને ફેરફાર કરી બ્રાહ્મણ વરણ ઉપર અભાવ કરાવા કહેલું છે, પણ મુળના કવિનું કેહેવું તો કેવું છે તે સાંભળો.

> સંધ્યા તરપણ શાન્તી દુ, કો દાહાડી ખટ કર્મ;
> ઘેર રાખે બે આ ખરાં, તો રહે બ્રાહ્મણનો ધર્મ.

જુઓ ભાઈ સંધ્યા અને તરપણ, દુ કેહેતાં બે, તે એ બે શાન્તીનાં આપવાવાળાં છે. એટલે બ્રાહ્મણોને સંધ્યા અને તરપણ એ બે શાન્તી આપનારાં છે. તે ઉપર કહેલા દોહરાના પેહેલા ચરણનો હેતુ છે, ને બીજા ચરણમાં એમ કહ્યું છે કે, કો દાહાડી ખટ કર્મ. એટલે જે બ્રહ્મયજ્ઞ કરવો ને કરાવવો. બ્રહ્મયજ્ઞ એટલે બ્રાહ્મણે જમવું ને જમાડવું બે કર્મ તે, અને દાન આપવું ને લેવું, બે કર્મ તે. અને ભણવું ને ભણાવવું બે કર્મ તે, એ રીતના છ કર્મ બ્રાહ્મણનાં છે તે છ કર્મમાં દ્રવ્યની ઘણી સારી સ્થિતિ જોઇએ છીએ, માટે તે છ કર્મ નિત્યાન તો નહિ પણ કો દાહાડી એટલે કોક દિવસ કરવાં જોઇએ. એ રીતનાં જે બે કર્મ અને ત્રીજા ચરણમાં એમ કહ્યું કે સંધ્યા ત્રપણ થઈને એક કર્મ કહ્યું ને ખાવા ખવરાવવા વિગેરેના જે છ કહ્યાં તે છ થઇને એક બીજુ કર્મ એ રીતના બે તેને વિષે એવું કહ્યું કે ઘરમાં રાખે બે આ ખરાં એટલે ઉપર કહ્યાં તે બે ખરાં રાખે તોજ બ્રાહ્મણનો ધર્મ રહે. એ રીતે કહેનાર કવિનો કેહેવાનો હેતુ છે. છતાં અજ્ઞાની નાસ્તિકો જે બ્રહ્મદ્રેશી આસુરી જીવો છે, તે જુઠા શબ્દો ગોઠીને અવળા અર્થ કરી લોકોને જુઠું સમજાવે છે, પુછનાર કેહે છે હે મહારાજ આપે જે કર્મ કહ્યાં તે ઠીક છે. તથાપિ માહારા સાંભળવામાં તો એમ છે કે સ્નાન, સંધ્યા, જપ, હોમ વિગેરે છ કર્મો છે. અને આપ ભણવું ભણાવવું વિગેરે જે છ કર્મ કહ્યાં તે બ્રાહ્મણના છે, એમ કોહો છો તે શામાં લખ્યું છે?

વ્યાસજી—મનુસ્મૃતિના પેહેલા અધ્યાયના અઠાશીમા શ્લોકમાં છે તે જુઓ વળી અમારૂ રચેલું ન્યાયવલ્લભ નામના પુસ્તકના એકત્રીસમા પ્રશ્નનો ખુલાસો વાંચો, એટલે તમારા મનનું સર્વ સમાધાન થશે. અખન્ડાનંદકી જે.

શંકા ૧૯ મી.

શીપચથી શંખ વાગ્યા વિષે.

સંવત ૧૯૬૯ ના ચૈત્ર માસમાં મુંબાઇ નિવાસી, નયનસુખલાલ સોલી-સીટર સાહેબે ધર્મ સબંધી વાખ્યાન કરવા સારૂ શ્રી વ્યાસજી વલ્લભરામજીને તે-ડયા હતા. તે સમે વ્યાસજી માહારાજના ઉતારા ઉપર મુંબઈના માટુંગા હનુ-માન નજીકના રેહેવાશી જૈનધર્મી શા. સુરચંદ તારાચંદે આવી પ્રશ્ન પુછયો કે હે માહારાજ તમારા શ્રી કૃષ્ણ ભગવાને એમ કહ્યું છે કે,

ઉંચ થઇને ના ભજે, ચાન્ડાળ સરખો તેહ;
નીચ થઈ મુજને ભજે, તે જાણું માહારો દેહ.

હે મહારાજ પાન્ડવના રાજસોઈ યજ્ઞને વિશે, નીચ જાતિ સીપચ જમ્યો ત્યારે શંખ વાગ્યો, તે સમે શ્રી કૃષ્ણ ભગવાને ધરમ રાજા પ્રત્યે એમ કહ્યું છે કે નીચ દેહનો હોય પણ તે ભજનારો માહારોજ દેહ છે. માટે પુછુ છું કે ગમે તો ઉત્તમ વરણ બ્રાહ્મણનો દહ હોય પણ જે ઈશ્વરને નથી ભજતો તે ચાન્ડાળ સરખો છે. આ વાત આપને માન્ય છે કે કેમ ?

વ્યાસજી—શ્રી કૃષ્ણનું કહેલું અમારે માન્ય છે, પણ તમો શ્રી કૃષ્ણના કેહેવાનો હેતુ સમજ્યા નથી. તેથી તમારા મનમાં કાંઈ શંકા ઉઠેલી છે. પણ અમે શ્રી કૃષ્ણના કેહેવાનો હેતુ કહીએ તે તમે સાંભળશો એટલે તમારા મનનું સમાધાન થશે; માટે સાંભળો. જુઓ ભાઈ રાજસોઈ યજ્ઞનો એવો પ્રયોગ હતો કે જે જગોપર એ યજ્ઞ થતો હોય ત્યાંથી એક યોજન ફરતું કોઈ પ્રાણી ભુખ્યું રેહેવું જોઇએ નહી. તેથી યજ્ઞ કરી સર્વ પ્રાણીનું પોશણ કર્યું હતું, પણ એક નીચ જાતી સીપચ આંખનો આંધળો ભુખ્યો ને તરશો એક ખેત્રમાં એકાન્ત બેઠો બેઠો હરી ભજન કરતો હતો. તેથી ભુખ્યાને લીધે શંખ વાગતો નોહોતો, પછી તેને ભીમશેને લાવી જમવા બેસાડયો. તે ઘણો ભુખ્યો હોવાથી સર્વ સામગ્રી ભેગી ચોળીને જમી ગયો. તેથી દ્રુપતીને એમ શંકા થઇ કે આ નીચ જાત તે શું જમી જાણે. એવિ શંકા થવાથી શંખનાદ થયો નહી. પછી તે વાત શ્રી કૃષ્ણે જાણી એટલે દ્રુપતીને કહ્યું કે એને પગે લાગો તો શંખ વાગે. તવ દ્રુપતીએ તેમ કર્યું એટલે શંખ વાગ્યો. એ ઠેકાણે શ્રી કૃષ્ણે એમ કહ્યું છે કે:-

ઉંચ થઇને ના ભજે, ચંડાળ સરખો તેહ;
નીચ થઈ મુજને ભજે, તે જાણુ માહારો દેહ :

એવાં શ્રી કૃષ્ણનાં વચન સાંભળી ધર્મ રાજાએ કહ્યું કે અહો માહારાજ આ સીપચ તમને ભજે છે તેથી તેને તમે તમારો દેહ કહો; તો હવે એ સીપ-ચને અડકતાં હરકત શું ? ત્યારે શ્રી કૃષ્ણે યુધીષ્ટરને કહ્યું કે માહારા કહેલાં

વચનને સમજીને એને અડકો. જુઓ કે મેં ભજનારાને માહારો દેહ કહ્યો છે. તેથી મને ભજનારો જે આત્મા સીપચના દેહમાં રહેલો છે તેને અડકજો. અને એનો દેહ છે તેતો જડ પદારથ છે. તે જડ પદારથ મને ભજતો નથી. જો જડ પદારથ જે દેહ તે દેહથી માહારૂં ભજન થતું હોય તો જે વખત દેહમાંથી ચૈતન્ય આત્મા નીકળી જાય છે તે વખત દેહ અત્રે પડેલો હોય છે તે માહારૂ ભજન કરતો નથી માટે તે માહારો દેહ નથી. ફક્ત મને ભજનારો જે આત્મા તે ભજનારાને મેં મહારો દેહ કહ્યો છે. એ રીતે સમજીને મને ભજનારને માહારો દેહ સમજીને અડો, એનો જે જડદેહ તેને અડશો તો ધર્મભ્રષ્ટ થશો. કેમકે જે ચૈતન્ય આત્મા છે તે તો અગ્નીરૂપ છે. અને દેહ છે તે અગ્નીકાના ચુલા રૂપ છે. જો ચુલો કોઈ નીચ વરણનો હોય તો તે ચુલાના ઉપર લીંપે પણ તે ચુલા ઉપર ઉંચ વરણથી રંધાય નહી. પણ તે ચુલામાંનો અગની લેઇને તે અગનીથી રસોઇ કરીયે તે દોશીત ગણાતું નથી. તેમ સીપચનો જે દેહ તે ચુલા રૂપી છે માટે તેને અડકશો તો અભડાશો ને વરણાશ્રમના ધર્મથી ભ્રષ્ટ થશો. માટે દેહને નહી અડતાં મને ભજનાર જે ચૈતન્ય આત્મા છે તેને અડકો. એવાં શ્રી કૃષ્ણનાં વચન સાંભળી રાજા યુધીષ્ટરે સ્તબ્ધ થઇ નમસ્કાર કર્યો ને રાજા યુધીષ્ટરે કહ્યું અરે માહારાજ વડા વિવેક વડે મને સમજાવ્યો. ને આપે જે કહ્યુ કે ઉંચ થઇને ના ભજે, ચંડાળ સરખો તેહ, નીચ થઇ મુજને ભજે તે જાણુ માહારો દેહ. તે આપનું કેહેવું યથાર્થ છે. આ રીતે ભગવાને ધર્મને વિવેક વડે સમજાવ્યા, તેમ અમો તમોને સમજાવીએ છીએ કે આગળના માહાત્મા પુરૂષો ને હાલના પણ માહાત્મા પુરૂષો જે જે કેહે છે તે અવિવેકનું હોયજ નહી. છતાં અજ્ઞાની જીવો ન્યાયનિતિ વિવેક ને વ્યવહાર એ ચાર પુરશારથનાં રૂપને નથી જાણતા તે ભરમાય છે. અને તેવું ભરમાવાનું કારણ જ્ઞાન વિનાના વેશધારી માહાત્મા અને જ્ઞાન વિનાના વિદ્વાનોનો સત્યસંગ થવાથી ભરમાય છે. પણ જ્ઞાનવાન માહાત્માને જ્ઞાનવાન વિદ્વાનોનો સત્સંગ કરે તો તેને ચારે પુરુષાર્થને અનુસરતું જ્ઞાન થાય. અખન્ડાનંદકી જે.

આ રીતે માહાજરાશ્રીના વચન સાંભળી જૈનીએ માહારાજશ્રીને પુષ્પથી વધાવી પોતે તેમને ગુરૂભાવથી માન્યા.

શંકા ૨૦મી.

ૐના અધિકાર વિશે.

તેજ સમયમાં માહારાજશ્રી મુંબાઇથી અમદાવાદ આવવા પાછા વળ્યા, તે વારે ભરૂચથી સાત ગાઉ છેટે શુકલ તીરથ જ્યાં ૐ કારેશ્વ નું મંદીર છે. ને ત્યાં દરેક વરસની કારતકી પુર્ણમીએ યાત્રાનો મેળો થાય છે. ત્યાંના રહીશ મોક્ષમારગી દાહ્યાભાઇ જગજીવને માહારાજશ્રીને પત્રદ્વારાએ શુકલ તીરથ તેડયા હતા. ત્યાં માહારાજશ્રીનું ૐકાર જે વિશ્વ દરસણ પ્રણવ તેનુ જ્ઞાન ઘણા જીવોને ફરી સમજાવતા હતા. તે સમે એક દ્વેશી વિદ્વાનને દ્વેશ ઉત્પન્ન થવાથી પો-

તાની પંડીતાઈ બતાવવા માહારાજશ્રીને પ્રષ્ણ કર્યો કે હે માહારાજ તમો સ્ત્રી જાતીને અને બ્રાહ્મણ શીવાયની જે ત્રીવણ છે તેને પ્રણવનો એટલે ૐકારનો ઉપદેશને ૐકારનું જ્ઞાન કરો છો તે કેવળ અધર્મ કરો છો. કેમકે બ્રાહ્મણ વરણ પુરૂષ જાતિ વિના બીજા કોઇ જીવને ૐકાર જપવાનો કે સમજવાનો અધિકાર નથી. છતાં તમે ૐકાર જપવાનો ને ૐકારનું સ્પષ્ટકરણ સમજવાનું સર્વને કહો છો અને ફરજ પાડો છો તે અયોગ્ય છે.

વ્યાસજી—અરે પન્ડીતજી તમો એમ કહી ગયા કે બ્રાહ્મણ વરણ શીવાય બીજી કોઇ વરણને ૐકાર બોલવાનો કે જપવાનો અધિકાર નથી. તો તમને પુછીએ છીએ કે ત્રીવરણમાં ક્ષત્રીને ગણો છો કે નહિ.

પંડિત કેહે છે ક્ષત્રીને ગણીએ છીએ.

વ્યાસજી—જો ક્ષત્રીને ગણો છો તો શ્રી કૃષ્ણ અને અર્જુન એ બેઉ ક્ષત્રી હતા કે નહિ.

પન્ડીત—ક્ષત્રી હતા.

વ્યાસજી—જો તે ક્ષત્રી હતા તો શ્રી કૃષ્ણે અર્જુનજીને ગીતાજીના આઠમા અધ્યાયના ૧૩ મા શ્લોકમાં તથા ૯ અધ્યાયના ૧૭ મા શ્લોકમાં કહ્યું છે. માટે ૐકાર જે એકાક્ષર મંત્ર જપવાનો ને તે સમજવાનો ઉપદેશ કર્યો તે કેમ. વળી તમને પુછીએ છીએ કે ચારે વરણના શરીરોને વિશે રહેલો જે જીવાત્મા શી વરણ છે, તે કહેશો ?

પન્ડીત—જીવાત્માની તો વરણ હોયજ નહિ, એ તો વરણ રહિત છે. માટે તે તો એકે વરણ કેહેવાય નહિ. જે જીવાત્મા છે તેને ન કેહેવાય બ્રાહ્મણ ન કેહેવાય, ક્ષત્રી ન કેહેવાય, વૈશ્યકે ન કેહેવાય શુદ્ર.

વ્યાસજી—જુઓ ભાઈ તમે જીવાત્માને તો કોઇ વરણનો કેહેતા નથી તો વરણ શાને કોહો છો?

પન્ડીત—દેહ માત્રનો વરણ કેહેવાય છે.

વ્યાસજી—જયારે દેહોની વરણ કોહો છો તો અમો કોઈના દેહને ૐકાર આપતા નથી. તેમ તે દેહો અમારી પાસેથી ૐકાર લેતી નથી. કેમકે દેહ છે તે તો જડ પદાર્થ છે તે જડ પદાર્થને ૐકાર લેવાનુ જ્ઞાન હોય નહી. માટે દેહોના જે વરણ કેહેવાય છે તેને અમે ૐકાર આપતા નથી. ને જીવાત્મા જે છે તે ચાર વરણમાંની એકે વરણમાં નથી માટે તેને અમો ૐકાર આપીએ છીએ તેમ તેને ૐકારનું જ્ઞાન કરીએ છીએ, તેથી કોઇ વરણને ૐકાર શબ્દનો બાધ લાગતો નથી. વળી તમો એમ કહી ગયા કે સ્ત્રીને ૐકારનો અધિકાર નથી તે આપનુ કેહેવું અમારે માન્ય છે. અને અમો તેમજ વરતીએ છીએ, જુઓ કે સ્ત્રી શરીરને વિશે જે જીવાત્મા છે તે નારીજાતી નથી. જીવ કહો, આત્મા કહો કે પ્રાણ કહો તે સર્વનામાં નરજાતિનાં છે. તેથી જીવાત્મા સ્ત્રી નથી તેને ૐકાર આપ્યાનો બાધ કહો છો તે તમારી ભુલ છે. અને જે કાયા અથવા દેહ છે તે નારીજાતિછે, તેમ તે જડ છે. તેથી તેને તો અમે

ઉઅકાર આપતાજ નથી. છતાં તમો શંકા કરો છો તે તમારી શંકા ખોટી છે, ને જુઠી છે. અમે દેહોહં બુદ્ધિવાળાનેજ વરણ માનીએ છીએ ને ગણીએ છીએ. માટે તમારો પ્રશ્ન દ્વેશ બુદ્ધિનો છે. જો બીજા જીવો ઉપર તમારી દ્વેશ બુદ્ધિ ન હોય તો તમો બીજા જીવો ઉપર આટલો બધો આક્ષેપ કરો નહી. વળી આપણે બ્રાહ્મણ વર્ણના શરીરવાળા જીવોનેજ મોક્ષ પામશો છે ને બીજી વરણના શરીરોમાં રહેલા જીવોને તમારે મોક્ષ પામવા દેવો નથી, એજ તમારી દ્વેષબુદ્ધિ અને દેહોહં બુદ્ધિ છે. અને તમારી દ્વેશબુદ્ધિને લીધેજ લોકોએ કહેવત કર્યું છે કે, બદ્ધાં કુત્તાં ને બામણાં આ રીતે બ્રાહ્મણ વરણને બીલાડાં કુતરાની બરાબર ગણ્યા છે. માટે હે ચકરી પાઘડીવાળા પન્ડીતજી વિદ્વત્તાનું અજ્ઞાન ભરેલુ પન્ડીતપણ બતાવવાનું મુકી દેવું તેજ ઠીક છે. અખન્ડાનંદકી જે.

શંકા ૨૧ મી.

તુળશી પરણાવવા વિષે.

નવસારી નિવાશી સાધુ રણછોડદાસજી વલ્લભદાસજીને ત્યાં ખુશાલભાઈ નરોતમદાસે માહારાજ શ્રીને પ્રશ્ન કર્યો કે હે માહારાજ તુળશી જે વૃંદા ઝાળંધરની સ્રી હતી, તેને વિષ્ણુ દેવતાએ છળીને તેનું સત્ય છોડાવ્યું ને પછી પોતે તેને અંગીકાર કરી તે તુળશીને વિષ્ણું સાથે વારંવાર લોકો પરણાવે છે તે કેમ હશે ?

વ્યાસજી—તમારા પ્રશ્નનું નિરૂપણ ન્યાયવલ્લભ નામના પુસ્તકમાં જુઓ. અખન્ડનંદકી જે.

શંકા ૨૨ મી.

ક્ષીરસાગર વિષે

ગામ કીસનાડમાં મોક્ષમાર્ગી પટેલ. જેરામ ભકતીદાસને ત્યાં મહરાજશ્રી પધારેલા ત્યાં પોતે સભા સહીત બિરાજયા હતા, ત્યાં એક બ્રાહ્મણે પ્રશ્ન પુછયો કે હે મહારાજ ઘણા વિદ્વાન લોકો એમ કહે છે કે ભગવાન ક્ષીર સાગરને વિશે છે. માટે પુછું છું કે ક્ષીણ એટલે દુધ, તે દુધનો સાગર કયાં હશે ?

વ્યાસજી—અરે ભાઈ ક્ષર સાગર તો છે. ક્ષર એટલે નાશવાન, જે આ સંસાર રૂપી સાગર તે નાશવાન છે, તેથી આ સંસારને ક્ષર સાગર કહો છે તે ક્ષર સાગરને વિશે ભગવાન છે. એટલે સંસારમાં પોતે ચરાચર વ્યાપી રહેલા છે તેથી ક્ષર સાગરમાં ભગવાન છે એમ કહે છે. પણ જે ક્ષીર સાગર કહે છે તે ક્ષીર કેહેતાં દુધનો સાગર તો છેજ નહિ. ક્ષીર એવું કોઇ સમુદ્રનું નામ હશે પણ તે દુધનો હશે નહિ. આતો નાશવાન સંસાર રૂપી સાગરને ક્ષર સાગર કહેલો હોવો જોઈએ. તે વૈરાગ વિષયમાં આ ક્ષર સાગરને લાહારી બોરા વિદ્વાનો અજ્ઞાનથી ક્ષીર સાગર કેહે છે. જુઓ ભાઈ દરેક શબ્દના બોલનો તોલ કરીને

કેહેતા હોય તો જગતના જીવોને શંકા ઉત્પન્ન થાય નહિ. પણ બોલનો તોલ કરતા નથી ને શબ્દની ભાવનાને સમજતા નથી. તેમ નહિ સમજવાથી સમજાવી શકતા નથી તેથીજ લોકોને શંકા ઉત્પન્ન થાય છે. એજ તમારા પ્રષ્ણનો ઉત્તર છે. અખંડાનંદકી જે.

શંકા ૨૩ મી
ગોકુળમાં નવ લખ ગાયો વિશે.

ગામ કલોલમાં સોની માહાજન હેમચંદ કસનદાસે પોતાને ઘેર માહારાજશ્રી વ્યાસજીને બ્રહ્માનંદનો સમાગમ કરવા તેડેલા, ત્યાં પંડયા હરજીવન પરભુરામ તથા જેશંગ પટેલ વિગેરે ઘણા માણસોની સભા થઈ હતી તે સમે નમ્રતાથી મોક્ષમારગી, વ્યાસજી ભાઇશંકરે પ્રષ્ણ કર્યો, હે માહારાજ ગોકુળમાં નંદજીને ઘેર નવલખ ગાયો હતી એમ સરવે કેહે છે. માટે મને એવી શંકા થાય છે કે નાહાનું સરખુ ગોકુળ ગામ, તેમાં નવ લાખ ગાયો અને તે ગાયોનાં નવ લાખ વાછડાં પણ હશે તેમ ગોકુળના ગોવાળોને પણ ગાયો હશે. તેમ તેનાં વાછડાં પણ હશે, તેટલી બધી ગાયો ને તેનાં વાછડાં ગામમાં કઈ રીતે માયાં હશે તે કૃપા કરીને કહો ?

વ્યાસજી—જુઓ ભાઈ નંદજીને ઘેર આટલી ગાયો હતી એવું કેહેનાર જે મુળ પુરૂષ તેના શબ્દને લાહારીખોરાએ ફેરવિ નાંખેલો છે. તેમ તે કેહેનારની ભાવનાને (હેતુને) જે નથી સમજતા તે ફેરવેલા શબ્દનેજ બોલી બતાવે છે. તેથી લોકોને શંકા ઉત્પન્ન થાય છે. પણ ખરૂ શું છે તે સાંભળો. ગોકુળ નાનું સરખુ ગામ છે ને તે ગામ મુળથીજ નાહાનું હતું. તેમાં નંદજીને ઘેર નવલાખ ગાયો કેહે છે તે ખોટું છે, ફકત નવ લાખી ગાયો હતી એટલે લાખાં વાળી નવજ ગાયો હતી. તે નવ લાખી ગાયોને નવ લાખ ગાયો ઠરાવી બેસાડી છે. તે ખોટું છે. જુઓ કોઈ ગોપને ઘેર પાંચ, કોઈને ચાર, કોઇને બે ને નંદજીને નવ એ રીતે ગાયો હતી. અને તે લાખાંવાળી હતી. એટલે જેમ આપણામાં કોઇ કોઈ માણસના શરીર ઉપર કાળું યા લીલું લાખું હોય છે તેમ લાખાંવાળી ગાયો હતી, તેને નવ લાખી ગાયો કેહેવાતી, તે નવ લાખીને નવ લખ ગાયો ઠરાવી બેસાડી છે તે હાલના કેહેનારની ને સમજનારની સમજ ફેર છે. અખંડાનંદકી જે.

શંકા ૨૪ મી
શીવોહ શીવોહં વિશે.

સંવત ૧૯૬૮ માં હું સાધુ પુરણદાસ તથા વ્યાસ મગનલાલ અમો બેઉ શ્રી વ્યાસજી માહારાજ વલ્લભરામની સાથે માહારાજશ્રીની સેવામાં વડનગર પટેલ છગનલાલ જોઈતારામના તેડવાથી આગ ગાડીમાં બેસી જતા હતા, તે ગાડીમાં ગામ નારદીપરના પાંચ સાત નાગર ને બીજા ગામના ઘણાક બ્રાહ્મણો બેઠેલા,

તેમાંના એક વ્રદ્ધ ડોસા કઇલાસપતિ શિવોહું કઇલાસપતિ શિવોહું એવું, બાંટા કાઢીને બોલ બોલ કરતા હતા, તેમને ઘણીવારે માહારાજશ્રી વક્ષભરામે પુછ્યું કે અરે માહારાજ તમો આ કોનું સ્મર્ણ કરો છો ? એટલે વ્રધ નાગર બ્રાહ્મણે કહ્યું કે કઇલાસવાશી પાર્વતિ પતિ માહાદેવનું સ્મર્ણ કરીએ છીએ.

વ્યાસજી—વારૂ ભાઈ, પણ શીવોહં શીવોહં એટલે શું ? નાગર બ્રાહ્મણ કહે છે. શીવોહં એટલે શીવ અને અહમ એ બે શબ્દો મળવાથી શીવોહં શબ્દ બોલાય છે. અર્થાત્ત હું શીવ.

વ્યાસજી—આગળ આપ એમ કહી ગયા છો કે કઇલાસવાસી શીવનું સ્મર્ણ કરીએ છીએ તેથી પુછીએ છીએ કે કૈલાશવાશી શિવ, અને હું શિવ એમ તમે કહ્યું તેથી તો બે શિવ થયા.

બ્રાહ્મણ—નાના માહારાજ બે નહી અમે એકજ શીવ છીએ.

વ્યાસજી—અરે વ્રધ બ્રાહ્મણ કાંક વિચારીને બોલો, વગર વિચાર્યું બોલવાથી ઘણો દોષ લાગે છે.

બ્રાહ્મણ—જુઓ માહારાજ હું જ શીવ છું, હું જ કૈલાસવાશી શંકર છું હું જ શંભુ છું એવી વ્રત્તી રાખીએ તોજ જીવ શીવની એકતા થાય. માટે હું જ કૈલાસવાશિ શંકર છું શિવ છું એમ અમે તો નીશ્ચે કરી બેઠેલા છીએ. એટલે કૈલાશવાશિ શિવ તે અમેજ છીએ. કોઈ બીજો છે નહિ. શિવોહં, શિવોહં, શિવોહં.

વ્યાસજી—વાહ વાહરે વાહ અહો મહારાજ તમેજ આપોઆપ શિવ છો ત્યારે તો ગણપતિ તમને બાપા કેહેતા હશે ને તમેજ ગણપતિના બાપા થતા હશો ? અને જગત માતા જે પાર્વતિ તે તમારાં ધણીઆણી થતાં હશે ને તમે તેના ધણી એટલે પતિ હશો ? એવાં વ્યાસજીનાં વચન સાંભળી ગાડીમાં બેઠેલા તમામ લોકો આશ્ચર્ય થઈ મોઢામાં આંગળીયો ઘાલીને માહા વિચારમાં પડી થોડીવારે કેહેવા લાગ્યા કે ખરી વાત છે આપણે કૈલાસવાશી શીવ છીએ એમ કહીએ તો માહા દોષ લાગેજ એટલે શીવોહં કેહેનારે કહ્યું અરે માહારાજ ઘણાક વિદ્વાનો પણ શીવોહં શીવોહં કરે છે તે કેમ ?

વ્યાસજી—જુઓ ભાઈ અજ્ઞાનથી છવાઈ ગયેલા વિદ્વાનો બોલનો તોલ કર્યા વિના શબ્દોના ભાવાર્થ સમજ્યા વિના ફકત શબ્દો કાઢે છે; અને શબ્દના બોલનો તોલ કરતા નથી. તેથી પોતે માહા દોષવાન થાય છે ને બીજાને દોષવાન કરે છે. અને દોષવાન થવાથી ઉલટી ધર્મની હાની થાય છે તે વિષે એક શ્લોકમાં કહ્યું છે કે.—

શ્લોક

केवलं शास्त्रमाश्रीतो, न कर्तव्योही निर्णय;
युक्तीहिन विचारेतूं, धर्म हानी प्रजायतः

અર્થ, શાસ્ત્રનાં વચનોને યુકતી વડે વિચારી નીર્ણય કરતા નથી; તેના ધર્મની હાની થાય છે. ભાવાર્થ, જે પ્રાણી શાસ્ત્રના વચનોના શબ્દને વિચારી જોયા વિના

શબ્દ બોલ બોલ કરે છે તેના ધર્મનો નાશ થઇને અધર્મની ગોસડી બંધાય છે માટે શબ્દે શબ્દનો ભાવાર્થ સમજીને પછી તે શબ્દ વાપરવો જોઇએ.

પ્રધ—શું ત્યારે શીવોહં શબ્દ ખોટો ને જુઠો છે?

વ્યાસજી—ના ખરો ને સાચો છે. પણ તે શબ્દ કઈ વેળાનો છે કોનો છે ને કોણ બોલ્યું છે તેમ તે બોલવાનો અધિકાર કોનો છે તેવું વિચારી સમજીને પછી બોલવું જોઇએ.

પ્રધ—હે માહારાજ શીવોહં શબ્દ સાચો છે તો તે કોના મુખનો કોણે કહેલો ને કોને તે કેહેવાનો અધીકાર છે તે કૃપા કરી સમજાવો એટલે અમે અત્યારથી આપનેજ ગુરૂ માનીશું.

વ્યાસજી—ના ભાઈ અમારે ગુરૂ મનાવવાની ઇચ્છા નથી, કેમકે ગુરૂ થવાથી ગુરૂને ઘણોજ કલાભ છે. જેમકે મેહેતાજી થયો તે તો સદા મેહેતાજીનીજ જગાએ રહે, પણ જે નીશાળિયો હોય તે તો ગમે તેટલા મેહેતાજીનો નિશાળિયો થઈ સર્વ વિદ્યા સંપાદન કરે, એટલે તે મોહોટે દરજ્જે ચઢી જાય. અને મેહેતાજી થયો તેનાથી કોઇના નિશાળિયા થવાય નહી તેથી તેનામાં બીજી વિદ્યાનો વધારો થતો નથી ને. વધારો નહિ થવાથી તે મેહેતાજી એટલે ને એટલેજ દરજ્જે રેહે છે, જેમકે કીડી થાય તે સાકર ખાય ને હાથી થાય તે ઝાંડાં ખાય. માટે મોહોટા થવાની અમારી ખુશી નથી. તેથી, ભાઈ ભાવ સમજીને તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ તે સાંભળો. જુઓ ભાઇ શીવોહં શબ્દ કેવળ કઈલાશવાશી શીવના મુખનો છે; ને તે કેઈ વેળાનો (વખતનો) છે તે સાંભળો. જે વખત માહાદેવજી પાર્વતીને વ્રદાન આપીને જંગલમાં તપ કરવા ગયા, તે પછી પાર્વતીએ ઓખા પુત્રીને ને ગણપતીને ઉત્પન્ન કર્યાં તે જોઈ નારદજીએ જઈ માહાદેવને કહ્યું કે માહારાજ તમે તો હાંઈ છો ને પાર્વતીએ તો બે છોકરાં ઉત્પન્ન કર્યાં છે. એટલે નારદજીના વચન સાંભળી ભંગી જંગી ભાંગના ઘેનમાં કઈલાશ ગયા તે સમે પાર્વતી કઈલાશના દ્વાર દેઇ સ્નાન કરતાં હતાં તેથી શીવજીએ તે દ્વારની સાંકળ ઠોકી તે સાંભળી પાર્વતીએ પુછ્યું કે કોણ એ, ત્યારે શીવે કહ્યું કે શીવોહં અર્થાત એતો હું શીવ. આ રીતે શીવજીના મુખનો શબ્દ છે, અને તે પોતેજ બોલ્યા છે. તે શબ્દ બીજાને બોલવાનો અધીકાર નથી: જુઓ તમે શું પાર્વતિના પતિ છો કે કઇલાશવાશી શીવોહં કોહો છો? જોજો માહારાજ આજ પછી શીવોહં શીવોહં ઉચ્ચાર કરશો નહી, એવાં વ્યાસજી માહારાજનાં વચનો સાંભળી સરવે ન્યાઇ ને વિવેકી બ્રાહ્મણો માહારાજને ચરણે લાગી મહારાજશ્રીની સ્તુતી કરી કહ્યું કે હે કૃપાનીધી આપને અમે તો આજથી ગુરૂ માનીશું એમ કહી નમસ્કાર કર્યા.

શંકા ૨૫ મી.

અજ-માના લોક વિષે.

ઉપર લખેલો પ્રશ્નોત્તર થઈ રહ્યા પછી રૂપાલના બાલાશંકર શાસ્ત્રી તથા ગીરીતાના એક ઉદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ માહારાજશ્રીને પ્રશ્ન કર્યો

કે હે માહારાજ માહારા સાંભળવામાં એવું છે કે આધશક્તી જે માયા, તે માયાના ત્રણ ગુણના ત્રણ દેવો બ્રહ્મા વિષ્ણુ ને શીવ તે ને માયા જે આધશક્તિ તેણે ઉત્પન્ન કર્યાં છે અથવા માયાથી થયા છે હવે કયાંથી થયા છે અથવા આપોઆપ થયા છે. તો પણ થયા એટલે જન્મ્યા, એમજ ગણાય છે, છતાં મહીમનમાં મહાદેવને અજન્માના લોક કહ્યા છે. તેમજ જગતના ઘણાક લોકો પણ કહે છે કે માહાદેવ અજન્મા છે. માટે પુછું છું કે માયાના તમોગુણથી શિવ થયા. એટલે જનમ્યાજ કહેવાય. આ વાત ખરી છે ? કે અજન્મા કેહે છે તે વાત ખરી છે ? વળી દરેક વરશે મહાવદી ચઉદશને દીવસે શીવરાત્રી કેહેવાય છે, એતે માહાદવનો કોઈ તેવાર માનવો કે શીવજીનો જન્મ દીવસ માનવો. તે કૃપા કરીને કહો !

વ્યાસજી—જુઓ ભાઈ આજકાલ કળીયુગના આગ્રહે કરીને ઘણા જીવોની નાસ્તીક બુધ્ધિ થઇ ગઇ છે. અને તેવિ બુધી થવાથી કુતર્કના પ્રષ્ણો ઘણા લોકો પુછે છે. તેના ઉત્તર અમો ન્યાયનીતિ વિવેકને તથા જુના વ્યવહારને અનુસરીને અનુમાન વડે કરીએ છીએ. કેમકે આ પુસ્તકમાં તથા ન્યાય વલ્લભમાં જે જે શંકાઓ જેને જેને ઉત્પન્ન થઈ છે તેની શંકાઓનું અનુમાન પ્રમાણથી સમાધાન કરેલું છે. કદી કેહેશો કે વેદશાસ્ત્ર પુરાણ કે ઇતિહાસ વિગેરે કોઈ પુસ્તકમાં સમાધાન લખેલું નથી તો આપનુ સમાધાન આપના અનુમાનથી કરેલું તે કેમ કબુલ કરાય, એવો કોઈ પ્રષ્ણ કરે તેનો ઉત્તર પહેલો સાંભળો. પછી તમારાં ચારે પ્રષ્ણનો ઉત્તર કરીશું. જુઓ ભાઇ જે જે માણસો જે જે શંકાઓ કરે છે તે વેદશાસ્ત્ર પુરાણ ને ભારથાદીક ઈતિહાસોમાંથી સાંભળેલી વાતમાંથીજ કરે છે. અને તે શંકાઓ કરનાર મુર્ખ હોતા નથી. તેમ નાસ્તીકપણાથી તે શંકાઓ કરતા નથી. તેથી તેની શંકાઓનું સમાધાન કરવું યોગ્ય છે. જો નાસ્તીપણાની કુતર્કી શંકાઓ હોય તો તે વાત ન્યારી છે. પણ આસતિપણાથી વેદશાસ્ત્ર પુરાણને ઇતિહાસમાંની શંકા રેહેતી હોય તેનું સમાધાન જ્ઞાનવાનોએ કરવું જોઇએ ને સમાધાન થવુંજ જોઇએ. જો તે શંકાઓનું સમાધાન કોઈ ન કરે તો શંકા કરનારના મનમાં એમજ થાય કે આ વેદમાં શાસ્ત્રમાં પુરાણમાં ને ઇતિહાસાદીકમાં જે જે વાતો કહિ છે તે વાતો અસંભવિત છે માટે તે પુસ્તકો ખોટાં છે, એમ સમજી ખરાં પુસ્તકોને ખોટાંજ માને, માટે જે જે શંકાઓ વેદશાસ્ત્ર પુરાણ ઇતિહાસાદીકની ન્યાય નિતિ વિવેક વ્યવહારને અનુસરતી હોય તેનું સમાધાન થવુંજ જોઇએ. વળી તે શંકાઓનું સમાધાન કોઇ પુસ્તકમાં લખેલું નથી, માટે તેનું સમાધાન અનુમાન પ્રમાણ વડેજ થાય છે. જો અનુમાન પ્રમાણથી સમાધાન કરી આપનાર ન હોય તો તે વેદશાસ્ત્ર પુરાણ ને ઇતિહાસો જુઠાંજ ઠરશે. માટે અનુમાન પ્રમાણથી જ્ઞાનવાન પુરૂષો સર્વની શંકાનું સમાધાન કરી શકે છે. તે સમાધાન ન્યાય નિતિ વિવેક વ્યવહારનેજ અનુસરતું હોવું જોઈએ અને તેવા સમાધાનનું શાબ્દ પ્રમાણ એટલે પુસ્તકનું પ્રમાણ હોતું નથી. જો પુસ્તકનું પ્રમાણ અને પુસ્તકોમાં સમાધાન કરેલું હોત તો કોઇ જીવને શંકા ઉપ્તન્ન થાતજ નહિ. માટે જુઓ ભાઈ આ તમારી શંકાઓનું સમાધાન ન્યાય નિતિ વિવેક ને વ્યવહારમાં અનુસરતું અનુમાન પ્રમાણ વડે કરીએ છીએ તે

સત્ય છે. અને જે મન છે તે ન્યાઈ છે માટે તે કબુલ કરશેજ ને તે કબુલ કરશે તો તે સમાધાન ખરૂંજ છે. એમ સમજીને સાંભળો. હવે જે તમે ચાર પ્રષ્ણ કર્યા છે.

૧ તમારો પ્રષ્ણ એ છે કે માહાદેવ અજન્મા કહેવાય છે તે ખરૂ ? કે

૨ આધ માયાના તમો ગુણથી શીવ થયા અથવા આધ માયાના ઉત્પન્ન કરવાથી ઉત્પન્ન થયા, તે ખરૂં ?

૩ શિવરાત્રી તે શિવનો જન્મ દીવસ છે ? કે

૪ શિવના કોઈ તેવારનો દીવસ છે ? એવાં તમારાં ચાર પ્રષ્ણો છે. તેનો ઉત્તર સાંભળો.

૧ તમારા પહેલા પ્રષ્ણનો ઉત્તર એ છે કે, મહિમનમાં માહાદેવને અજન્માના લોક કહ્યા છે તે કેવા પ્રકારે ને કીયા હેતુથી અજન્મા કહ્યા છે. અને આધ્ય માયાના તમોગુણના શિવ થયા છે અથવા આધ્ય માયાએ શિવ ઉત્પન્ન કર્યા છે. તે કેવા પ્રકારે ને કીયા હેતુથી કહ્યું છે, એ બેઉ પ્રષ્ણનું સ્વરૂપ એક છે માટે તેનો ઉત્તર ભેગોજ થશે.

જુઓ કે જે ત્રીગુણી આધ્ય માયા તેને ઇચ્છાશક્તિ કહો અથવા આધ્યશક્તિ કહો. તે આધ્ય શકિતએ પોતાના કલ્પમાં સ્રષ્ટી સરજવા પોતાના રજો તમોને સત્વ ગુણ, તે ત્રણ ગુણના પ્રથમ પહેલા ત્રણ મોહોટા દેવો ઉત્પન્ન કર્યા. તેમાં તમોગુણના શીવ, રજો ગુણના બ્રહ્મા ને સત્વ ગુણના વિષ્ણુ. તે ત્રણને ઉત્પન્ન કરીને આધ્ય શક્તિએ તે ત્રણેને કહ્યું કે આપણે સરવે મળી સ્રષ્ટીનો વ્યવહાર ઉપસ્થિત કરવો છે, માટે હે બ્રહ્મા તમે મને વરો તો સૃષ્ટી વ્યવહાર ચાલુ થાય ત્યારે બ્રહ્માએ કહ્યું કે મને તમે ઉત્પન્ન કર્યો અથવા તમથી થયો માટે તમે જનેતા કેહેવાયાં તેથી તમને વરાય નહિ. તેમ હું વરૂ પણ નહિ. ત્યારે શકતિએ માહા ક્રોધાગ્નિ વડે બ્રહ્માને બાળી ભસ્મ કર્યા. પછી વિષ્ણુને કહ્યું કે તમે મને વરો છો કે નહિ, ત્યાર વિષ્ણુયે કહ્યું કે ના. એટલે આધ્ય શકતીએ વિષ્ણુને પણ બાળિ ભસ્મ કર્યા. એ રીતે બ્રહ્મા ને વિષ્ણુ બળિ ભસ્મ થવાથી મહાદેવજી માહા ભય પામી રહી પડયા; ને પેલા બેની ભસ્મ થએલિ તેમાં પડી આળોટવા લાગ્યા ને આક્રંધ કરવા લાગ્યા. એ માહાદેવને તે દીવસથી ભસ્મ ચઢી છે. અને તેથીજ મહીમનમાં એમ કહયું છે કે ચીતા ભસ્મ લેપ. એટલે બ્રહ્મા ને વિષ્ણુ જેમ ચિતામાં બળે તેમ બળિ ભસ્મ થયેલા તેની ભસ્મમાં આળોટવાથી ચિતા ભસ્મ લેપ એમ કહ્યું છે. હવે બળિ ગએલા બેઉની ભસ્મમાં પડી શીવજી માહા કલેશ કરે છે. એટલામાં આધ્ય શક્તિએ શિવને કહ્યું કે બોલો તમે મને વરો છો કે નહિ? ત્યારે માહાદેવે કહ્યું કે એકવાર આ બેને સજીવન કરો તો તમને જવાબ દઉ ત્યારે આધ્ય શકતીએ બ્રહ્માને ને વિષ્ણુને સજીવન કર્યા પછી શક્તિએ માહાદેવને કહ્યું કે હવે શું જવાબ દો છો? ત્યારે શિવે કહ્યું કે તમારૂં આ એક સ્વરૂપ છે તે કાયમ રાખીને બીજાં ત્રણ સ્વરૂપ ધારણ કરો તો, તે ત્રણ સ્વરૂપને અમે ત્રણે જણ વરીયે. એવાં શિવજીનાં વચન સાંભળી આધ્ય શકતીયે બીજાં ત્રણ સ્વરૂપ ધારણ કર્યા, તેમાં એક બ્રહ્માણી બીજી રૂદ્રાણી ત્રીજી વૈષ્ણવી એ રીતે બીજાં ત્રણ સ્વરૂપ ધારણ કરી બ્રહ્માણી બ્રહ્માને વરી, રૂદ્રાણી માહાદેવને વરી ને વષ્ણવી વિષ્ણુને વરી

એ રીતે બ્રહ્મા વિષ્ણુ ને શિવની હકિકત થઈ. હવે જે શિવને અજન્મા કહ્યા તે એવા પ્રકારે ને એવા હેતુથી કહ્યા છે કે બ્રહ્મા ને વિષ્ણુ આદિ જીવને પાછા બીજીવારના ઉત્પન્ન થયા તેથી તેમને જન્મા ગણ્યા ને મહાદેવજી આદ્યા નથી તેમ આદિને ઉત્પન્ન થએલા નહિ અને એમને એમ આરોગ્ય રહેલા માટે તેમને અજન્મા કહેલા છે, એ તમારા પેહેલા ને બીજા પ્રશ્નનો ઉત્તર છે.

હવે તમારો ત્રીજો ને ચોથો પ્રશ્ન એવો છે કે શિવરાત્રી તે શિવનો જન્મ દિવસ છે કે શિવના કોઈ તેવારનો દીવસ ? જુઓ ભાઈ શિવરાત્રી તે શિવનો જન્મ નથી જેમ રામ નામ રાધા અષ્ટમી ગોકુળ અષ્ટમી જન્મ દીવસ છે તેમ શિવરાત્રી નથી. એતો જે દીવસે શક્તિની પાસે આરોગ્ય રહ્યા તે દીવસ છે તેથી તે શિવરાત્રી કેહેવાય છે. એજ તમારા પ્રશ્નોનો ઉત્તર છે. અખંડાનંદકી જે.

શંકા ૨૬ મી.
અહમ બ્રહ્માસ્મી વિશે.

સંવત ૧૯૬૭ માં વસોડાના નીવાશી મોક્ષ મારગી સોની જુગલભાઇ જેઠાભાઇ તથા તેમના ભાઈ પ્રસાદજી તથા લીલાચંદ તેમણે મહારાજશ્રીને પોતાને ઘેર તેડાવેલો ત્યાં મોક્ષ મારગી જાની નારણભાઈ રવિદત્તે પ્રશ્ન કરેલો તે.

હે માહારાજ આજ કાલ ઘણા ઘણા વિદ્વાનો એમ કેહે છે કે અહમ બ્રહ્માસ્મી. અહમ બ્રહ્માસ્મી, એટલે હું બ્રહ્મ છું એમ કહે છે. તેમાં માહારી એવિ શંકા છે કે બ્રહ્મ તો પરમેશ્વરનું એક નામ છે, એમ હું સમજુછું. માટે અહમ બ્રહ્માસ્મી કેહેનારા પરમેશ્વર હશે કે કેમ ?

વ્યાસજી—જુઓ ભાઈ અહમ બ્રહ્માસ્મીએ વચન કેહેનારાનું કે કેહેનાનારાના બાપનું નથી. એ તો જે વેદ નારાયણ વેદ વકતા પરબ્રહ્મ છે તેના મુખનું વચન છે. અને તે પોતે પર બ્રહ્મ છે. તેમણે બ્રહ્માને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા, એટલે ઓળખાણ આપવાને કહ્યું છે કે, અહમ બ્રહ્માસ્મી. એટલે પોતે આખા વિશ્વનો બ્રહ્મ એટલે નીયંતા છે તેથી તેણે તો કહ્યું કે, અહમ બ્રહ્માસ્મી. પણ સાક્ષાત વેદ નારાયણનું કહેલું બીજા કહે અથવા માને તે કેવળ અજ્ઞાન છે. જેમ બાપ પોતાના છોકરાને એમ કહે કે હું તાહારો બાપોછું, એટલે તેનું કહેલુ છોકરો બોલે કે હું તાહારો બાપો છું. તેવું અહમ બ્રહ્માસ્મી કેહેનારાનું બોલવું છે એમ સમજવું. વળી કોણે કોને કહ્યું છે કે અહમ બ્રહ્માસ્મી. તે તો પોતે જાણ્યું નથી. કદી કોઈ કેહેસે કે વેદે કહ્યું છે; અથવા વેદ વકતા ઈશ્વરે કહ્યું છે. તો પછી બીજાને કહેવાનો શું અધીકાર છે! કાંઈજ નથી. છતાં વેદનું બોલેલું વચન બીજો કોઇ બોલીને હુંજ પોતે વેદ વકતા બ્રહ્મ છું એમ માને તે અજ્ઞાન છે. કેમકે સર્વ વેદને પોતે જાણતો છે નહી, ને હુંજ વેદ વકતા બ્રહ્મ છું એવું કેહેવું કે માનવું તેજ ઉઘાડું અજ્ઞાન છે. અને ૨૪ મી શંકાના જેવીજ આ શંકા છે; તેમ તેવોજ ઉત્તર છે. વળી વીશેષ સમજવું હોય તો વ્યાસજી મહારાજનું રચેલું બ્રહ્મવાદ ખન્ડન નામનું પુસ્તક છે. તે જુઓ. અખન્ડાનંદકી જે.

શંકા ૨૭ મી
ૐ સોહમ વિશે.

અમદાવાદમાં વડનગરા પાટીદાર સાંકળચંદ અને શંકરભાઈ એ બેઉએ મળી એવો પ્રશ્ન કર્યો કે, હે માહારાજ તંબુરાના ભજનવાળા એમ કહે છે કે હોમ સોહમ. એટલે હોમકાર તે અમેજ છીએ. આ વિશે આપ શું કહો છો!

વ્યાસજી— જુઓ ભાઈ માયા વશીષ્ટ બ્રહ્મ. અથવા પ્રક્રતિ પુરૂષ અથવા વેદનારાયણ અથવા વ્યકત એવા નામથી જે જગતમાં વેદમાં ને ગીતાજીમાં કહેવાય છે. ને જેનાથી આ જગતમાં વ્યકતીઓએટલે પ્રાણી પદાર્થ ઉત્પન્ન થએલાં છે ને થાય છે તેમ તેમાં જાય છે તે વ્યકત પરબ્રહ્મનો જયારે તીરો ભાવ એટલે જવાપણુ થાય છે. ત્યારે સર્વ વકતીયો જે પ્રાણી પદાર્થોથી ભરેલું જે વિશ્વ તેને પોતામાં આકરશણ કરી લેવાને તે વ્યકત એમ બોલ્યા છે કે જે ૐ સોહમ એટલે જે અકાર ઉકાર ને મકાર, અકારમાં ઈશ્વર કોટી ઉકારમાં જીવકોટી મકારમાં દેવકોટી એવા જે ત્રીલોકનો ૐકાર છે તેને પોતામાં ખેંચી લેવા કહ્યું છે. કે ૐ પછી સોહંમ સો એટલે તે હું થાઉં એવા હેતુથી વેદનારાયણ જે વકત તેણે ૐ સોહમ એવું વચન કહ્યુ છે, તે પ્રથમ નાભીના પંચ મુખી બ્રહ્માએ શ્રવણ કરેલું અને તે શ્રવણ કરીને પોતે ભાંખેલું તેનું નામ સ્રુતી છે. હવે જુઓ કે તમારા પ્રશ્નનો હેતુ તમે સમજી ગયા પણ વિશેશ સમજાવાને કહીએ છીએ કે ૐ સોહમ તે વેદનારાયણના મુખનું વચન છે. તે અજ્ઞાની જીવો સમજતા નથી ને ૐ સોહમ ૐ સોહમ કહ્યા કરે છે. એવું આજ કાલ અજ્ઞાન ફેલાઇ ગએલું છે. કારણ કે બોલનો તોલ કોઈ કરતા નથી તેથી સમજનારને સમજાવનાર ગમે તેવા વિદ્વાન હો પણ અજ્ઞાન છે. અને જેવું શીવોહં તેવુંજ અહમ બ્રહ્માસ્મી. ને તેવુંજ ૐ સોહમ સમજવું. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે

શંકા ૨૮ મી.
ગણપતીની ઉત્પત્તી વિશે,

ગામ નવસારીમાં ઉત્તમરામભાણાભાઇને ઘેર ન્યાયની વારતાને માન્ય કરનારા એવા એક પંચોળી સુથાર જેનું નામ ભુલી ગયા છીએ તે ડાહ્યા પુરૂશે શ્રી વ્યાસજી માહારાજને પ્રશ્ન કર્યો કે હે માહારાજ ઘણાક લોકોની મેં એક શંકા સાંભળી છે તે આપને કહું છું.

ઓખાહરણમાં એમ કહે છે કે માહાદેવે પાર્વતીને વરદાન આપવાથી પાર્વતીએ પોતાના જમણા અંગનો મેલ ઉતારી ગણપતી બનાવ્યા અને ડાબા અંગનો મેલ ઉતારી તેની ઓખા પુત્રી બનાવી, તે વિશે એવી શંકા થાય છે કે પાર્વતી એવાં કેવાં ફુવડ હતાં, કે એમના અંગ ઉપરથી બે છોકરાંનાં પુદગળ થયાં એટલો બધો મેલ ઉતર્યો, માટે પુછુ કે શું પાર્વતી કોઇ દીવસ નાહાતાં નહી હોય, કે એટલો બધો શરીરે મેલ ચડેલો હશે?

વ્યાસજી—જુઓ ભાઈ ઓખાહરણ તમોએ સાંભળ્યું છે, માટે ધ્યાન દઈ સાંભળો. જુઓ કે કઇલાસમાંથી માહાદેવજી તપ કરવા જવા તૈયાર થયા, તે વખતે પાર્વતીએ કલેશ કરી મહાદેવજીને એમ કહ્યું કે હે માહારાજ તમારે તો વારે વારે તપ કરવા જવું; તેથી આવા મોહોટા કૈલાસમાં માહારે એકલીને રેહેવું તે મને ગમતું નથી. હરી ફરી માહારે વાત ચીત કરવી હોય તો આ ડાકણ સાકેણ ભુત પ્રેતની સાથે કરવાની, તેથી મને ગોઠતુ નથી. જો કદી એક બે પુત્ર પુત્રાદીક માહારે પેટ હોય તો તેને રમાડીને દીવસ કાહાડું, પણ આતો કાંઇજ નહી. એવાં પાર્વતીનાં વચન સાંભળી માહાદેવે બે છોકરાંનું વરદાન આપ્યું ને માહાદેવજી તપ કરવા ગયા, આ રીતે સાંભળવામાં છે કે નહી

બીસ્ત્રી —હા માહારાજ.

વ્યાસજી—જુઓ ભાઈ માહાદેવજીએ જે પાર્વતીને જે વરદાન આપ્યું તે વરદાન શબ્દનો તોલ કરવાનો છે. અમે આ ઠેકાણે વરદાન શબ્દનો એવો ભાવાર્થ લેઈયે છીયે કે વરદાન આપ્યું નોહોતું, પણ વીર્યદાન આપ્યું હતું. તેથી પાર્વતીની બેઉ કુંખે ગર્ભ રહેલા હતા. પાર્વતીના અંગના મેલથીબે છોકરાં ઉતપન કર્યા એ મેલ શબ્દનો એવો ભાવાર્થ છે કે મળ. અંગના મેલથી નહી પણ અંગમાંના મળથી એટલે મળ સમીપ ગર્ભવાસ રહે છે. અને તે ગર્ભ છે તે અંગના મેલથીજ બંધાયેલો રેહે છે, તેથી તેને મેલ પણ કેહેવાય છે. એ રીતે માહાદેવે વિર્યદાન આપવાથી પાર્વતીના અંગના મળરૂપી મેલથી ગણપતીનેને ઓખાને ઉત્પન્ન કર્યાં એમ કહ્યું છે.

બીસ્ત્રી—હે માહારાજ માહાદેવજીએ પાર્વતીને પુત્ર થવા માટે વિર્યદાન આપ્યું હોય તો જ્યાં માહાદેવજીતપ કરતા હતા ત્યાં નારદજીએ જઈ કહ્યું કે અરે શંભો તમે તો હાંઇ તપ કરો છો ને કઈલાશમાં તો તમારી સ્ત્રી પાર્વતીને બે છોકરાં થયાં છે. એ રીતે ઘેર તો ગોટાળો વળ્યો છે. એવાં નારદજીના વચન સાંભળી માહા ક્રોધાતુર થઈ માહાદેવજી કઈલાસમાં ગયા. તે સમે પાર્વતી કઇલાશ ધામનાં દ્વાર વાશીને અને ગણપતીને બાહાર બેસાડીને સ્નાન કરતાં હતાં માટે માહાદેવને કઇલાશ ધામમાં જતા ગણપતીએ અટકાવ્યા તેથી માહાદેવે ગણપતીનું મુસ્તક છેદી નાંખ્યું. જો મહાદેવજીના વિર્યદાનથી પાર્વતીએ પુત્ર ઉત્પન્ન કર્યાં હોત તો પુત્ર ઉતપન થયાની વાત જાણીને માહાદેવજી ક્રોધાતુર થાત નહી, તે પોતાથી થએલા ગણપતીને મારી નાંખત નહી. એ રીતે આપશ્રીના ઉત્તરમાં મને શંકા થાય છે.

વ્યાસજી—જુઓ ભાઈ માહાદેવજી ભાંગ પીતા હતા તે વાતતો આપના જાણ્યામાં હશે. તેથી તે જંગી ભંગી ભાંગના નીશામાં ભાન ભુલી ગએલા તેમાંથી ક્રોધાતુર થઈ બેભાનમાં નારદજીનું કહ્યું માની ગયા ને ગણપતીનું મુસ્તક છેદી નાંખ્યું. તે પછી જ્યારે પાર્વતીએ આવી માહાદેવજીને વારતા કહિ કે હે માહારાજ આપ તપ કરવા જતા હતા તે વખતે મેં રડીને તમોને કહ્યુ કે મને એકલીને કઈલાશમાં ગમશે નહી તેથી તમોએ મને વિર્યદાન આપ્યું. તે વડે આ એક પુત્રને એક પુત્રી માહારા અંગથી ઉત્પન્ન થયાં છે. છતાં માહારા પુત્રને

કેમ માર્યો ? ત્યારે માહાદેવજીને ભાન આવ્યું ને ગણપતીને સજીવન કર્યાં, જો તે વાત ખરી ન હોત તો અન્યથી ઉત્પન્ન થયેલા પુત્રને સજીવન કરતજ નહી. માટે તમારી શંકા ખોટી છે. અને તમારા પ્રષ્ણનો ઉત્તર આપ્યો તેજ સત્ય છે. એવા માહારાજશ્રીનાં વચન સાંભળી ન્યાયવાન મીસ્ત્રીએ ભરી સભામાં પુષ્કળ પુષ્પની વ્રષ્ટી વરસાવીને પોતે માહારાજશ્રીને પોતાના ગુરૂભાવ માની લીધા એટલે સર્વ જય બોલ્યા, અખંડાનંદકી જે.

શંકા ૨૯ મી.

હાથીનું મુસ્તક બેસ્તુ આવ્યા વિશે.

ત્યાંને ત્યાંજ મીસ્ત્રી કલાણભાઇ ભુલાભાઈએ ઉપરના પ્રષ્ણના ઉત્તરમાં પ્રષ્ણ કર્યો કે હે માહારાજ ઓખાહરણમાં એમ કહ્યું છે કે માહાદેવજીએ જે વેળા ગણપતિનું મુસ્તક છેદયું તેવુંજ તે મુસ્તક જઈ ચંદ્રમાના રથમાં પડયું. તેથી મહાદેવજીએ પોતાના અનુચરોને કહ્યું કે આ રસ્તે જાઓ તેમાં જે પ્રાણી પહેલું મળે તેનું મુસ્તક છેદી લાવો. તેથી અનુચરો ગયા ને રસ્તામાં હાથી મળ્યો તે હાથીનું મુસ્તક કાપી લાવ્યા, તે મુસ્તક માહાદેવજીએ ગણપતીના ધડ ઉપર ગળાનો ભાગ રહેલો તેના ઉપર હાથીનું મુસ્તક બેસાડી ગણપતીને સજીવન કર્યા. આ વિશયમાં માહારી એવી શંકા છે કે મનુશના ગળા ઉપર એટલે ડોકા ઉપર હાથીનું ડોકું બેસતું આવે તે સંભવતું નથી, કેમકે મનુષ્યનું ડોકું નાહાનું હોય ને હાથીનું ડોકું ઘણું મોહોટું હોય, તે કેવી રીતે બેસતુ કર્યું. એટલું કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઇ જેને સજીવન કરવાની શકતી હશે તેને ડોકું બેસતુ કરવાની શકતી કેમ નહી હોય ? એટલું વિચારીને તમે પ્રષ્ણ નથી કર્યાં તેથી તમારો પ્રષ્ણ અજાણપણાનો છે આ ઉત્તરથી શમાધાન છે. અખન્ડાનંદાનંદકી જે.

શંકા ૩૦ મી.

ગણપતીની ચતુર્થી વિશે.

નવસારીના મોક્ષ મારગી, મીસ્ત્રી હરગોવનભાઈ ફકીરભાઇએ માહારાજશ્રીને પ્રષ્ન કર્યો કે હે માહારાજ દરેક વરસની માગશર માસની કૃષ્ન પક્ષ ચતુર્થિએ ઘણા લોકો ચતુર્થિ કરે છે. તેને ગણપતિ ચોથ કહે છે. છતાં ચંદ્રમાનાં દરસન કરી જમવા બેસવાનું કારણ શું ?

વ્યાસજી—જુઓ ભાઇ માગશર વદ ચતુર્થિને દીવસે માહાદેવજીએ ગણપતિનું મુસ્તક છેદયું હતું તે મુસ્તક ચંદ્રમાના રથમાં જઈ પડયું હતું તેથી ચંદ્રમાના દરશન થવાથી ગણપતિના મુસ્તકનાં દરશન મનાય છે. તેથી ચદ્રના દરશન કરીને જમવા બેસે છે.

જીજ્ઞાસુ—એ વાત ધ્યાનમાં બેઠી પણ તે દીવસે લોક અપવાસ કેમ કરે છે ને ચંદ્રના દરશન કરીને કેમ જમે છે?

વ્યાસજી—જુઓ ભાઇ એ ચતુર્થિએ ગણુપતિનું મુસ્તક છેદ્યું તેથી ગણુપતિના ભક્તો શોકાતુર થઇ જમ્યા નહિ તેવામાં માહાદેવે હાથીનું મુસ્તક બેસાડી સજીવન કર્યા પછી માહાદેવે તેમના ભગતોને કહ્યું હવે જમો. ત્યારે ગણુપતિના સેવકોએ કહ્યું, આતો હાથીના મુસ્તકથી ગણુપતિ સજીવન થયા. પણ પ્રથમનું મુખ તો મરણ પામ્યું માટે જમીશું નહિ, ત્યારે માહાદેવે કહ્યું એતો ચંદ્રમાના રથમાં પડયું છે ને તે સજીવન છે માટે જમો. ત્યારે ગણુપતિના સેવકોએ કહ્યું તે મુખનાં દરશાન કરીશું ત્યારે જમીશું. પછી ચંદ્ર ઉદે થયા તેવારે ચંદ્રને રથે ગણુપતીનાં મુસ્તકનાં સજીવન દરશાન કર્યાં ત્યારે સર્વે જમ્યા એજ ઉત્તર છે અખંડા નંદજી જે.

શંકા ૩૧ મી.

તુળશીની કંઠી વિશે.

સંવત ૧૯૪૬ ની સાલમાં વ્યાસજી માહાશજ વડોદરે કથા કરતા હતા. ત્યાં વઇષ્ણુવ વાણીયા કાશીદાસ જીવણદાસ દશ બાર સદ ગ્રહસ્થોને લેઈ માહારાજશ્રી વલ્લભરામની પાસે આવી પ્રષ્ણ કર્યો કે હે મહારાજ તમો શકતી મારગી છો કે શિવમારગી છો કે વઇષ્ણુવ મારગી છો?

વ્યાસજી—અમો સર્વ મારગી છીએ, કેમકે અમારે બ્રહ્મા વિષ્ણુ શિવ શકિત તે સરવ માન્ય છે માટે અમે અનિતિ રહિતના મારગોના સર્વ મારગી છીએ તેમાં પણ સત્વ ગુણને ઉત્તમ જાણવાથી સત્વ ગુણીના અનુયાઇ વિષ્ણુ મારગી વઇશ્નવ છીએ.

વઈશ્નવ—તમો વિષ્ણુ મારગી છો તો તમારી કોટમાં એટલે ગળામાં તુળશીની કંઠી જોઇએ તે નથી ને ફક્ત સોનાની કંઠી છે તો અમે તમને વિષ્ણુના અનુયાઈ કેમ સમજીએ?

વ્યાસજી—કહો ભાઈ તુળશિ જે વ્રંદા તે કોની સ્રી હતી તે જાણો છો?

વઈષ્ણુવ—હા એતો ઝાળંધરની સ્રી હતી. તેને વિષ્ણુ ભગવાને છળી તેનું સત્ય છોડાવ્યુ ને પછી તેને વ્રક્ષ સ્વરૂપ તુળશિ બનાવી. તે તુળશીને વિષ્ણુદેવે અંગીકાર કરી છે.

વ્યાસજી—જુઓ ભાઈ વિષ્ણુ ભગવાને તે તુળશીને અંગીકાર કરીને કહ્યું છે કે તાહારા વિના હું કોઇનો કાંઇ પદારથ અંગિકાર નહિ કરૂં એમ કહી અંગિકાર કરી છે પણ તેની સાથે તે વેળાએ વિષ્ણુ ભગવાને વિધીપુર્વક લગ્ન કર્યું છે?

વઇષ્ણુવ—ના માહારાજ એવું તો કોઈ પુસ્તકમાં વાંચ્યુ નથી.

વ્યાસજી—જુઓ ભાઈ ઝાળંધરને એવું વરદાન હતું કે ઝાળંધરની સ્રી જે વ્રંદા તે પોતાનું સત્ય છોડે તોજ તે ઝાળંધર મરણ પામે. તેથિ ઝાળંધરને મારવા વિષણુ ભગવાને વ્રંદા સતિનું સત્ય છોડાવ્યું છે. પછી તેને પોતાની અંગના કરી રાખી છે. એટલે તે વ્રંદા વિષ્ણુ દેવની રાખેલી છે અને જે સોવ્રણ તે લક્ષ્મી છે, તે લક્ષ્મીને તો વિષ્ણુ દેવ વરેલા છે એટલે લક્ષમીથી તો લગ્ન કરેલું

છે તે આપના જાણવામાં હશે. માટે સાંભળો હવે તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ છીયે. જુઓ ચંદ્રા છે તે રાખેલી છે ને જે લક્ષ્મી છે તે વરેલી છે. માટે અમે વરેલિ જે લક્ષ્મિ તે લક્ષ્મીને પુરણ રીતે માન્ય કરીએ છીએ. ને જે ચંદ્રા તેને ગુન્યાધીકપણે માન્ય કરીએ છીએ. કેમકે બાપે તો એવિ હજારો રાખી હોય, તેને સગી માની બરોબર ગણાય નહી. માટે વરેલી લક્ષ્મી માતાની જે કનકની કંઠી તે અમોએ ડોકમાં ધારણ કરેલી છે. હવે કહો અમે વિષ્ણુ દેવના અનુયાઈ વઇષ્ણુ મારગી છીયે કે નહિ. એવાં વ્યાસજી માહારાજનાં વચન સાંભળી સર્વે વૈષ્ણવો સ્તબ્ધ થઇ ગયા, ને વ્યાસજી માહારાજને નમન કરી આનંદ પામી એક સાલ હોરાડી ચાહલા ગયા. અખન્ડાનંદકી જે.

શંકા ૩૨ મી.

દેવાર્પણ ખાવા વિશે.

ગંવાઇ ગામનાં સોની બેન રૂક્ષમણીએ કલોલમાં માહારાજશ્રીને પ્રશ્ન કર્યો હે માહારાજ કાંઈ પણ ભોજન સામગ્રી દેવને ધરાવી દેવાર્પણ કરી, પછી સામગ્રી લેઇને આપણ જમીએ તે જમાય કે નહી?

વ્યાસજી—ના જુઓ કે જે દેવાર્પણ કર્યું તે બ્રાહ્મણ વિના કે દેવના પુજારી વિના બીજા કોઈથી જમાય નહી. છતાં જમે તો તેને માહા દોશ છે. કદી દેવનો ઉચ્છિષ્ટ પ્રસાદ લેવાનો પ્રેમ હોય તો ચાખવા જેટલોજ લેવાય પણ પેટ ભરીને જમાય નહિ. તેમ છતાં જમે તો તેને માહા દોશ લાગે છે. તે વાત ન્યાય રીતે વીચારો. અખન્ડાનંદકી જે.

શંકા ૩૩ મી.

ગુરૂ ચેલા દો ખડે તે વિશે.

કલાણભાઇ ભાણાભાઈને ઘેર નવસારીમાં એક સુમતિ મેરાઈ મહારાજશ્રીની સનમુખ બેશી ગુરૂ માહારાજા ગુરૂ, ગુરૂ મહારાજા ગુરૂ એમ બોલ બોલ કરવા લાગ્યા. તે સમે માહારાજશ્રીએ એમ કહ્યું કે અરે ભાઇ ગુરૂ મહારાજનું ધ્યાન ધર્યા કરતાં ગોવિંદનું ધ્યાન ધરો તો બહુ સારૂં. મેરાઇ (દરજી) કહે છે અરે મહારાજ, અમે તો ગોવિંદ કરતાં ગુરૂને શ્રેષ્ટ માનીએ છીએ કેમકે એક સાખીમાં એમ કહ્યું છે કે-

સાખી.

ગુરૂ ચેલા દો ખડે, કીનકું લાગુ પાય;
બલીહારી ગુરૂ દેવકી, ગોવિંદ દીયો બતાય.

અર્થ-બલીહારી તો ગુરૂદેવની કે જેણે ગોવિંદ બતાવ્યા માટે અમે તો ગોવિંદ કરતાં ગુરૂને શ્રેષ્ટ માનીએ છીએ.

વ્યાસજી—તમોએ જે સાખી કહી તે સાખી કેહેનારનો હેતુ (ભાવ) સમજ્યા નથી. તેથી ઉંધે રસ્તે ચઢી ગયા છો. ઉપર કહેલી સાખીનો ભાવાર્થ

સમજાવીએ તે ધ્યાન દેઈને સાંભળો. એક ધરમાસ્તીક ચેલો સત્સંગ કરવા ગુરૂ પાસે ગયો તે સમે એક તરફ ગુરૂ ઉભા હતા ને બીજી તરફ ગોવિંદ ઉભા હતા. તે બેઉને જોઈને ધર્માસ્તીક ચેલો ખમચાઈ ઉભો રહ્યો ને એના મનમાં એવો વિચાર આવ્યો કે ગુરૂ ને ગોવિંદ બે ઉભા છે. તેમાં હું પ્રથમ કોને પગે લાગું. એટલામાં ગુરૂએ સાન કરીને બતાવ્યા કે આ ગોવિંદને પગે લાગો. ત્યારે ચેલો ગોવિંદને પગે લાગ્યો ને તેણે કહ્યું કે બલીહારી ગુરૂદેવકી કે જેણે ગુરૂપણાનો અભિમાન નહી રાખતાં પોતાથી જે શ્રેષ્ટ તે ગોવિંદને બતાવ્યા. તેવા ગુરૂની બલીહારી છે, એટલે ધન્ય છે, ધન્ય છે એટલે સાબાશ છે. કેમકે તે ગુરૂ પણ ગોવિંદને ઉપાસે છે. તેજ આપણને બતાવ્યા. વળી તે ગુરૂને પણ ગોવિંદને શરણ થવાનું છે ને ચેલાને પણ ગોવિંદને શરણ મોકલવાની જરૂર છે. તેથી તેને ગોવિંદજ બતાવ્યા. તેથી તેવા ગુરૂને ધનવાદ આપવો જોઈએ. પણ હાલના અજ્ઞાન ભરેલા ગુરૂ ધનલોભી સેવાલોભી ને સ્વારથીયા તેમણે પોતાનુંજ ધ્યાન ધરાવવા, ગુરૂ માહારાજા ગુરૂ, જે જે ગુરૂ માહારાજા ગુરૂ એવું કેહેવરાવ્યું છે. તેવા ગુરૂને ધીક્કાર છે. કારણ કે પોતે પરમેશ્વર છે નહિ ને પરમેશ્વરના ધ્યાન વિના પરમેશ્વરના પદને પમાતું નથી. તે વિષે કહ્યું છે કે જ્યાં જેની મતી ત્યાં તેની ગતી છતાં પોતાની મોહોટાઈ વધારવા પોતાના નામનું સ્મર્ણ કરાવે છે. અને અજ્ઞાની ભોળા ભકતો તેમ કરે છે. વળી સ્વારથી ગુરૂઓએ ગુરૂગિતા બનાવિ છે તે ગિતા સંભળાવીને ભોળાઓને ભરમાવી નાંખે છે. ને પરમેશ્વરનું ધ્યાન ભુલાવીને પોતાનું ધ્યાન કરાવે છે. તેથી તે બેઉ નર્કના ભોકતા થાય છે. વળી જુઓ ભાઈ અમે ગુરૂનો મહીમા જેમ જેમ વધારીએ તેમ તેમ અમને ઘણો લાભ થાય. એક તો સારાં ભોજન મળે, દ્રવ્ય મળે સેવા ચાકરી થાય, એવો અમને તો લાભ થાય. પણ અરેરે બીજા જીવોનું બગાડીને પોતાના સંસારીક સ્વારથનું સુધારવું તેજ માહા પાપ છે. માટે એ વાત અમને તો પ્રિય નથી. કદી બ્રાહ્મણ દેહ જાણીને ગુરૂભાવના રાખો તે ભલે પણ અમારાથીજ તમારો જન્મ મૃત્યુ ટળશે ને મોક્ષ મળશે એ ખોટું છે. અમો તમોને જે જ્ઞાન કરીશું તે જ્ઞાન સહિત જેનું તમે ધ્યાન કરશો તો મોક્ષ મળશે, પણ અમારાથી મોક્ષ મળવાનો નથી. કેમકે આ સંસારમાં દેહધારી જે વ્યકતીયો છે તે વ્યકતીઓ મોક્ષરૂપ નથી. ને જે અવ્યક્ત છે તેજ મોક્ષરૂપ છે. માટે તે અવ્યતનું ધ્યાન સ્મર્ણ ભજન કરવું તેજ યોગ્ય છે. અખન્ડાનંદકી જે.

શંકા ૩૪ મી.
નારી નર ને નર નારી થયા વિષે.

નડીયાદના મોક્ષમારગી દેશાઇ બહેચરભાઇ શિવાભાઇએ માહારાજશ્રી આ વાળ એવો પ્રશ્ન કર્યો કે હે માહારાજ માહારા સાંભળ્યામાં એવું આવ્યું છે કે નારી તે નારીજ થાય ને નર તે નર થાય. જો આ વાત ખરી હોય તો ઈશ્વરે અયોગ્ય કર્યું છે એમ ગણાય. કેમકે નારીએ બિચારીએ એવો શો અપરાધ કરેલો કે દરેક જન્મે નારીએ નરની સહાય તાબેદારી વેઠવીજ પડે. આ વિષે આપ શું કહો છો ?

વ્યાસજી—જુઓ ભાઇ સદાકાળ નારી તે નારી રહે, ને નર તે નરજ રહે એ વાત સાચી છે. અને તેમજ મોહોટા પુરૂષોએ કહ્યું છે તે ખરૂજ છે, પણ જગતના અજ્ઞાની જીવોના સમજવામાં ફેર છે. તે સાંભળો. જુઓ ભાઇ મોહોટા પુરૂષોએ તો ચૈતન્ય વસ્તુ જે આત્મા. અને જડ વસ્તુ જે માયા, તે બે ઉપર દ્રષ્ટી રાખીને એનો વિષય વરણવતાં નારી તે નારી થાય, ને નર તે નર થાય એમ કહ્યું છે.

જુઓ આ દ્રષ્ટી વડે જેટલું દેખાય છે તે સર્વ માયા છે. ને માયા છે તે નારીજાતિ છે. અને જે ચૈતન્ય આત્મા તે નરજાતિ છે. તેથી જે માયા નારી તે માયાનો આત્મા થતો નથી તેમ જે આત્મા નર તે આત્માની માયા થતી નથી. એવી દ્રષ્ટી રાખીને કહેનાર પુરૂષે તો કહ્યું છે કે નારી તે નર ન થાય ને નર તે નારી ન થાય. છતાં અજ્ઞાની જીવો આ દેખીતા નર નારી ઉપર દ્રષ્ટી રાખીને નારી તે નારી ને નર તે નરજ થાય એમ કહે છે. વળી ઘણાક તો એટલે સુધી સમજ્યા વિના હિમ્મત ભીડીને કેહે છે કે બાજરી તે બાજરીજ થાય ને ઘઉં તે ઘઉંજ થાય. પણ તે અજ્ઞાનતાથી એમ નથી સમજતો કે એતો સ્થુળની દેહને જોઇને બાજરી કે ઘઉં કેહે છે. પણ તે દેહોમાં રહેલો જે આત્મા અને આત્માના ઉપર જોડાએલી જે દેહ તે બેઉને વિવેક વડે જુદા સમજીને કેહેતો નથી. તેથીજ સ્ત્રી તે સ્ત્રીજ થાય ને પુરૂષ તે પુરૂષ થાય એમ કેહે છે. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખંડાનંદકી જે.

શંકા ૩૫ મી.
જનક વિદેહી વિશે.

ગામ કંટવાના મોક્ષમારગી ક્ષત્રી રામભાઈ પ્રતાપસીંહે મહારાજશ્રીને પ્રશ્ન કર્યો કે હે માહારાજ એક કથામાં માહારા સાંભળવામાં એમ આવ્યું છે કે જનક વિદેહી પાસે શુકદેવજી જ્ઞાન લેવા ગયા તે વખત જનક વિદેહી ઢાલીયામાં સુતેલા હતા તેમનો ડાબો હાથ સ્ત્રીના સ્તનપર હતો ને બીજો જમણો હાથ સળગતા અગ્નીની સઘડી હતી તેમાં પડેલો હતો. આ ઉપરથી મને એવી શંકા થાય છે કે જનક વિદેહી ઘણા જ્ઞાનવાન હતા, છતાં નીરલજપણે સ્ત્રી ઉપર હાથ નાંખી ઉઘાડે છોગે પડયા હોય આ વાત સંભવતી નથી. તેમ બીજો હાથ સળગતા અગ્નીમાં હતો તે વાત પણ સંભવતી નથી. કેમકે અગ્નીનો ધર્મ એવો છે કે જે પદાર્થ અગ્નીમાં પડે તે પદાર્થને અગ્ની બાળ્યા વિના રહેજ નહી. જો બાળ્યા વિના રહેતો અગ્ની અગ્નીનો ધર્મ ચુકયો એમ કેહેવાય. માટે એક હાથ અગ્નીમાં હતો ને તે હાથ બળતો નોહોતો તે સંભવતું નથી. માટે આટલી શંકા નીવારણ કરો.

વ્યાસજી—જુઓ ભાઇ સ્ત્રી રૂપી જે માયા અને અગ્ની રૂપી જે અમાઇક ચૈતન્ય, એ બેઉ પર બે પ્રકારની વ્રત્તીયો રૂપી બે હાથ રાખેલા હતા. એટલે એક લોકીક વ્રત્તી ને બીજી અલોકીક વ્રત્તી. તેમાં લોકી વ્રત્તી તે આ સંસારની જે માયા તેના પર ડાબી નજર રાખી રેહેતા હતા. અને અલોકીક જે મોક્ષ સ્થાન તેના પર જમણી નજર રાખી રેહેતા હતા. એવે પ્રકારે સમજીને મુળ

વક્તા પુરૂષે તો કહ્યું છે કે જનક વિદેહીનો એક હાથ સ્ત્રી પર ને બીજો હાથ અગ્નીપર રહેતો હતો. જેમ એક કેહેવત છે કે ફુલાણાનો એક જીવ ઘરમાં ને એક જીવ બાહાર રેહે છે. અર્થાત કાંઇ બે જીવ હોતા નથી પણ એક વ્રત્તી ઘરમાં ને એક વ્રત્તી બાહાર એવી ભાવના રાખીને કેહેનારે તો એક હાથ અગ્નીમાં ને એક હાથ સ્ત્રી ઉપર એમ કહેલું છે, પણ કેહેનારાનો કેહેવાનો હેતુ અજ્ઞાનીઓના સમજવામાં નથી આવતો તેથી શબ્દોને પકડી રાખી જ્યાં ને ત્યાં માંથાફોડ કરે છે. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૩૬ મી.

શ્રાધાદીક ઉભાં કર્યા વિશે.

એક નાસ્તીક પુરૂષે અમદાવાદમાં માહારાજશ્રીને એવો પ્રશ્ન કર્યો કે હે મહારાજ જે વેદમાં નથી તે શ્રાદ્ધાદીક પોતાના સ્વાર્થ માટે આપણી હીન્દુ કોમમાં થોડા વખતથી બ્રાહ્મણોએ ઉપસ્થીત કર્યા છે. તેને આપ ખોટાં માનો છો કે ખરાં!

વ્યાસજી—જ્યાં સુધી ન્યાય નિતી વિવેક ને વ્યવહાર પુર્વક કોઈ ખોટા ઠરાવી શકયું નથી. ત્યાં સુધી ખરાં માનીએ છીએ. જો ખોટાં માનવાને માટે અમો જે જે સ્વાલો પુછીએ તેના ખુલાસા આપો તો ખોટાં મનાય.

૧ સવાલ શ્રાદ્ધાદીક આપણી હીન્દુ કોમમાંજ કોહો છો તેજ ખોટું છે. કેમકે પારસીમાં શ્રાદ્ધાદીક છે. તેને તે દોસલા કેહે છે. તેમજ મુસલમાનમાં છે તેને તે ફાતિયા કેહે છે. તેથી ફક્ત શ્રાદ્ધાદીક હીન્દુ કોમમાંજ છે તે તમારૂં કેહેવું ખોટું છે ?

૨ સવાલ—શ્રાદ્ધાદીક થોડા વખતથી ઉપસ્થીત કર્યા છે તે પણ ખોટું છે. જો થોડા વખતથી ઉભાં કર્યાં હોય તો તે કેઇ સાલમાં કીયા માસમાં ને કીયા દીવસે ઉભાં કર્યાં તે બતાવો ?

૩ સવાલ—બ્રાહ્મણોએ ઉભાં કર્યા છે તો તે બ્રાહ્મણો કીયા ને કીયા ગામના ને કેટલાએ ને કીયા સ્થળે બેશીને ઉપસ્થીત કર્યા તે બતાવો ?

૪ બ્રાહ્મણોએ પોતાના સ્વાર્થ સારૂ ઉભાં કર્યાં છે તો જે વાત વેદમાં નથી તે વાત સર્વે હીન્દુએ કેમ કબુલ કરી ને તે કબુલ કરવાનું કારણ શું ?

૫ સવાલ—પારશીને મુસલમાન કોમે દોસલા ને ફાતીયા નામથી શ્રાદ્ધાદીક કાર્ય કેમ પોતાનામાં દાખલ કર્યા ?

૬ બ્રાહ્મણો એ શ્રાદ્ધાદીક કરમો ઉભાં કર્યા, તે વખત તમારી તરફથી ત્યાં જોવાને સારૂ ને સાંભળવા સારૂ કોણ બેઠુ હતું !

એ વીગેરે ઘણા સવાલો પુછવાના છે પણ આટલાજ સ્વાલનો જવાબ આપો એટલેજ બસ છે. જો તમો ઉપર કહેલા સવાલનો જવાબ નહી આપો ત્યાં સુધી તમે મોઢાનાં ગાલ ગપોડાં ફેંકે જાઓ છો. અને તે ગાલ ગપોડાં ન હોય તો જ્યારે પુછેલા સ્વાદના જવાબ આપશો તે પછી શ્રાદ્ધાદીક કરમો ખરાં છે કે ખોટાં તેનો ખુલાસો આપીશુ ને જેજે સવાલો પુછયા તેના જવાબ આપ નથી જાણતા ત્યાં સુધી તમારો પ્રશ્ન નપંગો ટકી શકતો નથી. અખન્ડાનંદકી જે.

શંકા ૩૭ મી.
પુરાણોમાં ઉત્પત્તી વિશે.

ગામ પેથાપુરમાં સુથાર હીરાલાલે માહારાજશ્રીને તેડેલા ત્યાં એક જણે એવો પ્રશ્ન કર્યો કે:-શક્તીપુરાણમાં શક્તીથીજ વિશ્વની ઉતપત્તી સ્થીતી ને લય લખ્યો છે. તેમ વિષ્ણુ પુરાણમાં વિષ્ણુથી. તેમ સુર્ય પુરાણમાં સુર્યથી. ગણપતી પુરાણમાં ગણપતીથી. તેમજ શીવ પુરાણમાં શીવથી. એ રીતે લખેલું છે. માટે પુછુછું કે આમાંનું કીયું પુરાણ ખરૂં માનવું, ને કોનાથી વિશ્વની ઉત્પત્તી માનવી.

વ્યાસજી:—જુઓભાઈ આપે કહ્યાં તે પાંચ પુરાણોથી વિશ્વની ઉત્પત્તી સમજવી હોય તો અમારૂં રચેલું ભાવાર્થ પ્રકાશ નામનું પુસ્તક છપાએલું છે તેમાં જુઓ એટલે આપના મનનું સર્વ સમાધાન થશે. અખન્ડાનંદકી જે.

શંકા ૩૮ મી.
કસ્યપના પુત્ર સુર્ય થયા વિશે.

ગામ કલોલના વ્યાસજી ભાઇશંકરે માહારાજશ્રીને એવો પ્રશ્ન કરેલો કે હે મહારાજ જે આ સુર્ય છે તે કસ્યપ રૂશીના પુત્ર છે. એમ માહારા સાંભળ્યામાં છે. માટે પુછુ છું કે, કસ્યપ રૂશીના પુત્ર સુર્ય જયારે થયા, ત્યારે તે પેહેલાં, સુર્ય વિના આ જગતમાં અંધારૂં હશે કે કેમ? અને કસ્યપાદી જીવો અંધારે અટવાતા નહિ હોય કે શું? તેમ તે વારે સુર્ય વિના દીવસ ને રાત્રી કેહેવાતી હશે કે નહિ? આ પ્રષ્ણ મને ઘણા નાસ્તીકોએ પુછેલાં છે તેનો ઉત્તર આપો.

વ્યાસજી—જુઓ ભાઈ કેહેનાર પુરૂષે કયાં દ્રષ્ટી રાખીને કહ્યું છે તે સમજો જે આ જગત પ્રકાશીત સુર્યનારાયણ છે તે સુર્યનારાયણ તો જગતની ઉત્પત્તીમાં સર્વથી આદી છે છે ને છે માટે સુર્યનારાયણ જે જગત પ્રકાશીત દિનમણી તેમના પીતા કસ્યપ નથી. ને કસ્યપ તો બાર રાશીના બાર સુર્યના પિતા છે. છતાં કસ્યપના પિતા સૂર્ય એવું કેહેનારનો કેહેવાનો હેતુ નહિ સમજતાં અજ્ઞાનીઓએ જે આદી સૂર્ય દીનમણી, તેને કસ્યપના પુત્ર ઠરાવી બેસાડયા છે. પણ જે દીનમણી સુર્યનારાયણના પિતા કસ્યપને કેહે છે તે ખોટું. સુર્ય એવું એક નામ, તેને લીધે સર્વે સુર્યના પિતા ઠરાવે તે અજ્ઞાન છે. એક નામ તો ઘણાનાં હોય છે, તેથી શું તે સર્વના પિતા કેહેવાય? નજ કેહેવાય. અખન્ડાનંદકી જે.

શંકા ૩૯ મી.
પ્રારબ્ધને પુર્શાર્થ વિષે.

ગામ ખડસુપાના મોક્ષમારગી પટેલ મણીલાલ ગોવિંદજીએ એવો પ્રષ્ણ કર્યો કે હે ગુરૂ માહારાજ ઘણાક એમ કેહે છે કે પ્રારબ્ધ બળવાન છે. અને ઘણાક કેહે છે કે પુર્શાર્થ બળવાન છે. માટે એમ પુછુ છું કે એ બેમાં ખરૂં શું?

વ્યાસજી—જુઓ ભાઈ કુકર્મનાં ને સુકર્મનાં એવાં બે પ્રકારનાં પુરાર્થી કરાય છે. પુર્શાર્થનાં ફળ આયુશ પોહોચતો હોય તો, ત્યાં સુધીમાં મળી આવે; અને

ભોગવે. પણ તે મળી આવતાં ને ભોગવતાં જે શેશ વધે તેનું પ્રારબ્ધ બંધાય છે. ને તે પ્રારબ્ધનું ફળ બીજે જન્મે મળે છે. તેથી પ્રારબ્ધ છે તે ફળદાતા છે. પ્રારબ્ધ પુર્શાર્થ કરાવતું નથી. અને પુર્શાર્થ કરવું તે તો પોતાના હાથમાં છે. તેમાં કોઈ કુકર્મનાં પુર્શાર્થ કરે ને કોઇ સુકર્મનાં પુર્શાર્થ કરે.

કલાણભાઇ—હે માહારાજ સુકર્મ અને કુકર્મ તે પુર્વના પ્રારબ્ધેજ સુજતાં હશે કે કેમ?

વ્યાસજી—ના, એતો સંગનો રંગ છે. એટલે જેને જેવો સંગ લાગે તેવો તેને રંગ બેસે. અને જેવો જેને રંગ બેસે તવાં તેને કર્મ સુજે, ને જેને જેવાં કર્મ સુજે તે તેવાં કર્મ કરે ને જેવાં કર્મ કરે તેવાં સંચીત થાય ને જેવાં સંચિત થાય તેવાં તેનાં પ્રારબ્ધ બંધાય. અને જેવાં પ્રારબ્ધ બંધાય તેવાં તેને બીજે જન્મે ટુટક આયુષને લીધે ફળ ભોગવે એ સિદ્ધાન્ત સમજવું જેમ કોઇને વણ પુર્શાર્થે ધનની કે રાજ્યની પ્રાપ્તી થાય તે પ્રારબ્ધના યોગે સમજવું. ને જેમ કોઇને વણ અપરાધે નુકશાન થાય તે પણ પ્રારબ્ધના યોગે સમજવું. અખન્ડાનંદકી જે.

શંકા ૪૦ મી.

જીવ જીવના આશરા વિશે

સંવત ૧૯૬૯ ના ફાગણ વદમાં પરબ્રહ્મનીષ્ટ માહારાજશ્રી વ્યાસજી વલ્લભરામના ચીરણજીવી રમુજીલાલને ઉપવિત દીધું હતું. તે આનંદના શુભ પ્રસંગે માહારાજના ઉપદેશથી મોક્ષના અધિકારી થઇ ગયેલા એવા ઘણા ગામોનાં ભાઇઓ બાઇઓની ઘણી મેદની અમદાવાદમાં ભરાઈ હતી. તે પ્રસંગે માહારાજશ્રીના ધામ આગળ મંડપની રચના ઘણી સુંદીર થઈ હતી ત્યાં ટકોરખાના વિગેરે વાજીંત્રો વાગતાં હતાં ને માહારાજશ્રી મંડપમાં ગાદી ઉપર વીરાજેલા ને મહારાજશ્રીને ભગ્તોએ ઘણાજ પુષ્પના હાર પેહેરાવેલા ને છુટાં પુષ્પનો ગરકાવ કરેલો ને માહારાજની આગળ હજારો મનુષ્યની સભા ભરાઇ હતી તેમાં ભરૂચના નરોતમદાસ બેહેચરદાસ, ભીખાભાઇ જીવણદાસ, ચુનીલાલ નથુભાઈ, જેઠાભાઈ જગજીવન, લાલભાઈ બેહેચરદાસ, ગોપાળ બેહેચરદાસ, ગોપાળ લખમીદાસ નાથાભાઇ ખુશાલ, અમઇદાસ દેવજી, રણછોડ પુંજા, નાગજી વીઠલ, લખમીદાસ, ત્રીભોવન મગનલાલ, શા. ત્રીભોવનદાસ લલુભાઈ, શા. ત્રીભોવનદાસ ગોરધનદાસ, લાલભાઈ નરોતમદાસ, છોટાલાલ નારણદાસ, બેહેચર ગોવિંદના નરોતમદાસ, નરોતમ ઘેલાભાઈ, પ્રાણજીવન હરગોવન, ઈશ્વર રણછોડ, ઘેલા નારણ, નાગજી આશારામ, મંગળ લખમીદાસ, રણછોડ નરોતમ, છોટાલાલ પુંજાભાઈ, અંકલેશ્વરના મોતીલાલ વનમાળી, શીવલાલ વિગેરે ઘણાક પુરૂષો તથા બેન પાર્વતી, માળી દેવબા, બાઈ અંબા, બાઇ પુંજી, બાઈ ઇચ્છા, બાઈ મંછા, દીવાળી ડોશી તથા શેહેર નવસારીના મોક્ષમારગી ઉત્તમરામ ભાણાભાઇ, કલાણભાઈ ભાણાભાઈ, વલ્લભભાઈ ભાણાભાઈ, કલાણભાઇ ભુલાભાઈ, સાધુ રણછોડદાસજી વલ્લભદાસજી, વલ્લભ શીવલાલ, હરગોવન ફકીરભાઇ, પ્રાણજીવન નાહાનાભાઈ, સુખાભાઇ

કેશવભાઇ, મોતીરામ વિઠલભાઈ, નથુભાઇ ગાંડાભાઈ, નાથુ ગોકળ, ઘેલાભાઈ જગજીવન, પ્રાણજીવન ફીકાભાઇ, પરસોતમ ભગવાન, ખુશાલ નરોતમ, ઝીણાભાઇ ભીખાભાઇ, બેહેચરભાઈ હીરાભાઈ ચા વાળા. દલપતભાઈ ભુલાભાઈ, પ્રાણજીવન વલ્લભભાઇ, જગજીવન, તથા આત્મારામ તથા બાઇ મણી, બાઈ ગંગા, બાઇ ઇછા, દયાળજી રતનજીની કુમ્પની. વ્યારાના કલ્યાણભાઇ ગોવીંદભાઇ, નરોતમ નારણભાઈ હરજીવન નારણ, ગાંડાભાઇ ધનજીભાઈ, કુબેરભાઈ રૂગનાથદાસ, સુરતના મીસ્ત્રી, ફુલચંદ લલુભાઈ, તથા બાઇ નાથીબા, બાઇ મોતીબા, તથા ગામ દેત્રાલના મોક્ષમારગી પટેલ હીરાભાઇ મીઠાભાઇ, હાજીભાઈ જોરભાઈ, હરીભાઈ કરસનદાસ, નરોતમ જોરભાઇ, દરૂભાઇ મીઠાભાઈ, સીતાભાઈ ભીખાભાઈ, છોટાલાલ મીઠાભાઈ, ઇશ્વરભાઇ રૂગનાથ, ભાઇજી ગોપાળ, ચુનીલાલ પરભુદાસ, હાથીભાઇ પરાગભાઈ, સીતાભાઇ વરધાભાઇ, લલુભાઈ ઇશ્વર, માહારાજ નરસંગદાસ બાળકૃષ્ણ, લલુભાઈ ભુખણ, શંકર પરસોતમ, ઝવર પરસોતમ, ત્રાલસીના મોક્ષમારગી ભાઈજીભાઈ હાથીભાઈ, અમથા માધવની દીકરી બાઈ રાઈબા તથા બેન જીવી, રણછોડ લલુભાઈ, છગનલાલ મોતીભાઇ, અંટોલ ઝવેર, બેહેચર વનારશી, માધવ જીભાઈ. રણછોડ માધવ, બેન દીવાળીબા, ઉમરેઠના ભટ હીમતભાઇ મુળજી, વ્યાસજી, ત્રીભોવન હરજીવન, પરસોતમ ભગત, ગામ કીસનારના પટેલ, જેરામ ભગતીદાસ, ભાઇજી બાપુભાઇ, રણછોડ ઈશ્વર, શંકર ધનજી, દુલ્લભ ગીરધર ચાવદવાળા, ગામ ઓછણના પટેલ મથુરભાઇ મનોરદાસ, તળશીભાઈ હીરાભાઈ, નરસીદાસ ગણેશભાઇ, ગણદેવીના જીવણભાઈ ડાહ્યાભાઇ, મીસ્ત્રી ડાહ્યાભાઈ રામજી, ગામ બોરાદના મોક્ષ મારગી ક્ષત્રીવર્ણ દા, કેસુરભાઇ દાજીભાઈ, અનોપભાઈ પરતાપસીંહ, ડાહ્યાભાઈ રામાભાઈ, અમરશીંહ કેસરભાઇ, નાગજી વિરમ, માનસીંગ અમરસીંગ, બાબરભાઈ લાલાભાઇ, ધનજી વીરમભાઈ બાઇ રતુમા, રામોલ લખમણ, દીપાભાઈ વીરસંગ, માલજી ભીમા, મેરજી ગોપાળ, ડાહ્યાભાઈ માનાભાઈ, જેશંગ રામાભાઇ, રામલ માલજીભાઈ, બાઈ ઉમેદબા, બાઇ રૂપાંબા, ગામ કંટવાના રામભાઈ પરતાપસીંગ અનોપભાઇ ઉકાભાઈ, ઉમેદ પરબતસીંગ, ઝવેરભાઈ ફકીરભાઇ, નાથા મેરસીંગ, અનોપભાઈ વાઘજી, સીસોદરાવાળા અત્રીભાઇ પરભુભાઇ ડેલીવાળા, વડનગરના પટેલ છગનલાલ જોઈતારામ, પ. લીલાચંદ વીઠલ, ભીખાભાઇ ભાઈચંદ, પરભુદાસ હીમચંદ, ભાઈચંદ કસનદાસ, શંકર પ્રભુદાસ, અંબારામ જેમચંદ, ભગત લાલદાસ રામજી, કાશીરામ અંબારામ, અમદાવાદના મોક્ષમારગી, છોટાલાલ ગોકળદાસ, ચોકશી શંકરભાઇ, વડનગરા, સાંકળચંદ નાથાલાલ, કેશવલાલ ગોકળદાસ, વ્યાસજી મગનલાલ દયારામ, વહોવાળા, ગોરધનદાસ દ્વારકાદાસ પ્રહ્લાદજી શંકરભાઈ, મીસ્ત્રી નાકુભાઈ હાઉસા, નાગર બ્રાહ્મણ જસવંતરાય માધવરાય, ત્રંબકલાલ કલ્યાણરાય, ચુનીલાલ માધવલાલ, શા. છગનલાલ ઝવરદાસ, નારણદાસ મનસુખરામ, સરખેજના ત્રવાડી મોતીરામ જીવરામ જોશી, પરસોતમ સુખરામ, વરસોડાના માહાન કવી જાની પ્રલાદજી દલસુખરામ, જાની. નારણભાઇ રવિદત્ત, સોની જુગાભાઈ જેઠાભાઇ, પ્રલાદજી જેઠાભાઈ, લીલાભાઈ જેઠાભાઇ, કલોલના સોની હેમચંદ કરસનદાસ, પંડયા હરજીવન પરભુરામ, વ્યાસજી ભાઇશંકર, વ્યાસજી હરગોવન, ગામ સરસાવના મોક્ષમારગી, મુળશંકર પરભુરામ,

કચ્છ દેશમાં ગામ ભાંડરાના જોશી છગનલાલ નરભેરામ, દ્વારીકાના ઉમેદરામ હરજીવન, રામશંકર માધવજી, ગામ સારસાના મોક્ષમાર્ગી શુકલ મોતીરામ, સાધુ પુરણદાસ કાશીરામ, ગામ લુણાસણ દવે અમથારામ મોતીરામ, દવે રેવાશંકર, વસોના શંકરદાસ બાપુજી, ગામ ગવાડાના સોની ભાઇચંદ વાહાલચંદ, વીગેરે. ખડસુપાના પટેલ મણીલાલ ગોવિંદજી, ભીખાભાઇ ઉકાભાઇ, પ. જીવણભાઈ. મોરારભાઈ ઉકાભાઈ, ગોવિંદ ભગત, મુંબાઇના મીસ્ત્રી જીવણભાઈ ડાહ્યાભાઈ ગામ બુઆના મોક્ષમારગી મણીશંકર જીત્રરામ, દલસુખરામ ભુલાશંકર તે વિગેરે ઘણા ગામોના મોક્ષમારગી બાઈઓ તથા ભાઇઓની સભા ભરાઇને બેઠી હતી. તે વખત માહારાજશ્રીની આસપાસ પ્રલાદજી દલસુખરામ તથા વ્યાસજી મગનલાલ દયારામ, તથા પુરણદાસ કાશીરામ તથા જાની છોટાલાલ બેહેચરભાઈ, ઉભા રહી સર્વ સભાને આ ચારે મોક્ષમારગી પુરૂષોએ કેટલોક ઉપદેશ કર્યો તે પછી ભરૂચના મોક્ષમારગી, ભગ્ત આશારામ નરોતમદાસે માહારાજશ્રીને એવો પ્રશ્ન પુછયો કે હે ગુરૂ માહારાજ એક કોઇ મોહોટા પુરૂષની એવી સાખી છે કે જીવ જીવકે આશારે જીવ કરત હે રાજ આટલી સાખીનો હેતુ ઘણાક મનુષ્યો એમ સમજે છે કે જીવ જીવનોજ આર કરે છે. એટલે જીવ જીવને ખાય છે તેનો દોશ નથી. માટે હું પુછુ છું કે એ સાખીના કેહેનારનો હેતુ શું હશે. એટલું કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઈ એ સાખીનો હેતુ ઘણો ધાર્મિક છે, પણ અજ્ઞાની જીવો તે સાખીનો અર્થ જુદો કરે છે, તેમ તે સાખીનો હેતુ પણ જુદો સમજે છે પણ તે સાખીનો અર્થ અને ભાવાર્થ સમજાવીએ તે સાંભળો, જુઓ ભાઇ કેહેનારના શબ્દ શબ્દનો વિચાર કરજો કેહેનારે તો એમ કહ્યું છે કે:-

જીવ જીવકે આશારે, જીવ કરતહે રાજ
તુલશી રઘુવિર આશારે, કયું બીગરેગો કાજ

હવે કેહેનાર તો એમ કેહે છે કે જીવ જીવને આશારે એટલે એક જીવ બીજા જીવને આશારે એટલે બીજા જીવની મદદે જીવ કરતહે રાજ એટલે જેમ કોઇ જીવ બીજા જીવોની મદદથી રાજ મેળવે છે અથવા રાજ કરે છે એટલે જેમ રાજા પાસે લશ્કર હોય તે લશ્કરના જીવોને આધારે રાજ કરી શકે છે. જો લશ્કરના બીજા જીવો રાજકર્તાની પાસે ન હોય તો તે રાજ્યકર્તાને બે હાથ છે ને સામો આવનારને પણ બે હાથ છે તેથી તે રાજાને કોઈ રાજ કરવા દેજ નહિ. પણ લશ્કરના બીજા જીવોને આશારે રાજા માત્ર રાજ કરે છે. તે અનુભવથી, એમ કહ્યું કે જીવ જીવકે આશારે જીવ કરતહે રાજ તેને બદલે સાખીના અર્ધ ચરણનો અવળો અર્થ કરી માઉશારી બીજાને એમ સમજાવે છે કે જીવ જીવને ખાય તેમાં દોષ નથી જો કેહેનારનો હેતુ એવો હોત તો એમ કેહેત કે જીવ જીવકે આશારે જીવ જીવકુ ખાત, પણ કેહેનારનો હેતુ એવો છેજ નહિ. છતાં અધરમીઓએ ભાવાર્થ ફેરવ્યો છે. પણ શબ્દ ફર્યો નથી. તેથી અવળો ભાવાર્થ કરનારા જખ મારે છે. તેમ તુળશીદાસ ભગત એવું કહેજ નહી. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડા નંદકી જે.

શંકા ૪૧ મી.

સો વર્ષના આયુશ વિષે.

ગામ ઉમરેઠમાં ભટ હીમતલાલ મુળજી દુધવાળા તેમણે બ્રહ્માનંદ કરવા સારૂ માહારાજશ્રીને પોતાને ઘેર તેડેલા તે સમે વ્યાસજી ત્રીભોવન હરજીવને, માહારાજશ્રીને પ્રષ્ણ કરેલો કે હે માહારાજ ઘણા વિદ્વાનોના મુખથી એવું સાંભળવામાં આવ્યું છે કે કળીયુગમાં મનુષનો સો વર્ષનો આયુશ હોય. તે ઉપરથી મને એવી શંકા થઈ કે જ્યારે સો વરસનો આયુષ મનુષ્યનો છે. ત્યારે ઓછાં વર્શમાં મનુશ કેમ મરે છે? એવી શંકા થવાથી જે જે વિદ્વાનોએ સો સો વર્શનો આયુશ કહેલો તે તે વિદ્વાનોને મેં પ્રશ્ન કર્યો, પણ કોઈ વિદ્વાને માહારી શંકા ટાળી નહીં, માટે આપને પુછુંછું કે આ માહારી શંકાનું સમાધાન થશે. એટલું કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઈ પળ ઘડી પોહોર અને પોહોરને હિસાબે દીવસ, દીવસને હીસાબે માસ અને માસને હીસાબે વરસ તમો સમજો છો; તે હીસાબ આયુષ્યને માટે નથી કેમકે દીવસની ગણતરી છે તેમાં તો વધઘટ થાય છે, માટે તેનો હીસાબ બેસેજ નહી, પણ મનુષના આયુશનો હિસાબ તો સ્વાસ્વા ઉપર છે. જુઓ કે મનુષ માત્રને હરનીશના એકવીસ હજાર છસો સ્વાસ લેવા મુકવાની જગતનીયંતાએ હદ મુકેલી છે. તેથી સર્વ મનુષ્યનો આયુશ સ્વાસાના હિસાબે સો વર્ષનો ગણવો જોઇએ. તે સ્વાસાના તે હિસાબે ત્રીસ દીવસનો એક માસ, ને તેવા બાર માસનું વર્ષ ને તેવાં વર્ષને હીસાબે સર્વ મનુષ એક સો વર્ષનો આયુશ ભોગવે છે. અને એક સો વર્શના, ૭૭૭૬૦૦૦૦૦ સ્વાસા લેવાય છે. તેમાંથી જેટલા વધારે સ્વાસો લેવાય તેટલો આયુશ તેનો આ દ્રષ્ટીન્તા દીવસોને હિસાબે ઓછો થાય છે. અને સ્વાસા ઓછા લેવાય તેટલો તેનો આયુશ વધે છે. જુઓ ભાઈ ઉતાવળું ચાલવાથી તથા મૈથુનથી તથા જોરમાં બોલવાથી સ્વાસ ઘણોજ ઉતાવળો લેવાય છે મુકાય છે. એટલે કોઈ દીવસ એકવીસ હજાર છસોને બદલે ઉપર કહેલાં કાર્યો કરવાથી એકવીસ હજાર સાતસો સાડીસાતસો આડસો એવા વિશેષ લેવામાં આવે છે. તેથી તેનો આયુશ વેહેલો પુરો થઇ રહે છે. ને તે સ્વાસોની ગણતરીના પ્રમાણેજ મનુષ્યનો દેહ છુટે છે. અને જે મનુષ્ય પ્રાણાયમ વીગેરે સમાધી લક્ષથી કુમ્ભકમાં સ્વાસ્વા ઠરાવી રાખે છે તેના એકવીસ હજાર છસો કરતાં ઓછા સ્વાસો લેવાય છે, તેથી જેટલા સ્વાસો એકવીસ હજાર છસોમાં ઓછા રહેલાનો વધારો ભેગો થાય છે તેટલા સ્વાસોના હિસાબે તે મનુષ્ય વધારે દેહ રાખી શકે છે.

ત્રીભોવન—હે માહારાજ એકવીસ હજાર છસો સ્વાસ લેવાય છે તેનો અનુભવ શી રીતે કરવો?

વ્યાસજી—નહી ભુખ્યા, નહી ધરાએલા, નહી દોડેલા, નહિ બહુ જોરથી બોલેલા, વિગેરેથી સાધારણ સ્થીતીમાં હોઇએ તે વખત સ્વાસાના પ્રમાણનો અનુભવ કરવો. એટલે એક મીનીટે પંદર સ્વાસ થવાના. તે હીસાબે પાંચ મીનીટના પોણોસો સ્વાસ થવાના ને તેના હિસાબે કલાકના નવસો સ્વાસ થવાના

ને તે હિસાબે હરનીશના. હર એટલે દીવસ, અને નીશ એટલે રાત્રી એ રીતે હરનીશની ચોવીસ કલાક તે ચોવીસ કલાકના ૨૧૬૦૦ સ્વાસ થશે. એટલો તમારે અનુભવ કરવાનો છે. હવે જુઓ ભાઈ તમારા પ્રષ્ણનો એજ ઉત્તર થયો કે સ્વાસાના હિસાબે મનુષનો સો વર્ષનો આયુશ છે. અખન્ડાનંદકી જે.

શંકા ૪૨ મી.
ચઉદ લોક વિશે.

ઉમરેઠ નીવાશી, ખેડાવાળ બ્રાહ્મ મોક્ષમારગી, પરશોતમ ભગતે નમસ્કાર કરી. માહારાજશ્રીને પ્રષ્ણ કરેલો કે હે મહારાજ જે ચઉદ લોક કહે છે તે ચઉદ લોક કીયા? મેં આ પ્રષ્ણ ઘણા વિદ્વાનોને પુછેલો તેથી વિદ્વાનોએ એમ કહેલું કે સાત સ્વર્ગ ને સાત પાતાળ તે ઉપરથી મેં શંકા કરેલી કે સાત પાતાળને સાત સ્વર્ગ થઈને ચઉદ લોક કોહો છો તો આપણ પાતાળમાં ગણાઇએ કે સ્વર્ગમાં ગણાઈએ તે કહો? વળી આપણ સાત સ્વર્ગ ને સાત પાતાળથી જુદા હોઇએ તો આ લોક પંદરમો ગણાય? વળી બીજી શંકા એવી થઇ કે જે સાત પાતાળ તેનાં નામ અતળ વિતળ સુતળ તળાતળ પાતાળ એવાં એવાં નામ છે તેમાં લોક શબ્દ લાગતો નથી માટે તે લોકમાં ગણાતા નહી હોય. આ રીતની મેં શંકાઓ કરી પ્રષ્ણ પુછયાં, પણ મને કોઇએ સંતોષકારક ઉત્તર આપ્યો નહી. માટે માહારાજ આ પ્રષ્ણનો ઉત્તર કરો.

વ્યાસજી—જુઓ ભાઈ જે સ્થળને લોક શબ્દ લાગતો હોય તેજ લોક ગણાય. જેમ વિસનગર, જામનગર એટલે વિસનગર બે શબ્દોથી કેહેવાયું છે. તેમાં વિસ અને નગર એ બે શબ્દોને મેળવી વિસનગર નામ ધારણ થયું. વળી જામ અને નગર એ બે શબ્દો મેળવ્યાથી જામનગર નામ ધારણ થયું. એ રીતે જે ગામને નગર શબ્દ લાગેલો કેહેવાતો હોય તેનેજ નગર નામમાં ગણાય. માટે જે સ્થળને લોક શબ્દ લાગેલો હોય તેજ સ્થળને લોકમાં ગણાય. હવે ચઉદ લોક તો કીયા તે સાંભળો.

૧ સુરલોક,	૨ ભુલોક.	૩ ભુઅરલોક,	૪ મહરલોક,
૫ તપલોક;	૬ જનલોક,	૭ સત્યલોક,	૮ પીત્રુલોક,
૯ ગઉલોક,	૧૦ શીવલોક,	૧૧ શક્તીલોક,	૧૨ વિષ્ણુલોક,
૧૩ યમલોક,	૧૪ બ્રહ્મલોક.		

હે ભરતરાજ આ જે કહ્યા તે ચઉદ લોક છે. તે વિના પરાણે ખેંચી તાણીને મેળવી આપે તે અજ્ઞાન છે. કેમકે જેને ઉઘાડા લોક શબ્દ લાગેલા છે તેજ લોકમાં ગણાય. એજ ઉત્તર. અખન્ડાનંદકી જે.

શંકા ૪૩ મી.
ધ્રુજીના અવિચળ પદ વિશે.

શુકલ તીર્થના નીવાશી, મોક્ષમારગી ડાહ્યાભાઇ જગજીવનદાસે મહારાજશ્રીને પોતાને ઘેર તેડેલા ત્યાં એવો પ્રષ્ણ કર્યો કે હે માહારાજ ઘણા વિદ્વાનો એમ કહે છે કે

ધરૂજી અવિચળ પદ પામ્યા છે. તે ધરૂજી જે આ ઉત્તર દીશામાં ધરૂનો તારો દેખાય છે તેનેજ લોક ધરૂજી કહે છે. વળી વરકન્યા પરણી રહ્યા પછી એજ ધરૂનાં દરશન કરાવે છે. તેમાં એવી ભાવના જણાવે છે કે આ ધરૂની પેઠે વરકન્યાનું જોડું અવિચળ રેહેજો. એ રીતે ઉત્તરમાં જે ધરૂ છે તેજ ધરૂ છે એમ કહે છે. તેમાં મને એવિ શંકા થાય છે કે ઉત્તરમાં જે ધરૂનો તારો છે તેજ ધરૂને અવિચળ ધરૂજી માને છે. તો બીજો દક્ષિણ દીશામાં દક્ષીણ ધરૂ છે. ત્યારે ધરૂ તે એક હતા કે બે. વળી એ જે ધરૂના તારા દેખાય છે તે તો ચળીત છે. કેમકે કોઈ મોહોટા પુરૂષે એમ કહ્યું છે કે-

શ્લોક.

चलंती तारा पचलंती मदीरं, चलंती मेरु रविचंद्र मंडलंः
कदापी काले प्रथवि चलंती, सत्य पुर्ष वाकय न चलंती धर्म.

જુઓ માહારાજ વિદ્વાનો ધરૂ બતાવે છે, તે તો તારો છે. તો તે ચળીત થવાનો એવું આ ઉપરના શ્લોકમાં કહ્યું છે. માટે જે તારો છે તેજ ધરૂજી હોય તો તે ચળવાનોજ-ત્યારે તેને અચળ પદ મળ્યુ એમ કેમ કહેવાય? એ રીતની માહારી શંકાઓ છે તે નીવારોજી.

વ્યાસજી—અરે ભાઈ શું કાળા એટલા ભાઈના સાળા હોય? તેમ કાંઈ નામે નાયક પણ હોય? નજ હોય. માટે સમજાવીએ તે ન્યાયથી સમજો. જે ધરૂજી ભક્ત હતા તે અવિચળ પદ પામ્યા છે, એટલે મોક્ષ પામ્યા છે. અને એમના નામે નામ તારાનું છે તેથી તારા તેજ ધરૂજી જે ભકત થઇ ગયા તે નહી. માટે દક્ષીણ ધરૂ ને ઉત્તર ધરૂ તેને જે ધરૂ ભકત સમજતો હોય તેની સમજ ફેર છે. કેમકે એ તો તારા છે. અને તે તારાનું નામ ધરૂ છે તેથી તેને ધરૂજી સમજવા નહી. ધરૂજી ભગત થઈ ગયા તે તો આ બે તારાથી જુદાજ છે. એ તમારા પ્રષ્ણનો ઉત્તર છે. અખડાનંદકી જે.

શંકા ૪૪ મી.
ઈશ્વરો અભય વિશે.

એક દેશી જીજ્ઞાસુએ અમદાવાદ મનહર પ્રેસમાં હરીલાલ છગનલાલે માહારાજશ્રીને એવો પ્રષ્ણ કર્યો કે હે માહારાજ બ્રહ્મા વિષ્ણુ શીવ અને શકતી તેને તમો સર્વ ઈશ્વરો માનો છો. માટે પુછુછું કે ઈશ્વર તો સર્વના માલીકછે. તેમ તે સર્વ શકતીમાનછે. છતાં એમને કોનો ભય લાગતો હશે કે તેમણે હથીઆરો ધારણ કરી રાખ્યાં? જુઓ બ્રહ્માએ બ્રહ્મદંડ રાખ્યોછે. શકતીએ ત્રીશુળ રાખ્યુંછે. વિષ્ણુએ સુદર્શણ ચક્ર ને ગદા રાખી છે. તેમ માહાદેવે પણ ત્રીસુળ રાખ્યું છે. તે ઉપર વિવેકથી વિચાર કરીએ તો તે અભય નથી. ને અભય નથી તેને સહુના ધણી કેમ કેહેવાય? વળી તેજ અભયપદવાળા નથી તો બીજાને અભયપદ કેમ કરીને આપે. એટલું કહો!

વ્યાસજી-જુઓ ભાઈ ઈશ્વરો અભય હોવા જોઈએ તેમ ઈશ્વરો સર્વના માલીક છે, એવું તમે સમજયા છો તે તમારી ભુલ છે, તેમ તમને સર્વ દેશી

યથાર્થ જ્ઞાન થયું નથી. તેમ તમે કોઈ જ્ઞાનવાનનો સત્સંગ કર્યો હોય તેવું અમને ભાસતું નથી. તથાપી તમે સારાં ને ઝીણી બુદ્ધીનાં પ્રશ્ન કરો છો તેથી એમ ભાસે છે કે વિદ્વાનો અને એક દેશી જ્ઞાનીઓનો તમને સંગ થયો હશે? તેથી તમોને એવી શંકા ઉઠી છે. અને તે તમારી શંકા ખરી છે. હવે અભયનો ઉત્તર સાંભળો. જુઓ ભાઇ ઇશ્વરો અભય નથી. અભય તો પરમેશ્વર છે. તેમ ઇશ્વરો સર્વના માલીક નથી, સર્વના માલીક તો પરમેશ્વર છે.

જીજ્ઞાસુ—અરે માહારાજ ઇશ્વરને પરમેશ્વર કાંઈ જુદા હશે કે?

વ્યાસજી—હા ભાઇ જુઓ કે ઇશ્વર શબ્દને પરમ શબ્દ લાગે છે તે ઇશ્વર તો ઇશ્વરોથી જુદા છે. જેમ માજીસ્ટ્રેટ શબ્દને ફર્સ્ટકલાસ સેકન્ડ કલાસ થર્ડ કલાસ એવા જે અલંકારી શબ્દો લાગે છે, તે માજીસ્ટ્રેટોને જુદા સમજો છો કે એક સમજો છો? જો એક સમજતા હો તો તમને તે વાતનું જ્ઞાન નથી. અને જો જુદા સમજતા હો તો તેજ પ્રમાણે ઈશ્વર શબ્દને જુદા જુદા અલંકારી શબ્દો લાગે તેને જુદા જુદા ઇશ્વરો સમજો, તો તમને એક પણ શંકા ઉત્પન્ન થશે નહી. માટે હે ભાઈ ઇશ્વર અને પરમેશ્વર તે જુદા છે. ને જે પરમેશ્વર છે તેજ અભય અને સર્વના માલીક છે. તેમને એક પણ હથીઆર નથી. વળી ઇશ્વર ને પરમેશ્વર જુદા છે કે નહી. તેનો સીધાન્ત થવા અમારૂ રચેલું ભાવાર્થ પ્રકાશ અને વિજ્ઞાન વલ્લભ આ બે પુસ્તક જુઓ. એટલે યથાર્થ સમજવામાં આવશે.

જીજ્ઞાસુ—હે માહારાજ બ્રહ્મા વિષ્ણુ શીવ શકતી એ ઇશ્વરોને કોનો ભય રેહેતો હશે કે તેમણે હથીઆરો રાખ્યાં?

વ્યાસજી—જુઓ ભાઇ જેમ ભીસ્માસુર ગજાસુર વિગેરેએ માહાદેવજીને ભય ઉત્પન્ન કર્યો હતો. વળી જેમ જળંધર કાળયવન જેવાએ વિષ્ણુને ભય ઉત્પન્ન કર્યો હતો તેવાના ભયથી અને તેમના ભકતોને દુઃખ દેનારા; જેવા કે હરશ્ચંદ્રને વિશ્વામીત્રે દુઃખ દીધું તેથી વિષ્ણુને વિશ્વ મીત્ર ઉપર ચક્ર મુકવું પડયું તેવાં કેટલાંક કારણોથી અને તે ઈશ્વરો અભય નહી હોવાથી તે સર્વ ઇશ્વરોને હથીઆરો રાખવાં પડે છે. પણ પરમેશ્વરને રાખવાં પડતાં નથી. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનદજી જે.

શંકા ૪૫ મી.
હીમાચળ પર્વત વિશે.

કડી પાસે ગામ સરસાવના મોક્ષમારગી માહારાજ મુળશંકર પ્રભુરામે એવો પ્રશ્ન કર્યો કે હે ગુરૂ માહારાજ માહારા સાંભળવામાં એમ આવ્યું છે કે હીમાચળની પુત્રી પાર્વતી માહાદેવ સાથે પરણ્યાં છે. અને પારવતીની માતા મેના નામની છે. આ વિષે મને એવી શંકા થાય છે કે હીમાચળ તો પરવત છે. એટલે પાશાણનો મોહોટો ડુંગરો છે. તે હીમાચળને શું મેના નામની મનુષાકારની સ્ત્રી પરણી હશે? ને શું તે પથરાના ડુંગરે તે મેના સ્ત્રી સાથે ગ્રહસ્થાશ્રમ માંડયો હશે? વળી પથરને અને મનુષ્યનો સંગમ થાય તે વાત શું સંભવે છે? અને તે પથરાના વિર્યથી શું પાર્વતી મનુશાકાર જન્મ્યાં હશે? આ શંકા ભરેલા પ્રશ્નનો ઉત્તર કૃપા કરીને કરો!

વ્યાસજી—અરે ભાઈ અજ્ઞાનથી અજ્ઞાની લોકો ઉંધુ સમજે છે તેથી શંકા કરે છે. જુઓ ભાઈ હિમાચળ પરવતનો રહેનાર ને તે પરવતનો જે માલીક તેનું નામ હિમાચળ છે, તે હીમાચળ હિંમગીરીનો રાજા એટલે માલીક તેનેજ અજ્ઞાની લોકો હિમાચળ પરવત સમજે છે, પણ હિમાચળ અને હિમાચળ પર્વત એ બે જુદા છે. જેમ વડનગર ને વડનગરના રહિશ વડનગરા વીશનગર અને વીશનગરના રહીશ વીશનગરા એવાં જે નામ પડે છે તે મુળીના નામ ઉપરથી રહીશોનાં નામ ધારણ થાય છે. જેમ ગામ વસાવનારના નામ ઉપરથી ગામનુ નામ પડે છે. તેમ ગામના નામ ઉપરથી ગામના રહીશનું કે માલીકનું નામ પડે છે. તેમજ હિમાચળ પરવતનો રહીશ જે હિમાચળ મનુશાકૃતીનો તેનું નામ હિમાચળ છે. તે હિમાચળની સ્ત્રી મેના છે ને અડતાળી અગ્ની તે કોઈ દેહધારી જીવાત્મા હશે કે ભડકાનું નામજ અગની હશે ? તેમજ ઓગણ પચાસ વાયુનું પણ કેમ હશે એટલું કૃપા કરીને કહો.

વ્યાસજી—ભાઇ આંધળો દેખે નહિ ને હઠીલો હઠ મુકે નહિ. તેતો ગમે તેમ માનતા હશે. પણ અમારે તો અનુમાન પ્રમાણથી સીધાન્ત એવો છે કે સાત સમુદ્રના જળને વિશે તે જળનો માલીક કોઇ પ્રકારનો જીવાત્મા હોવો જોઇએ. જો જળનુ નામજ સમુદ્ર હોત તો સમુદ્રનું જળ કેહેવાત નહિ. વળી વિચારો કે સમુદ્ર અને સમુદ્રનું જળ એવા બે શબ્દોથીજ જણાય છે કે સમુદ્રના જળમાં સમુદ્ર જળથી સમુદ્ર એવો કોઈ જીવાત્મા પુરૂષ જુદો હોવોજ જોઇએ તેમજ ગંગાના જળથી ગંગાના જળમાંજ ગંગા કોઇ જીવાત્મા સ્ત્રી હોવી જોઇએ. એજ રીતે પવનમાં ઓગણ પચાસ વાયુદેવતા હોવાજ જોઇએ તે રીતે અગનીમાં પણ હોવું જોઇએ. જો તેમ નહિ માનીએ તો ઘણાક ગ્રંથોમાં એમ કહ્યું છે કે વાયુ દેવતા સ્વરૂપ ધારણ કરીને ફલાણાને વરદાન આપવા ગયા અગની દેવતા સ્વરૂપ ધારણ કરીને અમુક કામ સારૂ ગયા તેમજ ગંગાજી પોતાનું સ્વરૂપ ધારણ કરીને અમુક કાર્ય કરવા ગયાં. તે રીતે હીમાચળ પરવતનો માલીક હીમાચળ નામનો પુરૂશ છે. અને મેના નામની તેની સ્ત્રી છે. તે સ્ત્રી પુરૂષના સમાગમે પારવતીની ઉત્પતી થઇ છે છતાં હિમાચળ પરવતને અને પાર્વતીના પીતા હીમાચળને એક સમજે છે તેજ અજ્ઞાન છે. જેમ વેરાટ નગ્રનો વેરાટ રાજા કચ્છ દેશનો કચ્છ રાજા તેમ હિમાચળ પરવતનો હિમાચળ પુરૂશછે. એ રીતે તમારા પ્રશ્નનો ઉતર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૪૬ મી.
સાત સમુદ્ર વિશે.

આમોદ તાલુકાનું ગામ બુઆના મોક્ષમારગી જોશી મણીશંકર તથા ગામ ઇટોલાના દલસુખરામ ભુલાશંકરે માહારાજશ્રીને એવો પ્રશ્ન કર્યો કે હે ગુરૂ સાત સમુદ્ર તથા નવસે ને નવાણુ ગંગા તથા અડતાળીસ અગ્ની તથા ઓગણપચાસ વાયુ કેહેવાય છે. તે વિશે માહારી એવી શંકા છે કે સમુદ્ર તે કોઈ દેહધારી જીવાત્મા હશે કે પાણીનું નામજ સમુદ્ર છે. વળી નવસે નવાણુ ગંગા તે પાણીના નવસને નવાણું કાંટા પડયા હશે તેને નવસે નવાણુ ગંગા કેહે છે કે

ગંગા તે કોઈ દેહધારી જીવાત્મા હશે? તેમજ અડતાળીસ અગ્ની તે જ્યાં જ્યાં અગની સળગતો હશે તેની ગણુતરીથી અડતાળીસ અગ્ની કહેતા હશે એ રીતનું ઘણા ગ્રંથોમાં લખાણ છે તે શું મોહોટા રૂશી મુનીઓએ શું ખોટું લખ્યું હશે?
વ્યાસજી—નાના, આગળના રૂશી મુનીઓએ અનુભવ કરીનેજ લખ્યું હશે માટે તે સત્ય છે પણ હાલના અજ્ઞાનરૂપી અંધાપે કરીને કાંઇ દેખી શકતા નથી. તેમ હઠને લીધે કોઇનું કહ્યું માનતા નથી. પણ સમુદ્રદેવ ગંગામાતાઓ અગની દેવો તથા વાયુદેવો સ્વરૂપે છે. અને જે આ પવન વાય છે. તે વાયુદેવની ગતી છે. તેમજ બધે અગની પ્રગટાય છે તે અગનીદેવની ગતી છે તેમજ સમુદ્રનું ક્ષાર-જળ તે સમુદ્રની ગતી છે તેમજ ગંગાનું જળ તે ગંગાજીની ગતી છે ને સળ-ગતા અગની વાહુતા પવન ક્ષાર જળ મીષ્ટ જળ તે સર્વ ઉપર કહેલા દેવોની ગતીયો છે વળી દરેકની ગતીઓ છે તે અપાર છે ને ગતીયોનું અધીષ્ટાન છે તે વસ્તુ સ્વરૂપે છે. એમાં કાંઈ સંશય નથી એજ તમારા પ્રષ્નનો ઉતર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૪૭ મી.

ભગ્તોના દુઃખ વિશે.

સંવત ૧૯૬૯ માં ગામ પાણસરના પુરાણી મુળશંકર દેવશંકરે માહારાજને નમસ્કાર કરી એવો પ્રષ્ણ કર્યો કે હે ગુરૂ માહારાજ હું એવું જોઉં છું કે જે જે હરીભક્ત હોય છે તે તે પુત્ર પુત્રાદીકથી અથવા ધનથી અથવા સગાંવાહા-લાથી અથવા જ્ઞાતી જાતીથી ઘણાજ દુઃખી હોય છે તેનું કારણ શું ?

વ્યાસજી—જુઓ ભાઇ જે ખરા ભકત ઈશ્વરપદને કે મોક્ષપદને પામનારા હોય, તેનો સંસાર ઉપરથી અભાવ થાય તોજ તે પદને પામે. માટે તેવા ખરા ભકતને સંસાર ઉપર અભાવ થવાને સારૂ એવાં એવાં દુઃખ આવે છે. ને તેવાં તેવાં દુઃખ આવ્યા વિના આ સંસારનો અભાવ થતો નથી. ને અભાવ થયા વિના આ સંસારની ભાવના ટુટતી નથી ને ભાવના ટુટયા વીના ઇશ્વરપદની કે મોક્ષપદની પ્રાપ્તી થતી નથી. કેમકે વેદમાં એમ કહ્યું છે કે મરણેયામતી સા-ગતી માટે સંસારની ભાવના ન ટુટે તો સંસારના સગાં સબધીમાં ભાવના ર-હેવાથી પાછો સંસારમાંજ અવતાર ધારણ કરે માટે ઇશ્વરપદને કે મોક્ષપદને પા-મનારની ભાવના ટુટવા સારૂ ભકતોને દ્રવ્યાદીકનું ને સગાં સબધીનું દુઃખ ઉતપન થાય છે તે સારાનેજ થાય છે એમ સમજવું. જુઓ કે દ્રવ્યનું સુખ હોય તો તે સુખમાં સાંભરે સોની ને દુઃખમાં સાંભરે રામ. એ જે કેહેવત છે તે ખરૂંજ છે. માટે ખરા ભકતને તો કોઈને ધન દુઃખ કોઇને તન દુઃખ હોય હોય ને હોય. કદી કોઇને ધન દુખને તન દુખ ન હોય તો સગાં સબધીનું દુખ હોય. જેવા કે ધરૂજી ખરા ભકત હતા તો તેમને પોતાની માતા વૈરી થઈ લાગી હતી. સુધન્વાને ને પ્રહલાદજીને પીતા વેરી થઈ લાગ્યા હતા. હરીશ્ચંદ્રને વિશ્વામીત્ર વૈરી થઇ લાગ્યા હતા. પાન્ડવને કાકાના દીકરા કૌરવ વેરી થઇ લાગ્યા હતા. મીરાંબાઇને પોતાનો પતી વૈરી થઈ લાગ્યો હતો. નરસીંહ મેહેતાને પોતાનાં

ભાઈ ભોજાને પોતાની આખી ઝાતી વૈરી થઇ લાગી હતી, જેમ તમારા ગુરૂને સગાં સમ્બધીને ઝાતી વૈરી થઈ લાગી છે. તેમજ અનાદીથી ભકતને ને જગતને આદ્ય વૈર છે. પણ જે ઈશ્વરપદને કે મોક્ષપદને પામવાવાળા ખરા ભકત છે. તે તો વૈરીને જોઈ અત્યંત ખુશી થાય છે. કેમકે વૈરીથી બીજુ ન થાય તો નીંદા પણ કરે; તો તેથી ભકતજનોના પાપ ધોવાઇ જાય છે. તે ઉપરથી કોઈ માહાત્માએ એક એવી સાખી કહી છે કે-

નીંદા કરે સો મત મરો, મરો અમારા પુત;
સામાને પાવન કરે, આપે સરજે ભુત.

માટે ભગ્ત જનોને ઉપર કહ્યા એવા ઘણા પ્રકારનાં દુખ હોય તો પણ ખરા ભગ્તજનો અભય રહે છે. ને પોતે દુખ સુખ માનતાજ નથી. બીજાઓને ભક્ત જનોનું દુખ ભાસે છે. પણ ભક્તોને દુખ કે સુખ જરા પણ ભાસતુ નથી. એજ તમારા પ્રષ્ણનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૪૮ મી.

નજીક પર અશ્રદ્ધા વિશે.

ગામ, વરસોડાના ઉદીચ શહસ્ત્ર બ્રાહ્મણ જાની છોટાલાલ બેહેચરભાઇએ. નમ્રતાથી માહારાજને એવો પ્રષ્ણ કર્યો કે હે ગુરૂ એક કોઈ મોહોટા પુરૂશની એવી સાખી છે કે.

ભાગોળ ગંગા ઘરમાં ઝાની, પાસે ઠાકોર શેવ;
તે ત્રણને કોઈ વીરલા વરતે, વાણ વદે સુખદેવ.

હે માહારાજ ભાગોળમાં ગંગાજી હોય; તેમ પોતાના ઘરમાં માહા ઝાનવાન જીવ હોય, તેમજ પોતાના ઘરની સાખો સાખ ઠાકોર મંદીર હોય. તેનાપર નજીકના રહેનાર જીવોની શ્રધ્ધા રેહેતી નથી તેનું કારણ શું ?

વ્યાસજી—અઝાનરૂપી અંધાપાને લાધે ગામની ભાગોળમાં ગંગાજી હોય, તથાપી તે ગામના લોકો તે ગંગાનો મહીમા જાણતા નથી ને જાણતા હોય તો માનતા નથી, જો માનતા હોય તો આખુ ગામ નીત્યાન ત્યાંજ નાહાવા જાય; પણ પાસે વશેલી અમુલ્ય ચીજ હોય, પણ અઝાન વડે તે ચીજ ઉપર અભાવ રહે છે. તેથી ગામનું બધુ લોક ત્યાં નાહાતું નથી. જેમ અમદાવાદની સાબરમતી ગંગાને કીનારે દધી રૂશીનું તીરથ છે, તેને કાશીના માહાન પંડીતો ચાહે છે, પણ અમદાવાદના લોકોને તેનો સ્વભાવિક અભાવ છે.

૨ ઘરમાં સાક્ષાત ઈશ્વર હોય, પણ માયાના આવ્રણે અઝાનરૂપી અંધાપે કરીને તે ઘરનાં તેને ઈશ્વર જાણતાં નથી. જેમકે શ્રીકૃષ્ણ પ્રભુ નંદજીના ઘરમાં હતા, પણ તે નંદજી અને યસોદા શ્રીકૃષ્ણને સાક્ષાત ઈશ્વર જાણતાં કે માનતાં નહોતાં જો તેમને જાણતા કે માનતાં હોય તો, યસોમતી શ્રીકૃષ્ણને ઉખળા (ખાંણીયા) સરસા બાંધેજ નહી. પણ સમીપ એટલે પાસે રહેલાને માયાના આવ્રણે ને અઝાનના અંધાપે કરીને નંદ યસોદા શ્રીકૃષ્ણને ઓળખી શકયાં નહી. તેમજ માયાના આવ્રણે ને અઝાનરૂપી અંધાપે કરીને ઘરમાં કે ગામમાં ઝાની જન

હોય, પણ તેને નજીકના રેહેનાર જીવો ઓળખી એટલે જાણી શકતા નથી.

૩ સાખમાં એટલે પોતાના ઘરની જોડાજોડ ઠાકોર મંદીર હોય, પણ પડોશીયો તે ઠાકોરજીનાં દરસણ કરતા નથી. જેમકે ડાકોરના રણછોડજી, ઉપર ગામના લોકો ચાહીનાથી જાય છે પણ ત્યાંના રહીશને પ્રતીજ્ઞા દઈ પુછો તો જણાશે કે ત્યાંના તમામ લોકો નીત્યાન દરસણ કરવા જતા નથી. કેમકે નિત્યનું લાગ્યું ને ભવનું ભાગ્યું, એમ સમજી તેનો અભાવ રહે છે. એ રીતે ઘરમાં કે ગામમાં જ્ઞાનવાન હોય પણ તેનો સત્સંગ કરતા નથી. જેમ આંખની કીકીનું ઢાંકણું જે પોપચાં, તે પોપચાંને આંખ દેખતી નથી ને આઘેની વસ્તુને દેખે છે. તેથી આઘેનાને મોહોટા જાણે છે ને માને છે તેમ આઘેનાનેજ શોધે છે. જેમ મ્રગની નાભીનાં કસ્તુરી છે, પણ તેના ઉપર અભાવ રાખી બીજે સ્થળે તરણે તરણા સુંગતો ફરે છે એજ રીતે અજ્ઞાની જીવો માયાના અવ્રણના અજ્ઞાને કરીને નજીકના જ્ઞાનવાનોને ઓહો કરી, અભાવ રાખે છે. એજ અજ્ઞાનનું રૂપ છે, માટે નજીકના ઉપર શ્રદ્ધા રહેતી નથી. એજ તમારા પ્રષ્ણનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૪૯ મી.

લીલ પરણાવવા વિશે.

સંવત ૧૯૬૯ માં નવસારી મધે માહરાજશ્રીને ઉત્તમરામ ભાણાભાઈ કલાણભાઈ ભાણાભાઈએ તેડેલા તેથી પોતે પધારેલા ત્યાં મોક્ષમારગી, મો. ભાવસાર મોતીરામ વિઠલદાસ વીગેરે ઘણા ભાઈઓ બાઇઓ માહારાજશ્રીનું પુજન કરી બેઠેલા તે સમે સારસા ગામના શુકલજી મોતીરામે એવો પ્રષ્ણ કર્યો કે હે ગુરૂ માહારાજ આપે આપની રચેલી જ્ઞાન ગોષ્ટીમાં લીલ પરણાવવા વિશે બહુ બાધ બતાવ્યો છે. માટે પુછુછું કે શું લીલ નહીજ પરણાવવી?

વ્યાસજી –પરણાવવી. પણ જે બળદ કરેલો વાછડો ન હોય તેની સાથે વાછરડીને પરણાવીને તે વાછડા વાછડીને સદાય ભેગાં રાખવાં અને ગાય વાછડાને અન્યથી વિભાચાર થવા દેવો નહી તોજ લીલ પરણાવવી તેમ કર્યા વિના પરણાવીને છુટાં મુકી દછે તે માહા દોશમાં પડે છે તેથી અમે કહ્યું તે પ્રમાણે વાછડા વાછડી રાખી શકાય તો સુખરૂપે પરણાવવાં. એજ તમારા પ્રષ્ણનો ઉત્તર છે. અખંડા નંદકી જે.

શંકા ૫૦ મી.

છુટેલા છોડવે તે વિશે.

ભરૂચમાં મો. ચુનીલાલ નથુભાઇને ઘેર મહારાજ પધારેલા ત્યાં જેઠાભાઈ જગજીવન તથા છોટાલાલ નારાણદાસે માહારાજને પુષ્પના હાર પેહેરાવી માહારાજના સનમુખ બેશી બ્રહ્માનંદ કરતા હતા. તે સમે શા. ત્રીભોવનદાસ લલુભાઈ તથા મોક્ષમારગી શા. ત્રીભોવનદાસ ગોરધનદાસે એવો પ્રષ્ણ કર્યો કે હે

ગુરૂ માહારાજ ઘણાક ત્યાગી લોકો એટલે ઘરબાર મુકી દીધેલા એવા ત્યાગીઓ એમ કેહે છે કે બેઉ પુરૂષ હાથે પગે બંધાએલા હોય તો તેમાંનો એકે પુરૂશ એક બીજાને છોડી શકે નહી. તેમ સંસારી ગમે તેવો વિદ્વાન કે જ્ઞાનવાન હોય પણ પોતે સંસારમાં બંધાએલો છે તે બીજા બંધાએલાને છોડી શકેજ નહીં માટે ત્યાગી પુરૂશોજ સંસારથી છુટેલા છે તેજ સંસારમાં બંધાએલા બીજા જીવોને છોડવી શકે છે. આ વિશે આપ શું કહો છો ?

વ્યાસજી—જુઓ ભાઇ આ સઘળો સંસાર પંચ માહા ભુતથી બંધાએલોજ છે. કોઇ ગ્રહસ્થાશ્રમી હો કે ગ્રહસ્થાશ્રમથી ખશી ગયેલા હોય પણ સર્વ સંસારથી તો બંધાએલાજ છે. પણ ગ્રહસ્થાશ્રમથી બંધાએલા છતાં જ્ઞાનવાન પુરૂશો સદા છુટાજ છે. જેમકે જેલખાનામાં રહ્યા થકો જેલર છુટા છે. તેમ જ્ઞાનવાન સંસારના વ્યવહારમાં રહ્યા થકો સદા છુટોજ છે. વળી જનકવિદેહી સંસારના વ્યવહારમાં ને દેહના બંધનમાં રહયો થકો વિદેહ હતો. તેમજ જ્ઞાનવાન સંસારના વ્યવહારમાં ને દેહમાં રહ્યા થકો વિદેહ છે. એટલે તે છુટોજ છે. કદી કોઈ કેદી કેદમાંથી કંટાળીને છાનોમાનો નાશી ગયો તેથી તે છુટી ગયો કેહેવાય નહી. કેમકે એ તો નાશી છુટેલો કેહેવાય, તેથી તેને કોઇ વાર પકડાઇને પાછા કેદના બંધનમાં પડવા વખત આવવાની છેજ. પણ જે પુરૂશ જેલમાં જેલરની માફક રહે છે તે બંધન છેજ નહી. માટે હાલના નાશી છુટેલા એમ કહે કે અમે છુટા છીએ, પણ તે છુટા નથી એતો નાશી ગએલા છે ને જ્ઞાનવાન જેલમાં જેલરરૂપે રહેલા તેજ છુટા છે. અને તેજ જેલના કેદીઓને મુદત પુરી થયે છોડે છે. તેમ જ્ઞાનવાન પુરૂશો સંસારમાં બંધાએલા દેખાતા છતાં છુટા છે. તે બીજાને સંસારના બંધથી છોડે છે. એજ તમારા પ્રશ્નનો ઉતર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૫૧ મી.

જય બોલવામાં શંકા.

ગામ ઉઆરસંદમાં મોક્ષમાર્ગી, વ્યાસ, છોટાલાલે માહારજ ને એવો પ્રશ્ન કર્યો કે હે માહારાજ જગતમાં ભગતજનો જય બોલે છે. તે વિશે મારી એવી શંકા છે કે જેને તે રામચંદ્ર દેવકી જે, કૃષ્ણ બળદેવકી જે, હરાહરા માહાદેવ. એમ દેવ દેવ શબ્દથી જે બોલે છે. ત્યારે શું રામચંદ્ર શ્રી કૃષ્ણ અને મહાદેવ, એતે પરમેશ્વર ખરા કે નહિ? કદી પરમેશ્વર કેહેશો તો એમને દેવ કહીને જય કેમ બોલાવે છે? તો એતો અગ્નીદેવ, વાયુ દેવ, એવા દેવ કોટીમાં ગણાયા; કદી એમને માહાદેવ કહ્યા હોય તો તે મોહોટા દેવ ગણાય, પણ એમને પરમેશ્વર કેમ મનાય. વળી રામચંદ્ર શ્રી કૃષ્ણ અને મહાદેવ તે પરમેશ્વર હોય તો તેમને દેવની ઉપમા કેમ આપી છે. એટલો ઉત્તર કરવા કૃપા કરો.

વ્યાસજી—જુઓ ભાઈ જગતના વગર વિચારવાળા અજ્ઞાની જીવો તમારી પેઠ વિચાર કરતા નથી. જે જે વાણી બોલાય છે તે સર્વે વાણી વિચાર કરવા

જેવી છે. છતાં જે વિચાર નથી કરતા તે અજ્ઞાન છે. જુઓ ભાઇ જે પરમેશ્વરછે તેતો આનંદમય ને આનંદરૂપ છે. તેથી એમનાં નામોની પછાડી ઘણા ભાગે આનંદ આનંદ શબ્દ લાગેલો હોય છે. જેમ આ સંસારમાં બ્રાહ્મણના નામોને પછાડી રામ અથવા શંકર એવા શબ્દો લાગેલા હોય છે. વળી દાસ અને ચંદ એવા શબ્દો વાણીઆના નામની પછાડી લાગેલા હોય છે, તેમ પરમેશ્વરના નામને આનંદ આનંદ શબ્દ લાગેલા હોય છે. જુઓ કે પરમાત્મા જે પરમેશ્વર તેમની જય બોલાવવી હોય છે ત્યારે પરમાનંદકી જય. સત્ચીદાનંદકી જય, અખન્ડાનંદકી જય. એમ આનંદ શબ્દ વળગાડીને જય બોલાય છે. તેથી એમ જણાય છે કે એ આનંદ શબ્દવાળાં નામો છે તેજ પરમેશ્વર ઉપર પ્રત્તિ રાખીને બોલાય છે. ને ઇશ્વરોની જય બોલાય છે તે ઈશ્વરો દેવોના પણ દેવો છે માટે તેમને દેવ શબ્દ લગાડીને જય બોલાય છે. અને તે ઈશ્વરો પરમેશ્વર નથી. ઇશ્વર છે. જે ઇશ્વર શબ્દને પરમ શબ્દ લાગે તેને પરમેશ્વર કહેવાય. તે પરમેશ્વરને ભજનારા તો કોકજ વિરલા હોય છે. કારણકે તેનું જ્ઞાન મેળવવું ઘણુજ કઠીણ છે. એતો સત્સંગ કર્યા વિના મળતું નથી. તેથી માયા લોભી જીવો ઈશ્વરોનેજ ભજે છે. ને તેનીજ જય બોલે છે તેથી તે તેમનેજ પામે છે. એટલે તે ઈશ્વરના ધામને પામે છે. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૫૨ મી.

સ્ત્રી નામથી ભવત સ્મર્ણ વિશે.

ગામ વરસોડાના નીવાશી મોક્ષમારગી સોની લીલાભાઇ જેઠાભાઈએ મહારાજશ્રીને એવો પ્રશ્ન પુછેલો કે ઘણા ભગતો ઈશ્વર સ્મર્ણ કરેછે તેમાં પહેલું સ્ત્રીનું ને પછી તેના પતિનું નામ લેછે, જેવું કે શ્રી હરી, સીતારામ, લક્ષ્મીનારાયણ રાધાકૃષ્ણ, નમઃ પાર્વતી પતે એવું પહેલું સ્ત્રીઓનું નામ લેઇને પછી તેમના પતીનું નામ લે છે. તેથી શું ફળ થતું હશે તે કૃપા કરીને કહો.

વ્યાસજી—જે જીવ માયામાંજ આશકત છે; અને માયામાં ને માયામાં દેહો ધારણ કરનારો છે, તેજ પ્રથમ સ્ત્રી ને પછી તેના પતિનું નામ લે છે. જુઓ ભાઈ શ્રી એટલે માયા, લક્ષ્મી એટલે પણ માયા અને જે સ્ત્રી છે તેજ માયા છે ને માયા તેજ સ્ત્રી છે તેથી જે જીવ પ્રથમ સ્ત્રીનું નામ લે છે. તે જીવ વારમવાર માયાની કાયામાં જન્મ લે છે. ને તેને વારમવાર માયા પ્રાપ્ત થાય છે. અને જે માયારૂપી સ્ત્રી તેને પ્રથમ યાદ નહી લાવતાં તેના પતિનું નામ પ્રથમ લે છે તેને તેની પ્રાપ્તી થાય છે. કેમકે જે જેને સમરે તે તેને પામે એવું ગીતાજીના ૮ મા અધ્યાયના ૬ ઠા સ્લોકમાં કહ્યું છે, તે જુઓ અને એમ સમજો કે જે જેને સમરશે તે તેને પામશે. માટે પ્રથમ માયાને સમરશે તે માયાને પામશે. એજ તમારા પ્રશ્નનો ઉત્તર છે. અખન્ડાનંદકી જય.

શંકા ૫૩ મી.

મનથી મોક્ષ ને મનથી બંધન વિશે.

ગામ વડસોડાના નીવાશી, મોક્ષમારગી જાની છોટાલાલ બેહેચરભાઇએ માહારાજશ્રીને નમન કરી એવો પ્રશ્ણ કર્યો કે હે માહારાજ કોઈ ગ્રન્થને વિશે એમ કહ્યું છે કે મન એવ મનુષ્યાનામ કારણં બંધન મોક્ષયો એટલે મન વડે બંધન અને મન વડે મોક્ષ માનવાનો છે. અર્થાત મનથી બંધન છું એમ માને તે બંધનમાંજ રેહે છે ને મનથી મોક્ષ માને તે મોક્ષ રૂપજ થાય છે માટે બંધન અને મોક્ષ તે મનથી માનવાપણું છે. નીકર આત્મા તો નીત્ય મુકત અને મોક્ષરૂપજ છે. એમ ઘણાક વિદ્વાનોના કહેવાથી માહારા જાણવામાં છે. તે ખરૂં છે કે ખોટું છે ?

વ્યાસજી—અરે ભાઈ આપણ તો આપણા મનથી ચક્રવર્તિ રાજા છું એમ માનીએ પણ બીજા કોઈ માને નાંહે. વળી રાબોડીના લાડુને ચુરમાનો લાડુ માનીએ પણ તેનો અનુભવ કરીએ એટલે ખાઈ જોઇએ તો ચુરમાનો સ્વાદ આવે નહી. પછી જેને સુમતથી બોલવું હોય તેમ બોલે તેમાં કોઈ ના કેહેતું નથી. વળી જે આત્માને નિત્ય મુકત કેહે છે તે કેવળ અજ્ઞાન છે. આત્મા નીત્ય મુકત નથી. પરમાત્મા તો નીત્ય મુકત છે. પણ આત્માને મુકત થવા, વૈરાગની જરૂર છે. વળી આત્માને મોક્ષરૂપ કેહે છે અથવા માને છે, તે પણ અજ્ઞાન છે. આત્મા મોક્ષરૂપ નથી. પરમાત્મા મોક્ષરૂપ છે. તે મોક્ષરૂપ પરમાત્માને પ્રાપ્ત કરવા જ્ઞાન મેળવવાની જરૂર છે. છતાં કળીયુગના પ્રવેશેલા અને અજ્ઞાનનો ભંડાર એવા અજ્ઞાની જીવો આત્માને નીત્ય મુકત ને મોક્ષરૂપ માને છે. એવું માનનારાઓને ઇશ્વરનો ભય જરાપણ રહેતો નથી. ને જેમ ફાવે તેમ કરવાની છુટ મેળવવા આત્માને નીત્ય મુકત ને મોક્ષરૂપ માની બેઠા છે. હવે તમારા પ્રશ્ણનો ઉત્તર સાંભળો. જુઓ ભાઇ કોઈ ગ્રંથમાં મન વડે મોક્ષ ને મન વડે બંધન, એવું જે કહ્યું છે તે એવા હેતુથી કહ્યું છે કે, મનવડે કુમારગે ચડે તે બંધન થાય. અને મનવડે શુભ મારગે ચડે તેને મોક્ષ મળે. તેને બદલે કુકર્મના કરનારા વિદ્વાનોએ વ્યાકરણો વિભકતીયો ને ધાતુઓ વળગાડી વળગાડીને મ્હોટા પુરૂશના કેહેવાનો ભાવાર્થ એટલે હેતુ સમજયા વિના ઉંધા ઉંધા અર્થો કરી ઘણાક જીવોને ઉંધે મારગે દોરે છે તેવા વિદ્વાનોને ધીક્કાર છે. અખન્ડાનંદજી જે.

શંકા ૫૪ મી.

લક્ષ ચોરાશી નથી તે વિશે.

અમદાવાદમાં, માહારાજશ્રીના સગા ભત્રીજા શામલાલ પુરશોતમે, એવો પ્રશ્ણ કર્યો કે હે પીતાજી ઘણા લોકો એમ કેહે છે કે લક્ષચોરાશી અવતાર આવે

છે, એટલે પશુના પક્ષીના કીટ પતંગ વિગેરેના અવતારો વારાફરતી સહુના આવે છે. એવું કેહેનારનું કહેવું અમને અસંભવીત અને જુઠું લાગે છે. કેમકે ઘઉં હોય છે તે ઘઉંજ થાય છે. ને બાજરી હોય છે તે બાજરીજ થાય છે. એવું પ્રત્યક્ષ પ્રમાણથી જોવામાં આવે છે માટે એમ લાગે છે કે મનુષ્ય તે મનુષ્ય, પશુ તે પશુ અને કીટ પતંગ તે કીટ પતંગજ થતાં હશે એમ અમને નિશ્ચે ભાસે છે. તેમાં આપનો નિશ્ચે શું છે, તે કહો !

વ્યાસજી—ભાઇ ધ્યાન દઇને સાંભળો અને સાંભળતાં સાંભળતાં બીજા વિચારો ન કરતાં એકજ લક્ષ રાખીને ઝીણી બુદ્ધિવડે વિચારતા જાઓ તો તમારાથી સમજાશે. કેમકે ઘણાક મતીઆ મનુષ્યો જીત મેળવવા સારૂ વિવાદ કરવા આવે છે ને પ્રશ્ન પુછે છે, તે પછી પ્રશ્નનો ઉતર થાય તેમાં લક્ષ રાખતા નથી ને બીજા તર્ક કુતર્કના વિચારો કરે છે. ને પ્રશ્નનો ઉતર સાંભળવામાં ધ્યાન રાખતા નથી. તેથી તેના મનનું સમાધાન થતું નથી. કારણ કે ઉત્તર સાંભળતાં તે બીજા બીજા વિચારો કરે જાય છે. કેવા કે આ પછી આ પ્રશ્ન કરવો ને એ પ્રશ્ન પછી આ પ્રશ્ન કરવો. એવા ને એવા વિચારમાં કરેલા પ્રશ્નના ઉત્તરમાં તેનો લક્ષ રહેતો નથી. તેથી તેના મનનું સમાધાન થતું નથી. માટે તમે તેમ કરશો નહિં; ને જે પ્રશ્ન છે તેનાજ ઉતરમાં લક્ષ દઇને સાંભળજો. હવે જે તમારો પ્રશ્ન છે, તેનો ઉત્તર સાંભળો. જુઓ પ્રથમથીજ પશુ પક્ષી ઈશ્વર કૃત હોય તો તે જીવોએ પ્રથમથી શાં કુકર્મ કરેલાં કે તે જીવોને પશુ પક્ષી કર્યાં. અને કુકર્મ કર્યા વિના પશુપક્ષીના જન્મ આપ્યા એમ માનીએ તો ઇશ્વરને શમ વિશમ ભાવનો દોષ લાગે. કેમકે તે જીવોને વિના અપરાધે દેહ આપ્યા, તેથી તે બીચારાં પરતંત્ર પણે મનુષ્યોના માર ખાય ને મનુષ્ય જેટલી મજુરી કરાવે તેટલી મજુરી કરે. જેવાં કે બળદ ઘોડાં ગધેડાં વિગેરે મહા દુઃખ ભોગવે છે તેવાં તેમણે પ્રથમમાં શા પાપ કરેલાં ને મનુષ્યે પ્રથમમાં શા પુન્ય કરેલાં ? આ વાત વિચાર કરવા યોગ્ય છે. જુઓ કે ઇશ્વર એવો અન્યાઈ નથી કે કોઈ જીવને વિના અપરાધે દુઃખમાં નાંખે. જુઓ કોઇ રાજા હોય છે, તે પણ કોઇને વિના અપરાધે શિક્ષા કરતા નથી, તો શું ઈશ્વર વિના અપરાધે કોઇ જીવને શિક્ષા કરે તે સંભવતું નથી. વળી પશુ જન્મમાં પશુથી પોતાના ધર્મ રહિત કાંઈ પણ અપરાધ થતો નથી. છતાં વિના અપરાધે તે જીવને વારમવાર પશુ જન્મ આપે તે સંભવતું નથી. અને મનુષ્યાવતારમાંજ માયાના લોભે પોતાના ધર્મ રહીત કર્મ થાય છે. તેથી તેને દુઃખરૂપ બીજા દેહો ભોગવવા પડે છે, એ વાત સંભવે છે. વળી તમોએ એવું દ્રષ્ટાન્ત આપ્યું કે જે ઘઉં તે ઘઉંજ થાય છે. એટલે જે ઘઉં વાવીએ તે ઘઉં થાય છે. એ તમારૂ સમજવું ભુલ ભરેલું છે. જુઓ કે જે ઘઉં વાવીએ તેજ ઘઉં થતો નથી, તે ઘઉંના બીજા ઘઉં થાય છે. જેમ કોઈ મનુષથી બીજા દશ મનુષ થાય છે પણ તે પોતે થતો નથી. જેમ એક પિતાથી દશ પુત્રો થાય છે, પણ તે પીતાજ પોતે પુત્ર થતો નથી. તેમ જે દાણો વાવ્યો તે દાણો અથવા તે દાણામાંનો અંકુર તેતો ઉગતે સમે ફાટીને વેરા થઈ જાય છે, તેથી તેજ દાણો તેના વ્રક્ષ ઉપર દાણો થતો નથી તેમ જે મનુષ તેજ પોતે મનુષ થાય છે તે સંભવતું નથી.

કેમકે બાપ પોતે કાયમ હોય છે ને તેના બીજા દશ દીકરા થાય છે. પણ બાપ પોતેજ દીકરો બની જતો નથી એતો પોતાનાં જેવાં કર્મ તેવા દેહોને વિશે જન્મ ધરે છે. એજ તમારા પ્રષ્ણનો ઉત્તર છે. અખન્ડાનંદકી જે.

શંકા ૫૫ મી.

બ્રાહ્મણનાં શુકન વિશે.

ખેડા જીલ્લે ગામ સારસાના મોક્ષમારગી શુકલજી મોતીરામે મોક્ષમારગી સાધુ પુરણદાસ કાશીરામના પુછાવાથી એવો પ્રષ્ણ કર્યો કે હે માહારાજ આ દેશમાં કોઈ માણસ શુભ કામે જતું હોય તો ગાયના શુકન, કુંઆરકાના શુકન, માળીના શુકન લે છે તેતો ઠીક છે. તેમ વિષ્ટાનો ટોપલો લેઈ નીચ જાત જતું હોય તો તેનાએ શુકન લે છે. પણ બ્રાહ્મણના શુકન લેતા નથી તેનું કારણ શું ?

વ્યાસજી—જુઓ ભાઇ સુધ્ય બ્રાહ્મણ છે તે સાક્ષાત ભગવાનનું સ્વરૂપ છે. તેના શુકન લેતાં ખમચાય તે કેવળ નીરભાગી છે પણ ઘણે ઠેકાણે કેહેવાતા બ્રાહ્મણના શુકન લેવા યોગ્ય હોતા નથી કેમકે કેટલાક બ્રાહ્મણીના પુત્ર હોય છે ને કેટલાક આ નીચેના શ્લોકમાં કહેલાં કર્મના કરનાર હોય છે તેના શુકનનું પરીણામ માઠું આવે છે તે શ્લોક જુઓ.

શ્લોક.

अग्नी जिवी ऋषि जिवि देवलो ग्राम याचक ।
धावक पाचक स्यैव षडेते शुद्र वद्वीजाः ॥

આ શ્લોકમાં કહ્યા તેવાના શુકન ઘણાક લેતા નથી. તેમ તેવાના શુકન લેવા યોગ્ય નથી કેમકે તેમનામાંની'દા હત્યા ને મલચંતા હોય છે માટે તેવાના શુકન લેવાની ના છે. તેથી તેવાના શુકન લેવાતા નથી. પણ સુધ્ય બ્રાહ્મણના શુકન લેતા નથી તે અજ્ઞાન છે. એજ તમારા પ્રષ્ણનો ઉત્તર છે, હવે અમો કહીએ તે સાંભળો. અરે બંધુઓ આવાં આવાં પ્રષ્ણોમાં આપણું કાંઈ પણ હિત સમાયું નથી. માટે આ પુસ્તકોમાંજ જે જે પ્રષ્ણો છે તેમાં કેટલાંક કલ્યાણકારી છે ને કેટલાક પારકા ઇતીહાસો જાણવા જેવાં છે તે ઇતીહાસોનાં પ્રષ્ણો પુછવાં તે અજ્ઞાન છે. કેમકે તેવા ઇતીહાસીક પ્રષ્ણો આપણને કાંઈજ ગુણ કરતા નથી. તેમ તેવી ઇતીહાસીક પારકી વાતો સાંભળવા પ્રેમ રાખવો તે પણ ઠીક નથી. પ્રષ્ણ તો એવાં કરવાં કે જેથી આપણને આપણા આત્માનું ભાન આવે તે પછી એવાં પ્રષ્ણો કરવાં કે પરમાત્માનું ભાન આવે.

જીજ્ઞાસુ—એ કેવી રીતનાં પ્રષ્ણો કરવાં તે કૃપા કરીને કહો.

વ્યાસજી—જુઓ ભાઈ મોહોટા માહાત્મા થઈ બેઠા હોય, કે મોહોટા ધર્માચાર્ય થઈ બેઠા હોય કે સંત સાધુ થઈ બેઠા હોય કે મોહોટા ભગત થઇ બેઠા હોય ને સારા સારા સજ્જનો પાસે દ્રવ્યસેવા અંગસેવા કરાવતા હોય, તેવા ધર્મના નાં-

મના ઢાંગીયોની પાસે જઈ નમન કરીને પ્રથમ એવો પ્રષ્ણ કરવો કે હે કૃપાનીધી જે હું કાન વડે શબ્દો સાંભળી વિચારીને મોઢેથી જવાબ આપું છું તે હું કોણ છું ને હું શી વસ્તુ હઇશ ને આ શરીરમાં હું કેઇ જગામાં છું કેવડો છું ને કેવો છું. આવા પ્રષ્ણનો ઉત્તર લેવાથી ગુરૂના જ્ઞાનનું ને પોતાને પોતાના સ્વરૂપનું ભાન થાય છે. એટલે આત્મજ્ઞાન થાય છે, બીજુ એવું પ્રષ્ણ કરવું કે આ સર્વ જગત પરમાત્મા પરમાત્મા કેહે છે. તે પરમાત્મા પુર્વમાં પશ્ચીમમાં ઉત્તરમાં દક્ષીણમાં કે નૈરૂત્ય વાવ્ય ઇશાન કે અગ્ની ખુણમાં હશે ? ને તે કેવડા ને કેવા હશે, તે પુર્ણ હશે કે અપુર્ણ હશે. અને તે કેટલા હશે ? એવાં એવાં પ્રષ્ણો કરવાં તેવા પ્રષ્ણો કરવાથી ગુરૂમાં પરમેશ્વર સબંધી કેટલું જ્ઞાન છે તે સમજાય છે ને આપણને પરમાત્માના સ્વરૂપનું ભાન થાય છે. ત્રીજુ પ્રષ્ણ એવું કરવું કે હું આત્મા અને જે પરમાત્મા તે સ્વજાતી હઈશું કે વિજાતી હઈશું ? વળી તે પરમાત્માના પદને શું કરવાથી પમાય એવાં એવાં પ્રષ્ણો કરીને આત્મ જ્ઞાન ને પરમાત્મ જ્ઞાન પ્રાપ્ત કરવાનાં પ્રષ્ણો પુછવાં તે પુછવાથી તેમાં આપણું હિત સમાયું છે.

જીજ્ઞાસુ—માહારાજ હાલના ધર્માચાર્ય ઉપદેશકો એવા પ્રષ્ણના ઉત્તર; શંકા રહીત આપી શકતા નથી, ને તે ઉપદેશકો તો એવો ઉપદેશ કરે છે કે જુઠું બોલવું નહિ, ચોરી કરવી નહી કાંઇ પણ કુકર્મ કરવું નહી શુભ કર્મ કરવાં, નાહાવું ધોવું દેવદરશણ કરવાં તીર્થયાત્રાએ જવું પુન્યદાન કરવાં ઇશ્વરનું નામ સ્મર્ણ કરવું, વળી સ્ત્રી પુરૂષનો શું ધર્મ છે પીતા પુત્રનો શું ધર્મ છે. રઈયત રાજાનો શું ધર્મ છે. વિધવાના શું ધર્મ છે એવો તેવો ઉપદેશ કરે છે. પણ આત્મા કેવો છે પરમાત્મા કેવો છે. આત્મા કયાં છે પરમાત્મા કયાં છે, એવો તો ઉપદેશ કરતાજ નથી. જો આપે કહ્યાં તેવાં પ્રષ્ણો પુછીએ તો તેનો નીરસંશઇ ઉત્તર આપતાં નથી, છતાં વિશેશ કેડો લેઇને પુછીએ છીએ તો ક્રોધે ભરાઇને એમ કેહે છે કે તું મુર્ખ છે. કશુ સમજતો નથી ને માંથુ જીક જીક કરે છે, એમ કહી તરછોડી કાહાડે છે.

વ્યાસજી—જુઓ ભાઈ જુઠુ બોલવું નહી ચોરી કરવી નહી. એવી એવી શીખામણ દે છે તેતો માતાપીતા સગાં સહોદર મેહેતાજી પડોશીઓ વીગેરે ઘણાએ માણસો શીખામણ દે છે; તેમાં ઉપદેશ આપ્યો ગણાય નહી. વળી પીતા પુત્રનો રાજા રઈયતનો વિધવા સ્ત્રીનો શું ધર્મ છે એતો હાલ પ્રત્યક્ષ ચાલતો વહિવટ દેખાય છે. તેમ વડીલો તે સબંધી વાતો કરે છે. તેથી તેમાં પણ ઉપદેશ આપ્યો ગણાય નહી; કેમકે દેશ અને ઉપદેશ તે બેઉ જુદા છે. અક્ષર બ્રહ્મ સુધી માયાનું બંધારણ છે ત્યાં સુધી આપણો દેશ કેહેવાય અને માયાથી રહિત જયાં માયાતીતનું અધીષ્ઠાન છે તેને ઉપદેશ કહેવાય. જે આપણું રહેવાનું વતન તેને દેશ કહેવાય છે, ને આપણાથી દુર ગામો હોય તેને પરદેશ કહેવાય છે; તેમ આ માયાનું જયાં સુધી અધીષ્ઠાન છે ત્યાં સુધી દેશ કહેવાય અને માયાથી પર તેને ઉપદેશ કહેવાય. તેથી માયાપરનો જે ઉપદેશ છે તેતો કહી બતાવતા નથી, તો તેને ઉપદેશ કહેવાય નહીં. જો તેણે તે દેશ જોઇને કે જાણીને અનુભવ્યો હોય

તોજ તે દેશની વાત નિશાનીઓ સાથે કહી બતાવે. જેમકે સેજસાજ કાને સાંભળીને પારીસ શહેરની વાત કરે કે પારીસ શહેર મહા મોહોટું છે ઘણું ધનવાન છે ઘણુ શોભાયમાન છે એમ કહે તેને એમ પુછવું જોઇએ કે પારીસમાં તળાવ છે? નદી છે? સમુદ્ર છે? કે સમુદ્રની ખાડી છે? ત્યાં રણ છે? ડુંગર છે? પાહાડ છે કે પરવત છે. એવી નીશાનીયો પુછીએ. તેની તે નીશાનીયો કહી આપે તોજ જાણવું કે આ અનુભવી જ્ઞાની છે. બાકી તો શ્રવણજ્ઞાની કે ગ્રન્થ જ્ઞાની છે. એ રીતે પરમેશ્વર સત્ચીદાનંદ પર્મપદ મોક્ષસ્થાનની નીશાનીયો બતાવી શકે તેનેજ ઉપદેશક જાણવો. કેમકે આદેશ કરતાં ઉપદેશ ન્યારો (જુદો છે) તેની નીશાનીયો આપે તોજ જાણવું કે તે દેશને અનુભવેલો છે. બાકી ઉપર છલ્લી વાતોના કરનારા ઘણાજ ડોળ કરનારા હોય છે તેમ હાલ કળીયુગના પ્રવાહે કરીને અજ્ઞાનીઓને એવું સુજયું છે કે ભવાયાને દીવસે દેખે તો તેના સામુએ જુએ નહીં અને તેનો તેજ ભવાયો રાત્રીએ વેશ ધારણ કરી આવે તે વખત તેના સામુ ને સામુ જોઇ રહે છે ને ઘણો મોહ પામે છે. ને સાબાશી આપે છે. એ રીતે હાલના અજ્ઞાની જીવો વેશને માને છે ને વેશની સામુ જુએ છે ને વેશનેજ મોહ પામે છે. અર્થાત અજ્ઞાની જીવો પોતાના દેશીને અને પોતાના જેવા વેશીને જાણતા નથી જોતા નથી ને તેનાપર મોહ પામતા નથી. તેમજ પરદેશીઓને ને વેશધારીને જુએ છે, માને છે ને તેનાપર મોહ પામે છે. એટલું બધું આજકાલ જગતમાં અજ્ઞાન છવાઈ ગયું છે. માટે સરવે બંધુએ ખરી ખોળ કરીને જ્ઞાનનું અને જ્ઞાનીનું શોધન કરી લેવું. શાન્તી-શાન્તી-શાન્તી. એ રીતે માહારાજનો બોધ થયા પછી સર્વે પુષ્પવ્રષ્ટિ કરીને અખન્ડાનંદની જય બોલ્યા.

આટલું થઈ રહ્યા પછી સાધુ, પુરણદાસ કાશીરામે ભરી સભામાં ઉભા થઈ ભાષણ કર્યું કે આ જગતમાં હાલ ઘણા ધર્માચાર્યો, માહાત્માઓ સંતો સાધુઓ ને વિદ્વાનો છે, પણ ન્યાય નિતી વિવેકને વ્યવહારમાં અનુસરતુ શંકાઓનું સમાધાન કોઈ પણ કરી આપતા નથી તે હું ખરી ખાતરીથી છાતી ઠોકીને કહુ છું. સરવે મોહોટાઈના ડોળ બતાવે છે, ને વિદ્વત્તાના શબ્દોની મારામારી કરી બતાવે છે, પણ કોઇ મનુષ તેમની આગળ જઈ પોતાને ઉત્પન્ન થએલી શંકાનું સમાધાન કરવા પ્રષ્ણ પુછે, તો તેને હશી કાઢે છે, ને તેની સાથે તેના અનુઆઇઓ હસવા લાગે છે. હાલ એવો તોફાનીનો ચરખો ચાલી રહયો છે, તેમાં ઘણાક બીચારા અજ્ઞાન લોકો ફસાઇ પડે છે. માટે સર્વ બંધુઓ એ; શંકાનું સમાધાન કરી શાન્ત પમાડે તેને સંત માનવા યોગ્ય છે. આત્માનું જ્ઞાન આપે તેને માહાત્મા માનવા યોષ્ય છે, ને પરમ બ્રહ્મનું જ્ઞાન આપે તેને પરબ્રહ્મષ્ઠિ માનવા યોગ્ય છે, એટલું ભાષણ કરી બેસી જવા આગના લીધી અખન્ડા નંદની જે.

સમાપ્ત.

જાહેર ખબર.

મુમુક્ષુ જનોને માટે
કેવળ જ્ઞાનમય પુસ્તકો નીચે પ્રમાણે.

ભાવાર્થ પ્રકાશ	પ્રણવ પટ
વિજ્ઞાન વલ્લભ	બ્રાહ્મણ શુદ્રનો સંવાદ
શંકા સમાધાન	ધર્મ ચાનક
ન્યાય વલ્લભ	ત્યાગ તારણ
બ્રહ્મવાદ ખંડન	જ્ઞાન ગોષ્ટી
વચન વલ્લભ	વય વિચાર
વલ્લભ પદમાળા	ત્યાગીના પત્રો

વળી—

માહારાજશ્રીના મોક્ષમારગી શિષ્ય

વ્યાસજી મગનલાલ ઉર્ફે આનંદરામ દયારામની

અનુભવાનંદ પદમાળા.

એ પુસ્તકો માહારાજશ્રીને ત્યાંથી પણ મળશે.